**૨૩–૨૪–૨૫ માન, માયા અને લોભ.** અહિં ઉદયસ્વામિત્વ પૂર્વવત્ કહેવું પરન્તુ માન અને માયાકષાય માર્ગણાએ નવ ગુણસ્થાનક હોય છે, અને લોભમાર્ગણાએ દશ ગુણસ્થાનક હોય છે તેમજ પોતાના સિવાય અન્ય ત્રણ કષાયની બાર પ્રકૃતિઓ વર્જવી જેમકે માનમાર્ગણાએ બાકીના ત્રણ કષાયના અનન્તાનુબન્ધ્યાદિ બાર ભેદ અને જિનનામ–એ તેર પ્રકૃતિ સિવાય **ઓઘે ૧૦૯** પ્રકૃતિઓ ઉદયમાં હોય છે એવી રીતે બીજા કષાયો માટે પણ સમજવું લોભમાર્ગણાએ **દશમા ગુણસ્થાનકે** ત્રણ વેદ ન્યૂન કરતા **૬૦** પ્રકૃતિઓ હોય

**૨૬–૨૭ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન.** અહિં ચોથાથી બારમા સુધી નવ ગુણસ્થાનક હોય છે સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ, અનન્તાનુબન્ધિ ચતુષ્ક, જિનનામ, મિથ્યાત્વ અને મિશ્ર એ સોળ પ્રકૃતિઓ વિના **ઓઘે ૧૦૬** પ્રકૃતિઓ, આહારકદ્વિક સિવાય **અવિરતિગુણસ્થાનકે ૧૦૪** અને **દેશવિરતિ** આદિ ગુણસ્થાનકે સામાન્ય ઉદયાધિકાર પ્રમાણે ૮૭–૮૧–૭૬–૬૯–૬૦–૫૯ અને **૫૭ કે ૫૫** નું ઉદયસ્વામિત્વ જાણવું.

**૨૮ અવધિજ્ઞાન** ઉપર પ્રમાણે ઉદયસ્વામિત્વ જાણવું પરંતુ એટલો વિશેષ છે કે પૂર્વોક્ત સોળ પ્રકૃતિ અને તિર્યંચાનુપૂર્વી સિવાય **ઓઘે ૧૦૫** પ્રકૃતિઓ હોય છે[1] પ્રજ્ઞાપના સૂત્રની ટીકાનુસારે અવધિજ્ઞાનીને તિર્યંચાનુપૂર્વીનો ઉદય ન હોય તેમ જણાય છે આહારકદ્વિક વિના **અવિરતિ** સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે **૧૦૩** પ્રકૃતિઓ ઉદયમા હોય બાકીના ગુણસ્થાનકે મતિજ્ઞાનીની પેઠે જાણવું અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન સહિત વક્રગતિએ તિર્યંચ-

**પ્રમત્તથી** આરંભી ચાર ગુણસ્થાનકો હોય છે ત્યાં સામાન્યે ૮૧-૭૬-૭૨ અને ૬૬ પ્રકૃતિઓનું ઉદયસ્વામિત્વ જાણવું

**પરિહારવિશુદ્ધિ** અહી છઠ્ઠું અને સાતમુ એ બે ગુણસ્થાનક હોય છે ત્યાં પૂર્વોક્ત ૮૧ પ્રકૃતિઓમાંથી આહારકદ્વિક, સ્ત્રીવેદ, પ્રથમસંહનન સિવાય બાકીના પાચ સંહનન-એ આઠ પ્રકૃતિઓ વિના **ઓઘે** અને **પ્રમત્તે** ૭૩ પ્રકૃતિઓ હોય છે પરિહારવિશુદ્ધિચારિત્રવાળા ચતુર્દશપૂર્વધર ન હોય, તેમજ સ્ત્રીને પરિહારવિશુદ્ધિ ચારિત્ર ન હોય અને વજ્રઋષભનારાચસંઘયણ વાળાને જ પરિહારવિશુદ્ધિ ચારિત્ર હોય માટે અહી પૂર્વોક્ત આઠ પ્રકૃતિઓના ઉદયનો નિષેધ કર્યો છે. સ્ત્યાનર્દ્ધિત્રિક સિવાય **અપ્રમત્ત** ગુણસ્થાનકે ૭૦ પ્રકૃતિઓ ઉદયમા હોય.

૩૭ **સૂક્ષ્મસંપરાય** અહિં એક દશમુ સૂક્ષ્મસપરાય ગુણસ્થાનક હોય છે ત્યાં ઓઘે-સામાન્યે ૬૦ પ્રકૃતિઓનો ઉદય જાણવો

૩૮ **યથાખ્યાત** અહિં છેલ્લા ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ એ ચાર ગુણસ્થાનક હોય છે ત્યા જિનનામ સહિત **ઓઘે** ૬૦, જિનનામ વિના **ઉપશાન્તમોહે** ૫૯, ઋષભનારાચ અને નારાચ-એ બે સઘયણ સિવાય **ક્ષીણમોહ**ના દ્વિચરમ સમયે ૫૭ નિદ્રાદ્વિક વિના **છેલ્લા સમયે** ૫૫, સયોગીકેવલીગુણસ્થાનકે ૪૨ અને **અયોગીકેવલી** ગુણસ્થાનકે ૧૨ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

૩૯ **દેશાવરતિ** અહિ પાંચમુ એક જ ગુણસ્થાનક હોય છે અને ત્યાં સામાન્ય ૮૭ પ્રકૃતિઓનો ઉદય જાણવો

૪૦ **અવિરતિ** આ માર્ગણાએ પ્રથમના ચાર ગુણસ્થાનક હોય છે ત્યાં જિનનામ અને આહારકદ્વિક એ ત્રણ પ્રકૃતિ સિવાય **ઓઘે ૧૧૯** સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિ વિના **મિથ્યાત્વે ૧૧૭**, સૂક્ષ્મત્રિક, આતપ મિથ્યાત્વ અને નરકાનુપૂર્વી એ છ પ્રકૃતિઓ વિના **સાસ્વાદને ૧૧૧**, અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવર, જાતિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક-એ બાર

પ્રકૃતિઓ બાદ કરતાં અને મિશ્રમોહનીય મેળવતા મિશ્રે ૧૦૦ પ્રકૃતિઓ હોય છે. ત્યાં આનુપૂર્વીચતુષ્ક અને સમ્યક્ત્વમોહનીય એ પાંચ પ્રકૃતિઓ મેળવતા અને મિશ્રમોહનીય બાદ કરતાં અવિરતિ ગુણસ્થાનકે ૧૦૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

૪૧ ચક્ષુદર્શન અહિં બાર ગુણસ્થાનક હોય છે એકેન્દ્રિયાદિજાતિત્રિક, સ્થાવરચતુષ્ક, જિનનામ, આતપ અને ૪ આનુપૂર્વી એ તેર પ્રકૃતિ વિના ઓઘે ૧૦૯, આહારકદ્વિક, સમ્યક્ત્વ અને મિશ્ર–એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વે ૧૦૫, મિથ્યાત્વ વિના સાસ્વાદને ૧૦૪, અનન્તાનુબન્ધિચતુષ્ક અને ચઉરિન્દ્રિયજાતિ–એ પાચ પ્રકૃતિ વિના અને મિશ્રમોહનીય સહિત કરતાં મિશ્રગુણસ્થાનકે ૧૦૦ મિશ્રમોહનીય બાદ કરતા અને સમ્યક્ત્વમોહનીયનો પ્રક્ષેપ કરતાં અવિરતિગુણસ્થાનકે ૧૦૦ અપ્રત્યાખ્યાનીય–૪ વૈક્રિયદ્વિક, દુર્ભગ અનાદેય, અયશ, દેવગતિ, દેવાયુષ, નરકગતિ અને નરકાયુષ–એ તેર પ્રકૃતિ વિના દેશવિરતિએ ૮૭ પ્રકૃતિઓ હોય. બાકીના ગુણસ્થાનો સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.

૪૨ અચક્ષુદર્શન આ માર્ગણાએ પણ બાર ગુણસ્થાનક હોય છે ત્યાં જિનનામ વિના ઓઘે ૧૨૧ આહારકદ્વિક, સમ્યક્ત્વ અને મિશ્ર–એ પ્રકૃતિ વિના મિથ્યાત્વે ૧૧૭ પ્રકૃતિઓ હોય બાકીના ગુણસ્થાનો અનુક્રમે ૧૧૧–૧૦૦–૧૦૪–૮૭–૮૧–૭૬–૭૨–૬૬–૬૦–૫૯ અને [illegible] પ્રમાણે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું

૪૩ અવધિદર્શન અહીં આચાર્યો [illegible]

૪૪ **કેવલદર્શન.** અહીં છેલ્લાં બે ગુણસ્થાનક હોય છે, **સયોગીએ** ૪૨ અને **અયોગીએ ૧૨** પ્રકૃતિઓનો અનુક્રમે ઉદય જાણવો.

૪૫ ૪૬ ૪૭ **કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા** અહીં પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ પ્રથમથી માંડીને ૭ ગુણસ્થાનક હોય છે ત્યાં જિનનામ વિના ઓઘે **૧૨૧** પ્રકૃતિઓ હોય. પરંતુ પ્રતિપદ્યમાનની અપેક્ષાએ પ્રથમનાં ચાર ગુણસ્થાનક હોય છે, તે અપેક્ષાએ આહારકદ્વિક વિના ઓઘે ૧૧૯ પ્રકૃતિઓ હોય અને **મિથ્યાત્વાદિ** ગુણસ્થાનકે અનુક્રમે **૧૧૭, ૧૧૧,** ૧૦૦, ૧૦૪, ૮૭ અને ૮૧ પ્રકૃતિઓનો ઉદય જાણવો

૪૮ **તેજોલેશ્યા** અહિ પ્રથમથી માડી અપ્રમત્ત સુધી સાત ગુણસ્થાનકો હોય છે ત્યા સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, નરકત્રિક, આતપનામ અને જિનનામ એ અગીયાર પ્રકૃતિ વિના **ઓઘે ૧૧૧,** આહારકદ્વિક, સમ્યકત્વ અને મિશ્રમોહનીય સિવાય **મિથ્યાત્વે** ૧૦૭, મિથ્યાત્વ વિના **સાસ્વાદને** ૧૦૬, અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવરનામ, એકેન્દ્રિય અને આનુપૂર્વીત્રિક—એ નવ પ્રકૃતિ સિવાય અને મિશ્રમોહનીય સહિત કરતા **મિશ્રગુણસ્થાનકે** ૯૮, આનુપૂર્વીત્રિક અને સમ્યકત્વમોહનીયનો પ્રક્ષેપ કરતાં અને મિશ્રમોહનીય બાદ કરતા **અવિરતિસમ્યગ્દષ્ટિ** ગુણસ્થાનકે **૧૦૧,** અપ્રત્યાખ્યાનીય-૪ આનુપૂર્વીત્રિક, વૈક્રિયદ્વિક, દેવગતિ, દેવાયુષ, દુર્ભગનામ, અનાદેય અને અયશ—એ ચૌદ પ્રકૃતિ વિના **દેશવિરતિએ** ૮૭, **પ્રમત્તે** ૮૧ અને **અપ્રમત્તે** ૭૬ પ્રકૃતિઓ હોય છે.

૪૯ **પદ્મલેશ્યા.** અહીં સાત ગુણસ્થાનકો હોય છે ત્યા સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, નરકત્રિક, જિનનામ અને આતપ એ તેર પ્રકૃતિ વિના **ઓઘે** ૧૦૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકના દેવોને પદ્મલેશ્યા હોય છે અને તેઓ મરીને એકેન્દ્રિયાદિમાં જતા નથી, તથા નરકમા તો પ્રથમની ત્રણ જ લેશ્યાઓ હોય છે, ઇ.ને જિનનામનો ઉદય શુક્લલેશ્યાવાળાને જ હોય છે માટે સ્થાવરચતુષ્કાદિ તેર પ્રકૃતિઓનુ વર્જન

મતે ઉપશમસમ્યગ્દષ્ટિ આયુષ પૂર્ણ થવાથી મરીને અનુત્તર સુર તરીકે ઉપ તે વખતે તેને અવિરતિગુણસ્થાનકે દેવાનુપૂર્વીનો ઉદય હોય, તે અપેક્ષાં **ઓઘે** અને **અવિરતિ** ગુણસ્થાનકે ૧૦૦ પ્રકૃતિઓ હોય અપ્રત્યાખ્યતીય દેવગતિ, દેવાનુપૂર્વી, દેવાયુષ, નરકગતિ, નરકાયુષ, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અન દેય અને અયશ–એ ચૌદ પ્રકૃતિ વિના **દેશવિરતિએ** ૮૬ પ્રકૃતિઓ હો તિર્યંચગતિ, તિર્યંચાયુષ, નીચગોત્ર, ઉદ્યોત અને પ્રત્યાખ્યાનીય-૪ એ આ પ્રકૃતિ વિના **પ્રમત્તે** ૭૮, સ્ત્યાનર્દ્ધિત્રિક વિના **અપ્રમત્તે ૭૫** અને છેલ્લાં ત્ર સઘયણ વિના **અપૂર્વકરણે** ૭૨ પ્રકૃતિઓ હોય છે. ત્યાર પછી આગળ ગુણસ્થાનકે અનુક્રમે ૬૬–૬૦–૫૯ પ્રકૃતિઓ ઉદયમા હોય

**૫૪ ક્ષાયિક.** અહીં ચોથાથી ચૌદમા સુધી અગીયાર ગુણસ્થા હોય ત્યાં જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, અનન્તાનુબન્ધિચતુષ્ક, **સમ્યક** મિશ્ર, મિથ્યાત્વ, આતપ, અને ઋષભનારાચાદિ **પાંચ સઘયણ** એ એક પ્રકૃતિ વિના **ઓઘે** ૧૦૧ આહારકદ્વિક અને જિનનામ–એ ત્રણ પ્રકૃતિ **અવિરતિએ** ૯૮, અપ્રત્યાખ્યાનીય-૪, વૈક્રિયાષ્ટક, નરાનુપૂર્વી, તિર્યંચા નીચગોત્ર, દુર્ભગ, અનાદેય, અયશ અને ઉદ્યોત–એ એકવીશ પ્રકૃતિ **દેશવિરતિએ** ૭૭ પ્રકૃતિ હોય ક્ષાયિકસમ્યદષ્ટિને પાચમા ગુણસ્થાનકે નીચગો ઉદય નથી, કારણકે પાચમા ગુણસ્થાકથી મનુષ્યને ઉચ્ચગોત્રનો ઉદય છે, અને તે ગુણસ્થાનકે વર્તતો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મનુષ્ય જ હોય છે અહી નીચગોત્રના ઉદયનુ વર્જન કર્યું યદ્યપિ ક્ષાયિકસમ્યગ્દષ્ટિને વજ્રઋ નારાચ સઘયણ સિવાય બીજા પાચ સઘયણના ઉદયનો નિષેધ કર્યો છે, પરન્તુ ભવિષ્યમા થનાર ક્ષાયિકસમ્યગ્દષ્ટિ દુપ્પસહ સૂરિને કયુ સંઘયણ માનવુ ? માટે આ વાત વિચારણીય છે. પ્રત્યાખ્યાનાવરણચતુષ્ક કાઢી આહા રકદ્વિક મેળવતા **પ્રમત્તગુણસ્થાનકે** ૭૫ પ્રકૃતિઓ હોય સ્ત્યાનર્દ્ધિત્રિક અને આહારકદ્વિક–એ પાચ પ્રકૃતિ વિના **અપ્રમત્તે** ૭૦, **અપૂર્વકરણે** ૭૦, હાસ્યાદિ ૭ પ્રકૃતિ વિના **અનિવૃત્તિ** ગુણસ્થાનકે ૬૪ વેદત્રિક અને સજ્વ લનત્રિક–એ ૭ પ્રકૃતિ વિના **સૂક્ષ્મસંપરાયે** ૫૮ સંજ્વલન લોભ વિના **ઉપશાન્તમોહે** ૫૬, **ક્ષીણમોહના** દ્વિચરમ સમય સુધી ૫૭ નિદ્રા અને

મિથ્યાત્વે ૯૦ સૂક્ષ્મ, અપર્યાપ્ત, મિથ્યાત્વ અને નરકત્રિક—એ છ પ્રકૃતિ સિવાય સાસ્વાદને ૮૪ પ્રકૃતિઓ હોય છે મિશ્રે કોઇ અનાનુપૂર્વી ન હોય અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવર અને જાતિચતુષ્ક—એ નવ પ્રકૃતિ વિના અને સમ્યક્ત્વમોહનીય અને નરકત્રિક—એ ચાર પ્રકૃતિઓ મેળવતાં અવિરતિએ ૭૯ પ્રકૃતિઓ હોય. વર્ણાદિચતુષ્ક, તૈજસ કાર્મણ, અગુરુલઘુ નિર્માણ સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, મનુષ્યગતિ પંચેન્દ્રિયજાતિ, જિનનામ ત્રસત્રિક, સુભગ આદેય, યશ, મનુષ્યાયુષ, વેદનીયદ્વિક અને ઉચ્ચગોત્ર—એ ૨૫ પ્રકૃતિઓ સયોગિએ કેવલિસમુદ્‌ઘાત કરતાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે ઉદયમાં હોય ત્રસત્રિક, મનુષ્યગતિ, મનુષ્યાયુષ, ઉચ્ચગોત્ર, જિનનામ સાતા કે અસાતામાંથી એક વેદનીય, સુભગ, આદેય, યશ અને પંચેન્દ્રિયજાતિ—એ ૧૨ પ્રકૃતિઓ અયોગીએ ઉદયમાં હોય અહીં સર્વત્ર ઉદયમાં ઉત્તરવૈક્રિયની વિવક્ષા કરી નથી સિદ્ધાન્તમાં પૃથિવી, અપ્ અને વનસ્પતિને સાસ્વાદન કહ્યું નથી, સાસ્વાદનીને મતિશ્રુતજ્ઞાની કહ્યા છે, વિભંગજ્ઞાનીને અવધિદર્શન કહ્યું છે અને વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્રે ઔદારિકમિશ્ર કહ્યું છે, પણ તે કર્મગ્રન્થમાં વિવક્ષિત નથી

## ઉદીરણાસ્વામિત્વ.

ઉદયસમયથી આરંભી એક આવલિકા સુધીના કાળને ઉદયાવલિકા કહે છે ઉદયાવલિકાપ્રવિષ્ટ કર્મપુદ્‌ગલને કોઈ પણ કરણ લાગુ પડતું નથી, ઉદયાવલિકાની બહાર રહેલા કર્મપુદ્‌ગલને ઉદયાવલિકાગત કર્મપુદ્‌ગલ સાથે [illegible] ભોગવવા તેને ઉદીરણા કહે છે [illegible] વતના કર્મનો ઉદય [illegible] તે [illegible] વતના કર્મની જ ઉદીરણા થાય છે, એટલે સામાન્ય રીતે [illegible] કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે, [illegible] પ્રકૃતિઓની ઉદીરણા [illegible] [illegible]

૧૦૦ પ્રકૃતિઓ હોય. અને અવિરત્યાદિગુણસ્થાનકે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવુ

૬૦ **અસંજ્ઞી.** અહીં પ્રથમના બે ગુણસ્થાનકો હોય છે ત્યાં વૈક્રિયાષ્ટક, જિનનામ, આહારકદ્વિક, સમ્યક્ત્વ, મિશ્ર, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ અને પુરુષવેદ-એ સોળ પ્રકૃતિ વિના **ઓઘે** અને **મિથ્યાત્વે ૧૦૬** પ્રકૃતિઓ હોય. તેમાથી સૂક્ષ્મત્રિક, આતપ, ઉદ્યોત, મનુષ્યત્રિક, મિથ્યાત્વ, પરાઘાત, ઉચ્છ્વાસ, સુસ્વર દુઃસ્વર, શુભવિહાયોગતિ અને અશુભવિહાયોગતિ-એ ૫ દર પ્રકૃતિ વિના **સાસ્વાદને ૯૧** પ્રકૃતિઓ હોય છે. સપ્તતિમા ઉદયસ્થાનકમાં અસંજ્ઞીને આશ્રયી ૭ સંઘયણ અને ૭ સંસ્થાનના ભાગા કર્યા છે તેથી તેને ૭ સંઘયણ અને ૭ સંસ્થાનની પ્રકૃતિઓ તેમજ સુભગ, આદેય અને શુભવિહાયોગતિનો ઉદય પણ હોય છે

૬૧ **આહારી.** અહીં તેર ગુણસ્થાનક હોય આનુપૂર્વીચતુષ્ક વિના ઓઘે ૧૧૮. આહારકદ્વિક, જિનનામ, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય-એ પાચ પ્રકૃતિ વિના **મિથ્યાત્વે ૧૧૩** સૂક્ષ્મત્રિક, આતપ અને મિથ્યાત્વ-એ પાંચ પ્રકૃતિ સિવાય **સાસ્વાદને ૧૦૮**, તેમાથી અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવર નામ અને જાતિચતુષ્ક-એ નવ પ્રકૃતિ બાદ કરતા અને મિશ્રમોહનીય મેળવતાં **મિશ્રગુણસ્થાનકે ૧૦૦**, તેમાથી મિશ્રમોહનીય કાઢી સમ્યક્ત્વ-મોહનીયનો પ્રક્ષેપ કરતાં **અવિરતિગુણસ્થાનકે ૧૦૦**, અપ્રત્યાખ્યાનીય-૪ વૈક્રિયદ્વિક, દેવગતિ, દેવાયુષ, નરકગતિ, નરકાયુષ, દુર્ભગ, અનાદેય અને અયશ-એ તેર પ્રકૃતિ વિના **દેશવિરતિએ** ૮૭ પ્રકૃતિઓ હોય આગળના ગુણસ્થાનકે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું

૬૨ **અણાહારી** આ માર્ગણાએ ૧-૨-૪-૧૩ અને ૧૪મુ-એ પાચ ગુણસ્થાનક હોય છે ત્યા ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક, **આહારકદ્વિક** સહનન ૬ સંસ્થાન ૬ વિહાયોગતિદ્વિક, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રત્યેક, સાધારણ, સુસ્વર, દુઃસ્વર, અને મિશ્રમોહનીય એ ૩૦ પ્રકૃતિ વિના **ઓઘે ૯૨**, જિનનામ અને સમ્યક્ત્વમોહનીય-એ બે પ્રકૃતિ વિના

મિથ્યાત્વે ૯૦ સૂક્ષ્મ, અપર્યાપ્ત, મિથ્યાત્વ અને નરકત્રિક—એ ૭ પ્રકૃતિ સિવાય **સાસ્વાદને ૮૪** પ્રકૃતિઓ હોય છે **મિશ્રે** કોઇ અનાહારક ન હોય અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવર અને જાતિચતુષ્ક—એ નવ પ્રકૃતિ વિના અને સમ્યક્ત્વમોહનીય અને નરકત્રિક—એ ચાર પ્રકૃતિઓ મેળવતા અવિરતિએ ૭૯ પ્રકૃતિઓ હોય વર્ણાદિચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, મનુષ્યગતિ પંચેન્દ્રિયજાતિ, જિનનામ ત્રસત્રિક, સુભગ, આદેય, યશ, મનુષ્યાયુષ, વેદનીયદ્વિક અને ઉચ્ચગોત્ર—એ ૨૫ પ્રકૃતિઓ સયોગિએ કેવલિસમુદ્ઘાત કરતા ત્રીજા, ચોથા અને પાંચમા સમયે ઉદયમાં હોય ત્રસત્રિક, મનુષ્યગતિ, મનુષ્યાયુષ, ઉચ્ચગોત્ર, જિનનામ સાતા કે અસાતામાંથી એક વેદનીય, સુભગ, આદેય, યશ અને પંચેન્દ્રિયજાતિ—એ ૧૨ પ્રકૃતિઓ અયોગીએ ઉદયમા હોય અહીં સર્વત્ર ઉદયમાં ઉત્તરવૈક્રિયની વિવક્ષા કરી નથી સિદ્ધાન્તમા પૃથિવી, અપ્ અને વનસ્પતિને સાસ્વાદન કહ્યું નથી, સાસ્વાદનીને મતિશ્રુતજ્ઞાની કહ્યા છે, વિભંગજ્ઞાનીને અવધિદર્શન કહ્યું છે અને વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્રે ઔદારિકમિશ્ર કહ્યુ છે, પણ તે કર્મગ્રન્થમાં વિવક્ષિત નથી

## ઉદીરણાસ્વામિત્વ.

ઉદયસમયથી આરંભી એક આવલિકા સુધીના કાળને ઉદયાવલિકા કહે છે ઉદયાવલિકાપ્રવિષ્ટ કર્મપુદ્ગલને કોઈ પણ કરણ લાગુ પડતું નથી, ઉદયાવલિકાની બહાર રહેલા કર્મપુદ્ગલને ઉદયાવલિકાગત કર્મપુદ્ગલ સાથે ભોગવવા તેને ઉદીરણા કહે છે જે કાળના કર્મનો ઉદય [illegible] તે કાળના કર્મની જ ઉદીરણા થાય છે, એટલે સામાન્ય રીતે જે [illegible] જેટલી કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે, [illegible] પ્રકૃતિઓના ઉદીરણા [illegible] [illegible]

બાંધેલુ કર્મ કોઇપણ ફેરફાર થયા સિવાય અવશ્ય ભોગવવું પડે છે. આ બધે ફેરફારો આત્માના શુભાશુભ પરિણામને લીધે કર્મની ઉદિત અને અનુદિત અવસ્થામાં થાય છે બળવાન આત્મા પુરુષાર્થથી કર્મના નિમિત્તથી છૂટી જાય છે. અને નિર્બળ આત્મા કર્મથી બંધાઇ કર્મની પરંપરા ઉત્પન્ન કરે છે. જેમ કોઇ આત્મા લોભ મોહનીયના ઉદયથી ધનાદિ પદાર્થ ઉપર લુબ્ધ વૃત્તિથી મમત્વ ભાવ ધારણ કરે, પરંતુ તે આત્મા શુદ્ધ પરિણામથી લુબ્ધવૃત્તિનો ત્યાગ કરી ધનાદિ પદાર્થ ઉપર પોતાનો મમત્વ ભાવ છોડી દે ત્યારે તે કર્મ ઉદિત થઇ ખલાસ થઇ જાય અને તેથી નવીન દ્રવ્ય કર્મ ન બંધાય જ્ઞાની અને અજ્ઞાની આત્મામાં એટલો તફાવત છે કે જ્ઞાની ઉદિત કર્મના નિમિત્તને આધીન થવાની નવી ભૂલ કરતા નથી. સોનીએ મેતાર્યમુનિને સુવર્ણ જવના ચોર ગણી વાધરથી વીંટી તડકે રાખી ક્રોધનુ નિમિત્ત મેળવી આપ્યુ પરંતુ મેતાર્યમુનિએ સમભાવ રાખી કર્મ પરિણામને સમજી સોનીને નિર્દોષ જાણી ક્રોધના નિમિત્તને આધીન ન થતા તે કર્મને નિષ્ફળ કર્યું અને નવી ભૂલ ન કરી. કદાચ અનુભાગના બાહુલ્યથી તેવી ભૂલ કરે તો પણ જ્ઞાની પોતાની ભૂલને સુધારી લે છે પ્રસન્નચદ્ર રાજર્ષિની જેમ. પરંતુ અજ્ઞાની આત્મા કર્મ પરિણામને આધીન થઇ રાગ દ્વેષથી નવીન કર્મ ગ્રહણ કરવા રૂપ પોતાની ભૂલને સુધારી શકતા નથી.

# षडशीति चतुर्थ कर्मग्रंथ

નમિઅ-નમીને
જિણં-જિનેશ્વરને
જિઅ-જીવસ્થાનક
મગ્ગણ-માર્ગણા
ગુણઠાણ-ગુણઠાણા.
ઉવઓગ-ઉપયોગ
જોગ-યોગ
લેસાઓ-લેશ્યા
બંધ-બંધ
અપ્પબહુ-અલ્પબહુત્વ
ભાવે-ભાવ
સંખિજ્જાઇ-સંખ્યાતાદિ
કિમવિ-કાંઈક
વુચ્છં-કહીશ

## મંગળ અને અભિધેય

નમિઅ જિણં જિઅ મગ્ગણ—જિનેશ્વરને નમીને (૧) જીવસ્થાનક (જીવના ૧૪ ભેદ) (૨) ગત્યાદિ ૬૨ માર્ગણા

ગુણઠાણુવઓગ જોગલેસાઓ—(૩) ૧૪ ગુણઠાણા (૪) ૧૨ ઉપયોગ (૫) ૧૫ યોગ (૬) ૬ લેશ્યા.

બંધપ્પબહુ ભાવે—(૭) બંધ (૮) અલ્પ બહુત્વ (૯) ભાવ (ઉપશમાદિ ૫).

સંખિજ્જાઈ કિમવિ વુચ્છં. ૧—(૧૦) સંખ્યાતાદિ. કાંઈક કહીશ

[illegible] | જિઅઠાણ[illegible] | લેસા-[illegible]
[illegible] | [illegible] | બંધ-[illegible]
[illegible] | ગુણઠાણા-[illegible] | [illegible]
[illegible] | જોગ-[illegible] | [illegible]
| ઉવઓગા-[illegible] | સત્તા-[illegible]

પ્રક્ષેપ ૩ ગાથાનાં ૨૬ દ્વાર. ૧૪ જીવભેદને વિષે ૮ દ્વાર.

**નમિઅ જિણં વત્તવ્વા**—જિનેશ્વરને નમીને કહેવાં. (૮ દ્વાર)

**ચઉદસ જિઅઠાણએસુ ગુણઠાણા**—૧૪ જીવભેદને વિષે ગુણઠાણાં

**જોગુવઓગોલેસા**—યોગ. ઉપયોગ. લેશ્યા

**બંધુદઓદીરણા સત્તા ૧**—બંધ. ઉદય. ઉદીરણા સત્તા

જિનેશ્વરને નમીને ૧૪ જીવના ભેદોને વિષે ૧ ગુણઠાણું. ૨. યોગ ૩. ઉપયોગ. ૪. લેશ્યા. ૫. બંધ ૬. ઉદય ૭. ઉદીરણા. ૮ સત્તા એ ૮ દ્વાર કહેવાના છે.

જીવભેદ જાણ્યા વિના પછી જ ગુણઠાણાદિ જાણી શકાય માટે પ્રથમ જીવભેદ તે પછી જ ગુણઠાણાં. ગુણઠાણે રહેલા જીવો મન વચન કાયના વ્યાપાર રૂપ યોગે કરીને કર્મ બાંધે માટે તે પછી યોગ યોગે કરીને જીવના શુભાશુભ ઉપયોગ હોય માટે તે પછી ઉપયોગ. શુભાશુભ ઉપયોગે જ લેશ્યા પ્રવર્તે, માટે તે પછી લેશ્યા. અને તે લેશ્યાએ કરીને જીવ કર્મ બંધ કરે માટે તે પછી બંધ ઉદય ઉદીરણા અને સત્તા. એમ જીવભેદ ઉપર ૮ દ્વાર કહીશું.

તહ–તેમજ
મૂલ–મૂળ
ચઉદ મગ્ગણ–૧૪ માર્ગણા
ઠાણેસુ–સ્થાનોને વિષે
બાસટ્ઠી–બાસઠ

ઉત્તરેસુ–ઉત્તર ભેદને વિષે
જિઅ–જીવ સ્થાનક
ગુણ–ગુણસ્થાનક
જોગ–યોગ
ઉવયોગા–ઉપયોગ

લેસ–લેશ્યા
અપ્પબહું–અલ્પ બહુત્વ
ચ–અને
છઠ્ઠાણા–૬ સ્થાનક

અપજ્જત્તા પજ્જત્તા—એ ૭ અપર્યાપ્તા અને ૭ પર્યાપ્તા.
કમેણ ચઉદસ જિઅટ્ઠાણા ૨—અનુક્રમે ૧૪ (સંસારી) જીવના ભેદો છે.

| | | |
|---|---|---|
| બાયર—બાદર | સન્નિ—સંજ્ઞી | પજ્જે—પર્યાપ્તાને વિષે |
| અસન્નિ—અસંજ્ઞી | અપજ્જત્તે—અપર્યાપ્તાને વિષે | સવ્વ—સર્વ |
| વિગલે—વિકલેંદ્રિયને વિષે | અજય જુઅ—અવિરતિ યુક્ત | ગુણા—ગુણઠાણા |
| અપજ્જિ—અપર્યાપ્ત | સન્નિ—સંજ્ઞી | મિચ્છ—મિથ્યાત્વ |
| પઢમ બિઅ—પહેલું બીજું | | સેસેસુ—બાકીનાને વિષે |

## ૧૪ જીવભેદોને વિષે ગુણઠાણા

બાયર અસન્નિ વિગલે. અપજ્જિ પઢમ બિઅ—(સં. ૫.) અપર્યાપ્તા એવા બાદર એકેંદ્રિય અસંજ્ઞી અને વિકલેંદ્રિય (બેઇંદ્રિય તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય) ને વિષે પહેલું (મિથ્યાત્વ) અને બીજું (સાસ્વાદન) ગુણઠાણું હોય.

સન્નિ અપજ્જત્તે. અજયજુઅ—સંજ્ઞી અપર્યાપ્તાને વિષે અવિરતિ સહિત (મિથ્યાત્વ અને સાસ્વાદન સાથે) ૩ ગુણઠાણા હોય

સન્નિપજ્જે. સવ્વગુણા- સંજ્ઞી પર્યાપ્તાને વિષે સર્વ (૧૪) ગુણઠાણા હોય

મિચ્છ સેસેસુ—બાકીના (સૂક્ષ્મ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible]) ને વિષે મિથ્યાત્વ ગુણઠાણું હોય

**બંધાઇચઉ અપ્પાબહું**-બધાદિ-૪ (૬ બંધ ૭ ઉદય ૮ ઉદીરણા ૯ સત્તા) ૧૦ અલ્પ બહુત્વ

**ચ તો ભાવ સંખાઈ.** ૩.-તે પછી ૧૧ ભાવ અને ૧૨ સંખ્યાતાદિનો વિચાર (એમ ૩ પ્રક્ષેપ ગાથા વડે ૮+૬+૧૨=૨૬ દ્વાર કહીશું.)

માર્ગણાને વિષે રહેલા જીવો ગુણઠાણા વિના ન હોય તે માટે ગુણઠાણાની વિશુદ્ધ વર્તતા જીવો વિશુદ્ધ યોગે કરી વિશુદ્ધ ઉપયોગ પામે માટે ગુણઠાણાને વિષે પ્રથમ જીવભેદ પછી યોગ અને ઉપયોગ કહ્યા. વિશુદ્ધ ઉપયોગે વિશુદ્ધ લેશ્યા હોય માટે તે પછી લેશ્યા લેશ્યાએ કર્મના બંધ હેતુ હોય. ૫૭ બંધ હેતુએ કરી કર્મનો બંધ તે પછી સત્તા. તે પછી અબાધા કાળ ગયા પછી સંક્રમણે કરીને કે સ્વભાવિક ઉદય કે બળાત્કારે ઉદય (ઉદીરણા). ગુણઠાણાને વિષે વર્તતા જીવોનું અલ્પબહુત્વ. તે પછી ગુણઠાણે ભાવ અને તેનું જ્ઞાન સંખ્યાતાદિકે થાય માટે તે કહેશે.

ઈહ-અહીં-લોકને વિષે
સુહુમ-સૂક્ષ્મ
બાયર-બાદર,
એગિંદિ-એકેંદ્રિય
બિ-બેઈંદ્રિય
તિ-તેઇંદ્રિય.
ચઉ-ચઉરિંદ્રિય
અસન્નિ-અસંજ્ઞી
સન્નિ-સંજ્ઞી.
પચિંદી-પંચેંદ્રિય
અપજ્જત્તા-અપર્યાપ્તા
પજ્જત્તા-પર્યાપ્તા.
કમેણ-અનુક્રમે
ચઉદ્દસ-ચૌદ
જિઅઠ્ઠાણા-જીવના ભેદો

**જીવના ૧૪ ભેદો.**

**ઈહ સુહુમ બાયરેગિંદિ**-અહીં (આ જગતને વિષે) સૂક્ષ્મ એકેંદ્રિય બાદર એકેંદ્રિય

**બિ તિ ચઉ અસન્નિ સન્નિ પચિંદી**-બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય અસંજ્ઞી પંચેંદ્રિય અને સંજ્ઞી પંચેંદ્રિય.

સંકિલષ્ટ પરિણામી સૂક્ષ્મ એકેંદ્રિય બાદર તેઉકાય વાઉકાય અને સર્વ લબ્ધિ અપર્યાપ્તાને મિથ્યાત્વ જ ગુણઠાણું હોય કરણ અપર્યાપ્તાને મિથ્યાત્વ, ઉપશમ સમ્યકત્વ વમીને ઉપજતાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા સાસ્વાદન અને સમ્યકત્વ સહિત ઉપજતાં ચોથું ગુણઠાણુ હોય પ્રાય· ચોથા કર્મગ્રંથમાં અપર્યાપ્તા શબ્દથી કરણ અપર્યાપ્તા લેવા અને બાકીના ૫ કર્મગ્રંથમાં લબ્ધિ અપર્યાપ્તા સમજવા દેવ નારકી લબ્ધિ અપર્યાપ્તા હોતા નથી

| | | |
|---|---|---|
| અપજત્ત–અપર્યાપ્તા. | અપજ્જ–અપર્યાપ્તા. | એસુ–એ ૭ ને વિ |
| છક્કિ–૬ જીવને વિષે. | સન્નિસુ–સન્નીને વિષે | તણુ–શરીર પર્યાપ્તિએ |
| કમ્મ–કાર્મણ | તે–તે બે યોગ. | પજ્જેસુ–પર્યાપ્તા |
| ઉરલમીસ–ઔદારિક મિશ્ર | સ–સહિત. | ઉરલં–ઔદારિક કાય· યોગને. |
| જોગા–યોગ | વિઉવ્વમિસ–વૈક્રિય મિશ્ર | અન્ને–અન્ય આચાર્યો |

૭ અપર્યાપ્તા જીવભેદને વિષે યોગ.

**અપજત્ત છક્કિ કમ્મુરલ, મીસ જોગા**—અપર્યાપ્તા ૬ જીવ ભેદને વિષે કાર્મણ અને ઔદારિક મિશ્ર યોગ હોય.

**અપજ્જ સન્નિસુ; તે સવિઉવ્વમિસ**—અપર્યાપ્તા સંજ્ઞી પંચેંદ્રિયને વિષે તે બે યોગ અને વૈક્રિયમિશ્ર સહિત (એમ ૩ યોગ) હોય.

**એસુ, તણુપજ્જેસુ ઉરલ મન્ને. ૪**—શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા એ ૭ જીવ ભેદને વિષે ઔદારિક કાય યોગને પણ અન્ય આચાર્યો માને છે.

અને અસંજ્ઞી પચેંદ્રિય) ને વિષે ભાષા (અસત્યામૃષા વચન યોગ) સહિત તે ઓદારિક કાયયોગ (એમ બે યોગ) હોય બાયરિ સવિઉવ્વિદુગં—બાદર (એકેંદ્રિય) પર્યાપ્તાને વિષે વૈક્રિયદ્વિક સહિત તે (ઔદારિક કાય યોગ એમ ૩) યોગ હોય.

**વિવેચન**—કાર્મણ અને ઓદારિકમિશ્ર કેવળી સમુદ્ઘાતે હોય. વૈક્રિયદ્વિક મનુષ્ય અને તિર્યંચને ઉત્તરવૈક્રિય કરતાં તથા દેવ નારકીને હોય. આહારકદ્વિક ૧૪ પૂર્વધર સાધુને આહારક કરતાં હોય. બાકીના ૪ મનના ૪ વચનના અને ઔદારિક કાય-યોગ તો યથાયોગ્ય હોય તેથી સંજ્ઞીને ૧૫ યોગ હોય

| | | |
|---|---|---|
| પજ–પર્યાપ્તા | દુદંસ–બે દર્શન | અપજ્જે–અપર્યાપ્તાને વિષે |
| સન્નિસુ–સંજ્ઞીનેવિષે | દુઅનાણ–બે અજ્ઞાન | |
| બાર–બાર | દસસુ–દશને વિષે | મણ–મન. પર્યવ |
| ઉવઓગા–ઉપયોગ | ચક્ખુ–ચક્ષુ દર્શન. | નાણ–જ્ઞાન. |
| પજ–પર્યાપ્તા. | વિણા–વિના | ચક્ખુ–ચક્ષુ દર્શન |
| ચઉરિંદિ–ચઉરિંદ્રિય | સન્નિ–સંજ્ઞી | કેવલ–કેવળ |
| અસન્નિસુ–અસંજ્ઞીને વિષે. | | દુગ–દ્વિક |
| | | વિહૂણા–વિના |

૧૪ જીવભેદે ઉપયોગ.

**પજ સન્નિસુ બાર ઉવઓગા.** ૫–પર્યાપ્તા સંજ્ઞીને વિષે ૧૨ ઉપયોગ હોય છે.

**પજ ચઉરિંદિ અસન્નિસુ, દુદંસ દુઅનાણ**–પર્યાપ્તા ચઉરિંદ્રિય અને પર્યાપ્તા અસંજ્ઞી પંચેંદ્રિયને વિષે બે દર્શન (ચક્ષુ–અચક્ષુ) બે અજ્ઞાન (મતિ અજ્ઞાન–શ્રુત અજ્ઞાન) એમ ૪ ઉપયોગ હોય છે.

**વિવેચન**-કરણ અપર્યાપ્તા બાદર એકેંદ્રિય (પૃથ્વીકાય અપકાય અને વનસ્પતિ કાય) મા દેવતા મરીને ઉપજે તેને અપર્યાપ્ત પણે તેજો લેશ્યા પણ હોય. સન્ની પર્યાપ્ત વર્જીને બાકીના ૧૩ જીવભેદને વિષે ૭ કે ૮ કર્મનો બંધ અને ઉદીરણા હોય ૭ કર્મ તો જીવ હમેશા સમયે [illegible] બાંધે [illegible] જ્યારે આયુ બાંધે ત્યારે ૮ કર્મ બાંધે [illegible] ભવના આયુ [illegible] વખત અંતર્મુહૂર્ત સુધી બંધાય ભોગવતા ભવનું આયુ ૧ આવલિકા બાકી રહે ત્યારે ૭ કર્મની ઉદીરણા [illegible] ઉદયાવલિકા ઉપર દલિક નથી માટે અન્યથા ૮ કર્મની ઉદીરણા [illegible] સુધી ૮ કર્મનો ઉદય હોય [illegible] સુધી ૮ કર્મની સત્તા હોય છે અને આ ૧૩ જીવભેદોમાં તો વધુમાં વધુ ૧-૨-૪થુ ગુણઠાણ હોય માટે ૮ કર્મનો [illegible] અને સત્તા હોય

| | | |
|---|---|---|
| [illegible]- [illegible] | સત્તાદિ-૨ [illegible] | [illegible] |
| [illegible] | સત્તરૂડ-[illegible] | [illegible] |
| [illegible] | પમ્રણ-પ [illegible] | |
| [illegible] | ઉદીરણા-[illegible] | |

[illegible]

[illegible] પર્યાપ્તાને [illegible]

[illegible]

[illegible]

**અપજ્જ બાયરે પઢમ ચઉ**–અપર્યાપ્તા બાદર એકેંદ્રિયં વિષે પ્રથમની ૪ લેશ્યા હોય.

**તિ સેસેસુ**–બાકીના ૧૧ જીવ ભેદ (સૂક્ષ્મના ૨. બાદર પર્યાપ્તા. ૬ વિકલેંદ્રિય–૨ અસન્નીના) ને વિષે પ્રથમની ૩ લેશ્યા હોય

લેશ્યાના પરિણામની માહોમાહે તરતમતા જણાવવા માટે જાંબુ ફળ ખાનારા ૭ પુરૂષનુ દ્રષ્ટાંત આ પ્રમાણે જાણવું—કોઈ ૭ પુરૂષો જાંબુ ફળ ખાવા માટે તે વૃક્ષ પાસે ગયા ત્યા પહેલાનો વિચાર મળથી વૃક્ષ ઉખેડવાનો થયો, બીજાએ શાખા કાપવાનુ જણાવ્યુ, ત્રીજાએ નાની ડાળી કાપવાનુ કહ્યુ, ચોથાએ ફળવાળા ગુચ્છા તોડવા કહ્યુ, પાચમાએ ફળો તોડવા કહ્યુ અને છઠ્ઠાએ ભોંય ઉપર પડેલા ફળો ખાવા જણાવ્યુ, એ ૭ પુરૂષના અધ્યવસાયો મુજબ અનુક્રમે કૃષ્ણાદિ ૭ લેશ્યાવાળાના અધ્યવસાય જાણવા બીજુ ગામનો નાશ કરવાને નીકળેલા ૭ પુરૂષનુ દ્રષ્ટાંત આ પ્રમાણે જાણવુ—કોઈ ૭ પુરૂષ ગામ નાશ કરવાને નીકળ્યા તેમા પહેલાએ મનુષ્ય ઢોર વગેરે સર્વને મારવાનો વિચાર દર્શાવ્યો, બીજાએ મનુષ્યોને મારવા જણાવ્યું, ત્રીજાએ પુરૂષોને મારવા જણાવ્ય, ચોથાએ હથીયારબધ પુરૂષોને મારવા જણાવ્યુ, પાંચમાએ લડવાને તૈયાર હોય–લડતા હોય તેવાને મારવા જણાવ્યુ અને છઠ્ઠાએ ફક્ત ધન લુટી લેવા જણાવ્યુ. એ ૭ પુરૂષના અધ્યવસાય મુજબ કૃષ્ણાદિ ૭ લેશ્યાવાળાના અધ્યવસાયો જાણવા

## ૧૩ જીવભેદે બધ–ઉદીરણા–ઉદય–સત્તા.

**સત્તટ્ઠ બંધુદીરણ, સંતુદયા અટ્ઠ તેરસસુ.** ૭–૧૩ જીવ ભેદને વિષે ૭ કે ૮ કર્મનો બંધ અને ઉદીરણા હોય તથા સત્તા અને ઉદય ૮ કર્મનો હોય.

૬૨ માર્ગણામાંથી વેદ ૩ કષાય ૪ જ્ઞાન ૫ અજ્ઞાન ૩

**વેઅ નરિત્થિ નપુંસા**—પુરૂષવેદ સ્ત્રીવેદ અને નપુંસક વેદ
**કસાય કોહ મય માય લોભત્તિ**—ક્રોધ માન માયા અને લોભ એમ ૪ કષાય

**મઇ સુઅ વહિ મણ કેવલ, વિભંગ મઇ સુઅનાણ સાગારા. ૧૧**—મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન કેવળજ્ઞાન વિભગ જ્ઞાન મતિ અજ્ઞાન શ્રુત અજ્ઞાન એ ૮ સાકારોપયોગ (વિશેષ ઉપયોગ) જાણવા

વિ–વિપરીત ભંગ–બોધવાળું જ્ઞાન તે વિભંગ જ્ઞાન

| | | |
|---|---|---|
| **સામાઇઅ**–સામાયિક | **સુહુમ**–સૂક્ષ્મસંપરાય | **અચક્ખુ**–અચક્ષુ દર્શન |
| **છેઅ**-છેદોપસ્થાપનીય | **અહક્ખાય**–યથાખ્યાત | **ઓહી**–અવધિદર્શન |
| **પરિહાર**–પરિહાર વિશુદ્ધિ | **દેસ**–દેશવિરતિ | **કેવલદસણ**–કેવળ દર્શન |
| | **જય**–સર્વવિરતિ | **અણાગારા**-અનાકાર ઉપયોગ. |
| | **અજયા**–અવિરતિ | |
| | **ચક્ખુ**–ચક્ષુદર્શન. | |

૬૧ માર્ગણામાંથી સયમ. ૭ દર્શન. ૪

**સામાઇઅ છેઅ પરિહાર, સુહુમ અહક્ખાય દેસ જય**

---

* સાધુને વીશ વિશ્વાની દયા હોય તે અપેક્ષાએ ગૃહસ્થને સવા વિશ્વાની દયા હોય તે આ પ્રમાણે–સાધુ સૂક્ષ્મ (સ્થાવર) અને બાદર (ત્રસ) બને પ્રકારના જીવોનો વધ ન કરે પરંતુ ગૃહસ્થો સૂક્ષ્મ જીવોની દયા પાળી શકે નહિ તેથી દશ વિશ્વા બાકી રહ્યા બાદર જીવની વિરાધનાના સંકલ્પથી અને આરંભથી એવા બે ભેદ છે, તેમા આરંભથી દયા ગૃહસ્થ પાળી શકે નહિ માટે પાંચ વિશ્વા રહ્યા સંકલ્પ બે પ્રકારે છે–અપરાધી અને નિરપરાધી તેમા અપરાધીની દયા ગૃહસ્થ પાળી શકે નહિ તેથી રા વિશ્વા બાકી રહ્યા નિરપરાધીના બે ભેદ સાપેક્ષ અને નિરપેક્ષ તેમાં સાપેક્ષની દયા ગૃહસ્થ પાળી શકતા નથી તેથી સવા વિશ્વાની દયા રહી

**સન્નિયરે.** ૧૩—સંજ્ઞી ( દીર્ઘકાલિકી સંજ્ઞાવંત મનસહિત ) અને અસંજ્ઞી [ મન રહિત ]
**આહારેઅર ભેઆ**—આહારી અને અણાહારી ( એમ ૧૪ માર્ગણાના ૬૨ ) ભેદો છે

| | | |
|---|---|---|
| સુર-દેવગતિ | ઓહિ-અવધિ. | સુક્કા-શુક્લ લેશ્યા. |
| નિરય-નરકગતિ | દુગે-દ્વિકને વિષે | સન્નીસુ-સંજ્ઞીને વિષે |
| વિભંગ-વિભંગજ્ઞાન. | સમત્તતિગે- ૩ સમ્યકત્વે | સન્નિદુગં-સંજ્ઞીદ્વિક (સંજ્ઞી અપર્યાપ્તો પર્યાપ્તો) |
| મઇ-મતિજ્ઞાન | પમ્હા-પદ્મલેશ્યા | |
| સુઅ-શ્રુતજ્ઞાન | | |

૬૨ માર્ગણામાંથી ૧૩ માર્ગણાએ જીવભેદ.

**સુરનિરય વિભંગ મઈ સુઓહિ દુગે**-દેવગતિ નરકગતિ વિભંગજ્ઞાન મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિદ્વિક ( અવધિજ્ઞાન અને અવધિદર્શન ) ને વિષે ( એ ૭ માર્ગણા અને )
**સમ્મત્ત તિગે પમ્હા, સુક્કા સન્નીસુ સન્નિદુગં.** ૧૪-૩ સમ્યકત્વ ( ઉપશમ ક્ષાયિક ક્ષયોપશમ ) પદ્મલેશ્યા શુક્લ લેશ્યા અને સંજ્ઞી ( એ ૧૩ માર્ગણા ) ને વિષે સંજ્ઞી દ્વિક ( સંજ્ઞી પર્યાપ્તો અને સંજ્ઞી (કરણ) અપર્યાપ્તો એમ બે જીવ ભેદ ) હોય છે.

અસંજ્ઞીમાંથી આવેલા દેવ નારકીને અપર્યાપ્તા અવસ્થા એ વિભંગજ્ઞાન ન હોય એમ પંચ સંગ્રહમાં કહ્યું છે. શ્રેણિ રહિત ઉપશમ સમ્યકત્વી મરે નહિ, પણ ઉપશમ શ્રેણિમાં કાળ કરે તો અનુત્તર દેવમાં ઉપશમ સમ્યકત્વ સહિત ઉપજે પછી ક્ષયોપશમ પામે. બીજા આચાર્યો કહે છે કે ક્ષાયિક હોય અન્ય કહે છે કે ક્ષયોપશમ સમ્યકત્વ લઇને અનુત્તરમાં ઉપજે.

## ૬૨ માર્ગણામાંથી ૧૯ માર્ગણાએ જીવભેદ.

**દસ ચરિમ તસે**—ત્રસકાયને વિષે છેલ્લા ૧૦ જીવભેદ હોય. (બેઈંદ્રિય તેઈંદ્રિય ચઉરિંદ્રિય અસંજ્ઞી પંચેંદ્રિય અને સંજ્ઞી પંચેંદ્રિય એ ૫ પર્યાપ્તા અને ૫ અપર્યાપ્તા)

**અજયા હારગ, તિરિ તણુ કસાય દુઅનાણે**—અવિરતિ ચારિત્ર આહારી તિર્યંચગતિ કાયયોગ, ૪ કષાય બે અજ્ઞાન (એ ૧૦ માર્ગણા અને)

**પઢમ તિલેસા ભવિઅર, અચક્ખુ નપુ મિચ્છિ સવ્વેવિ** ૧૬—પ્રથમની ૩ લેશ્યા (કૃષ્ણ નીલ કાપોત) ભવ્ય અભવ્ય અચક્ષુદર્શન નપુંસક વેદ અને મિથ્યાત્વ (એ ૧૮ માર્ગણા) ને વિષે સર્વ (૧૪) જીવભેદ હોય.

અહીં ૧૮ માર્ગણાએ લબ્ધિ અપર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા એમ બંને પ્રકારના અપર્યાપ્તા લેવા. અહીં ઇંદ્રિય પર્યાપ્તિ પૂરી કર્યા વિના પણ વિગ્રહ ગતિએ વાટે વહેતાં કાર્મણ કાયયોગે અણાહારી અવસ્થામાં અપર્યાપ્તાને સામાન્ય અવબોધ રૂપ અચક્ષુ દર્શન હોય, માટે અચક્ષુ દર્શનને વિષે અપર્યાપ્તા જીવભેદ હોય

| | | |
|---|---|---|
| પજ્જ–પર્યાપ્તા | નાણ–જ્ઞાન. | વયણે–વચનયોગે. |
| સન્ની–સંજ્ઞી. | દેસ–દેશવિરતિ. | તિયછ્ચ–૩ અપ |
| કેવલ દુગે–કેવળ દ્વિકને વિષે | મણ–મન યોગ. | પજ્જ–પર્યાપ્તા |
| સંજમ–૫ સયમ. | મીસે–મિશ્રને વિષે | ઇઅર–અપર્યાપ્તા |
| મણ–મનઃપર્યવ. | પણ ચરિમ–૫ છેલ્લા | ચક્ખુમિ–ચક્ષુ દર્શનને વિષે. |
| | પજ્જ–પર્યાપ્તા. | |

## ૬૨ માર્ગણામાંથી ૧૩ માર્ગણાએ જીવભેદ

**પજસન્ની કેવલદુગે, સંજમ મણનાણ દેસ મણ મીસે**

૪ જીવભેદ હોય (અસંજ્ઞી પર્યાપ્તો અને અપર્યાપ્તો, સંજ્ઞી પર્યાપ્તો કરણ અપર્યાપ્તો.) લબ્ધિ અપર્યાપ્તા અને અસંજ્ઞીને નપુંસક વેદ સિદ્ધાંતમાં કહ્યો છે, પણ અહીં લિંગાકાર માત્રને આશ્રયીને અસંજ્ઞીને સ્ત્રી વેદ અને પુરૂષવેદ કહ્યો છે. અણાહારી માર્ગણા એ ૮ જીવભેદ હોય ૭ અપર્યાપ્તા વિગ્રહ ગતિએ અને સંજ્ઞી પર્યાપ્તો કેવળી સમુદ્‌ઘાતે અણાહારી હોય. તેમાંથી અતિ સંકિલષ્ટ પરિણામી સૂક્ષ્મ એકેંદ્રિય વિના ૭ જીવભેદ સાસ્વાદને હોય.

પણ–૫ ગુણઠાણાં.
તિરિ–તિર્યંચ ગતિએ.
ચઉ–૪ ગુણઠાણાં
સુર–દેવગતિ
નિરએ–નરક ગતિએ.
નર–મનુષ્ય ગતિ
સન્નિ–સંજ્ઞી
પણિંદિ–પંચેદ્રિય
ભવ્વ–ભવ્ય.
તસિ–ત્રસકાયને વિષે.
સવ્વે–સર્વ ગુણઠાણા.
ઇગ–એકેંદ્રિય
વિગલ–વિકલેંદ્રિય
ભૂ–પૃથ્વીકાય
દગ–અપ્‌કાય
વણે–વનસ્પતિને વિ.
દુ દુ–બે બે ગુણઠાણાં
એગં–૧ ગુણઠાણું
ગઈતસ–ગતિત્રસ
અભવ્વે–અભવ્યને વિષે.

## ૬૨માંથી ૧૮ માર્ગણાએ ગુણઠાણાં

**પણ તિરિ ચઉ સુર નિરએ**—તિર્યંચ ગતિને વિષે (પહેલા) ૫ ગુણઠાણાં હોય. દેવતા અને નારકીને વિષે (પહેલા) ૪ ગુણઠાણાં હોય.

**નર સન્નિ પણિંદી ભવ્વ તસિ સવ્વે**—મનુષ્યગતિ સંજ્ઞી પંચેંદ્રિય ભવ્ય અને ત્રસકાયને વિષે સર્વ ગુણઠાણાં હોય.

**ઇગ વિગલ ભૂ દગ વણે, દુ દુ**—એકેંદ્રિય વિકલેંદ્રિય (બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય) પૃથ્વીકાય અપકાય અને વનસ્પતિ કાય. એ ૭ ને વિષે બે બે (મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણાં) હોય

| | | |
|---|---|---|
| વિશુદ્ધિએ<br>કેવલ–કેવલ<br>દુગિ–બે (જ્ઞાનદર્શને) | દો ચરિમા–છેલ્લા બે.<br>જયાઈ–અવિરતાદિ<br>નવ–૯ ગુણઠાણા | મઈ–મતિજ્ઞાન<br>સુઅ–શ્રુતજ્ઞાન<br>ઓહિ–અવધિ<br>દુગે–બે (જ્ઞાનદર્શને) |

૬૨ માર્ગણામાંથી ૧૦ માર્ગણાએ ગુણઠાણાં

**મણનાણિ સગ જયાઇ**—મન· પર્યવજ્ઞાને પ્રમત્તાદિ ૭ ગુણઠાણા હોય.

**સમઇઅ છેઅ ચઉ દુન્નિ પરિહારે**—સામાયિક અને છેદો·પસ્થાપનીય ચારિત્રે [ પ્રમત્તાદિ ] ૪ ગુણઠાણા હોય. પરિહાર વિશુદ્ધિએ [ પ્રમત્તાદિ ) બે ગુણઠાણાં હોય.

**કેવલદુગિ દો ચરિમા**—કેવળ દ્વિકે (કેવળ જ્ઞાન–કેવળ દર્શને) છેલ્લાં બે ગુણઠાણાં હોય.

**જયાઇ નવ મઇ સુઓહિદુગે. ૨૧**—મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકે ( અવધિજ્ઞાન અવધિ દર્શને ) અવિરતાદિ ૯ ગુણઠાણાં ( બારમા સુધી ) હોય.

| | | |
|---|---|---|
| અડ–૮ ગુણઠાણા<br>ઉવસમિ–ઉપશમે<br>ચઉ–૪ ગુણઠાણાં.<br>વેઅગિ–ક્ષયોપશમે<br>ખઇએ–ક્ષાયિકે<br>ઇક્કાર–૧૧ ગુણઠાણા. | મિચ્છ–મિથ્યાત્વ.<br>તિગિ–ત્રિકે.<br>દેસે–દેશવિરતિએ<br>સુહુમે–સૂક્ષ્મસ પરાયે<br>અ–અને. | સઠાણં–પોતાનું ગુણઠાણુ<br>તેર–૧૩ ગુણઠાણા<br>જોગ–૩ યોગ<br>આહાર–આહારી<br>સુક્કાએ–શુક્લલેશ્યાએ. |

૬૨ માર્ગણામાંથી ૧૩ માર્ગણાએ ગુણઠાણાં.

**અડ ઉવસમિ 'ચઉ વેઅગિ', ખઇએ ઇક્કાર**–ઉપશમ સમ્યકત્વે ( અવિરતાદિથી ઉપશાંત મોહસુધી ) ૮ ગુણઠાણાં ક્ષયોપશમે ( અવિરતાદિથી અપ્રમત્ત સુધી ) ૪ ગુણઠાણાં, ક્ષાયિક

જ્યાં તે પ્રાપ્ત થયા પછી પણ એ ગુણઠાણે (દેશવિરતિ અને પ્રમત્તે) કૃષ્ણાદિ લેશ્યા આવે અણાહારી માર્ગણાએ ૧-૨-૪થું ગુણઠાણું વિગ્રહ ગતિએ, ૧૩મું કેવળી સમુદ્ઘાતે કાર્મણયોગે અને અયોગી ગુણઠાણે જીવ અણાહારી હોય.

| | | |
|---|---|---|
| સચ્ચ-સત્ય. | મણ-મનયોગ | મીસા-એ ૩ના મિશ્ર |
| ઈઅર-અસત્ય | વય-વચનયોગ | કમ્મ-કાર્મણ |
| મીસ-સત્યાસત્ય | વિઉવ્વિ-વૈક્રિય. | ઇઅ-એ પ્રમાણે |
| અસચ્ચ મોસ-અસત્યામૃષા. | આહારા-આહારક | જોગા-જોગો |
| | ઉરલં-ઔદારિક. | કમ્મણ-કાર્મણ. |
| | | અણહારે-અણાહારી. |

૧૫ યોગનાં નામ. અને ૬૨ માંથી ૧ માર્ગણાએ યોગ.

**સચ્ચેઅર મીસ અસચ્ચ,-મોસ મણ વય**—સત્ય અસત્ય સત્યાસત્ય અસત્યામૃષા (એ ૪) મનયોગ અને ૪ વચન યોગ **વિઉવ્વિ આહારા; ઉરલં**—વૈક્રિય કાયયોગ આહારક કાયયોગ અને ઔદારિક કાયયોગ

**મીસા કમ્મણ, ઇઅ જોગા**—એ ૩ મિશ્રયોગો (વૈક્રિયમિશ્ર આહારક મિશ્ર ઔદારિક મિશ્ર) અને કાર્મણ એ પ્રમાણે ૧૫ યોગો છે **કમ્મ અણહારે.** ૨૪—કાર્મણ કાયયોગ (વિગ્રહગતિએ અને કેવળી સમુદ્ઘાતે) અણહારી જાણવો અણાહારી માર્ગણાએ પણ કાર્મણ હોય અથવા ન હોય (કારણકે કાર્મણ કાયયોગે વિગ્રહ ગતિમાં જીવ અણાહારી હોય અને ઉત્પત્તિના પ્રથમ સમયે જીવ આહારી અવસ્થાએ કાર્મણ કાયયોગે હોય અથવા અયોગીએ જીવ અણહારી હોય પણ ત્યાં કાર્મણ કાયયોગ નથી)

| | | |
|---|---|---|
| નરગઈ-મનુષ્ય ગતિ | તસ-ત્રસકાય | અચક્ખુ-અચક્ષુ દર્શન |
| પણિંદિ-પંચેન્દ્રિય. | તણુ-કાયયોગ. | |

| | | |
|---|---|---|
| અહખાએ-યથાખ્યાતે | નાણતિગં-૩ જ્ઞાન | અનાણ-અજ્ઞાન |
| દંસણ-૩ દર્શન | દેસિ-દેશવિરતિએ | મીસં-મિશ્રિત. |
| | મીસિ-મિશ્રે | ત-તે ૬ ઉપયોગ |

૬૨ માંથી ૬ માર્ગણાએ ઉપયોગ

**કેવલદુગે નિઅ દુગં**—કેવળ દ્વિકે (કેવળજ્ઞાન-દર્શને) પોતાનું દ્વિક (કેવળજ્ઞાન-કેવળ દર્શન) હોય.

**નવ તિ અનાણ વિણુ ખઈઅ અહખાએ**—ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રે ૩ અજ્ઞાન વિના ૯ ઉપયોગ હોય. (કારણ કે પહેલા ૩ ગુણઠાણા સુધી જ અજ્ઞાન છે) ક્ષાયિક અને યથાખ્યાતને પહેલાં ૩ ગુણઠાણા નથી.

**દંસણ નાણતિગં દેસિ**—દેશવિરતિએ ૩ દર્શન અને ૩ જ્ઞાન હોય

**મીસિ અન્નાણ મીસં તં. ૩૩**—મિશ્રે તે ૬ ઉપયોગ અજ્ઞાને મિશ્રિત હોય. (સિદ્ધાંતના મતે મિશ્રે અવધિ દર્શન કહ્યું છે.)

| | | |
|---|---|---|
| મણ-મન પર્યવ | તિન્નિદંસ-૩ દર્શન | ઉવસમ-ઉપશમ |
| નાણ-જ્ઞાન. | ચઉનાણા-૪ જ્ઞાન | વેઅગે-ક્ષયોપશમે |
| ચક્ખુ-ચક્ષુ દર્શન. | ચઉનાણ-૪ જ્ઞાન. | ઓહિદંસે-અવધિ દર્શને |
| વજ્જા-વિના | સંજમ-૪ સંજમ. | |
| અણહારે-અણાહારીએ | | |

૬૨ માંથી ૧૨ માર્ગણાએ ઉપયોગ. (૪+૨૪+૧૬+૬+૧૨)

**મણનાણ ચક્ખુવજ્જા, અણહારે**—અણાહારીને વિષે મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના ૧૦ ઉપયોગ હોય. (કારણ કે વિગ્રહગતિએ અને કેવળી સમુદ્ઘાતે અણાહારી હોય. ત્યાં મનઃપર્યવ જ્ઞાન અને ચક્ષુ દર્શન ન હોય)

**તિન્નિદંસ ચઉનાણા; ચઉનાણ સંજમોવસમ, વેઅગે ઓહિ દંસે અ. ૩૪**—૪ જ્ઞાન (મતિ શ્રુત અવધિ મનઃપર્યવ)

ઔદારિક મિશ્ર વિના. એ બે યોગ વિગ્રહ ગતિએ ઉપજતાં અને કેવળી સમુદ્દ્ઘાતે હોય ત્યાં મન ન હોય.) ઉપયોગ ૧૨. મન પર્યાપ્તિ પૂરી કરે ત્યારે મન થાય તો સંજ્ઞી પર્યાપ્તો ૧ જીવભેદ કહેવો જોઇએ. કદાચ કરવા માંડયું તેને કર્યું કહીએ તો જીવભેદ ૨. પણ યોગ ૧૫ કહેવા જોઇએ, કારણ કે અપર્યાપ્તાને કાર્મણ અને ઔદારિક મિશ્ર હોય જ. વચનયોગીને જીવભેદ, ૮ (બેઇંદ્રિયના-૨, તેઇંદ્રિયના-૨ ચઉરિંદ્રિયના-૨ અસંજ્ઞીના-૨) અહીં પણ ભાષા પર્યાપ્તિ પૂરી થયે વચનયોગ થાય ત્યારે જીવભેદ ૪ પર્યાપ્તા જ હોય પણ ભવિષ્યમાં પર્યાપ્તિ પૂરી કરવાના જ તે અપેક્ષાએ અપર્યાપ્તાને વચનયોગ કહ્યો છે. ગુણઠાણું-૨ યોગ ૪ કાર્મણ ઔદારિકદ્વિક અસત્યામૃષા વચન) ઉપયોગ-૪ (મતિ શ્રુત અજ્ઞાન ચક્ષુ અચક્ષુ દર્શન) કાય યોગીને જીવભેદ-૪. (સૂક્ષ્મના ૨ અને બાદર એકેંદ્રિયના. ૨, પર્યાપ્તો અપર્યાપ્તો) ગુણઠાણું-૨ યોગ ૫ (કાર્મણ-ઔદારિકદ્વિક અને વૈક્રિયદ્વિક.) ઉપયોગ ૩ (મતિશ્રુત અજ્ઞાન અને અચક્ષુ દર્શન.)

છસુ લેસાસુ-૬ લેશ્યાએ
સઠાણ-પોતાનુ સ્થાન
એગિ દિ-એકે દ્રિય.
અસન્નિ-અસંજ્ઞી.
ભૂ-પૃથ્વીકાય
દગ-અપ્કાય.
વણેસુ-વનસ્પતિ કાયને વિષે.

પઢમા-પહેલી
ચઉરો-૪ લેશ્યા.
તિન્નિઉ-૩ લેશ્યા વળી
નારય-નારકી
વિગલ-વિકલે દ્રિય
અગ્ગિ-અગ્નિકાય.
પવણેસુ-વાયુકાયને વિષે.

અહખાય-યથાખ્ય
સુહુમ-સૂક્ષ્મ સં૫
કેવલદુગિ-કેવળદ્વિકે
સુક્કા-શુકલ લેશ્યા
છાવિ-૭ લેશ્યા
સેસ-બાકીના.
ઠાણેસુ-સ્થાને ૪૧ માર્ગણાએ

મનુષ્ય થોડા હોય, તેથી નારકી અને દેવ અનુક્રમે અસંખ્યાત ગુણા હોય અને તિર્યંચો અનંત ગુણા હોય.

**વિવેચન**—સર્વથી થોડા મનુષ્ય (પણ અસંખ્યાતા) મનુષ્ય બે ભેદે ગર્ભજ અને સમૂચ્છિંમ. તેમાં ગર્ભજના મળમૂત્રાદિ ૧૪ અશુચિ સ્થાનોમાં ઉત્પન્ન થનારા સમૂચ્છિંમ મનુષ્ય કોઈ વાર હોય અને કોઈવાર ન પણ હોય. હોય ત્યારે ઉત્કૃષ્ટા અસંખ્યાતા હોય અને ન હોય ત્યારે તેનો વિરહકાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત. તેઓ અંતર્મુહૂર્તના આયુવાળા અને આંખથી ન દેખાય તેવા હોય છે અને ગર્ભજ મનુષ્યો સદાએ સંખ્યાતા (એકડાને છન્નુવાર ઠાણ બમણો કરીએ તો ૨૯ આંક આવે) [ ૭, ૯૨, ૨૮, ૧, ૬૨, ૫૧, ૪૨, ૬, ૪૩, ૩૭, ૫૯, ૩, ૫૪, ૩૯, ૫૦, ૩, ૩૬ ] તેટલા જઘન્યથી ગર્ભજ મનુષ્ય હોય અને સમૂચ્છિંમ મનુષ્ય હોય તો અસંખ્યાતા. કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા ક્ષેત્રથી અંગુલ પ્રમાણ ક્ષેત્રના પહેલા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણીએ (અસત્કલ્પનાએ અંગુલ પ્રમાણ ક્ષેત્રના ૨૫૬ આકાશ પ્રદેશ તેનું પહેલું વર્ગમૂળ ૧૬ બીજું વર્ગમૂળ ૪ અને ત્રીજું વર્ગમૂળ ૨ પહેલા વર્ગમૂળ ૧૬ ને ત્રીજા વર્ગમૂળ બે સાથે ગુણતાં ૩૨ તેટલા પ્રદેશના ખંડુકે એકેક માણુસ સ્થાપીએ તો એક માણુસ અધિક હોત તો ઘનીકૃત લોકની ૧ પ્રદેશની શ્રેણિ પૂરી થાત. એટલા ગર્ભજ અને સમૂચ્છિંમ મળીને મનુષ્યો છે. તેથી નારકી અસંખ્યાત ગુણા છે. કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમે ભાગે (પહેલા વર્ગમૂળને બીજા વર્ગમૂળ સાથે ગુણતાં) અસંખ્યાતી શ્રેણિ

ગુણા–પંચેંદ્રિય થોડા હોય ચઉરિંદ્રિય તેઇંદ્રિય અને બેઇંદ્રિય એ ત્રણે એકેકથી અનુક્રમે અધિક હોય. તેથી એકેંદ્રિય અનંતગુણા હોય.

જેનુ પુણ્ય વધારે તેવા જીવો ઓછા હોવાથી પચેંદ્રિય થોડા ( પણ અસંખ્યાતા ) તેથી ચઉરિંદ્રિય અધિક. તેથી તેઇંદ્રિય અધિક. તેથી બેઇંદ્રિય અધિક. આ ચારે જાતિવાળા જીવો અસંખ્યાત કોડા કોડી યોજન પ્રમાણ શ્રેણિના આકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી એકેંદ્રિય અનંતગુણા, કારણકે વનસ્પતિ અનંતા છે

**તસ થોવ અસંખગ્ગી, ભૂજલ નિલ અહિઅ વણુંતા-૩૮.**

ત્રસકાય થોડા હોય અગ્નિકાય અસંખ્યાતગુણા હોય. પૃથ્વીકાય અપ્કાય અને વાયુકાય એકેકથી અનુક્રમે અધિક હોય અને વનસ્પતિકાય અનંતગુણા હોય

ત્રસકાય થોડા ( પણ અસંખ્યાતા ) કારણકે અસંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણ શ્રેણિના આકાશ પ્રદેશ જેટલા છે. તેથી તેઉકાય અસંખ્યાતગુણા. અસંખ્યાત લોકના આકાશ પ્રદેશ જેટલા છે. સૂક્ષ્મ તેઉકાય ૧૪ રાજલોકમા અને બાદર તેઉકાય અઢી દ્વીપમાં છે માટે. તેથી પૃથ્વીકાય અધિક સૂક્ષ્મ જીવો ૧૪ રાજલોકમાં અને બાદર પૃથ્વીકાય ૭ નરક પૃથ્વીઓ અસંખ્યાત દ્વીપો ભવનો અને વિમાનો તથા સિદ્ધશિલામાં હોવાથી અધિક. તેથી અપ્કાય અધિક. ( ઘનોદધિ-દ્વીપ કરતાં બમણા વિસ્તારે સમુદ્રો, સરોવરો વિગેરેમાં પાણી હોવાથી ) તેથી વાઉકાય સૂક્ષ્મ અને બાદર ૧૪ રાજલોકમાં છે માટે અધિક. તેથી વનસ્પતિકાય અનંતગુણા સાધારણ વનસ્પતિકાયના જીવો અનંતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે

| | | |
|---|---|---|
| અહિઅ-અધિક. | કેવલિણો-કેવળી | મતિ શ્રુત અજ્ઞાની. |
| સમ-સરખા. | અણંતગુણા-અનંત ગુણા. | અણંતગુણ-અનંત ગુણ |
| અસંખ-અસંખ્યાત. | મઇ સુઅનાણિ- | તુલ્લા-સરખા |
| વિબ્ભંગા-વિભંગ જ્ઞાની | | |

૪ કષાય અને ૮ જ્ઞાને અલ્પબહુત્વ

**માણી કોહી માયી, લોભી અહિઅ**—માની ક્રોધી માયી અને લોભી એક એકથી અનુક્રમે અધિક હોય

સર્વથી માની થોડા (પણ અનંતા) તેથી ક્રોધી અધિક (ક્રોધના પરિણામનો કાળ અધિક છે તેથી માયી અધિક, બહુ કાળ સુધી રહે માટે. તેથી લોભી અધિક પ્રાયઃ સર્વને સદા હોય માટે. મનુષ્યને માન, નારકીને ક્રોધ, તિર્યંચને માયા અને દેવને લોભ વધારે હોય.

**મણનાણિણો થોવા**—મનઃપર્યવ જ્ઞાની થોડા હોય.

**ઓહિ અસંખા મઈ સુઅ, અહિઅ સમ અસંખ વિબ્ભંગા. ૪૦**—અવધિજ્ઞાની અસંખ્યાતગુણા. તેથી મતિ અને શ્રુતજ્ઞાની અધિક અને માંહોમાંહે સરખા હોય. તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા હોય.

**કેવલિણો ણંતગુણા**—કેવળજ્ઞાની અનંતગુણા હોય

**મઈ સુઅન્નાણિ ણંતગુણ તુલ્લા**—મતિઅજ્ઞાની અને શ્રુત અજ્ઞાની અનંતગુણા અને માહોમાંહે સરખા હોય.

મન.પર્યવજ્ઞાની થોડા (પણ સંખ્યાતા) કોઈક લબ્ધિવંત સાધુને હોય. તેથી અવધિ જ્ઞાની અસંખ્યાતગુણા સમ્યગ દૃષ્ટિ દેવ નારકીને તથા કોઈક મનુષ્ય તિર્યંચને હોય. તેથી મતિ શ્રુતજ્ઞાની અધિક છે. મનુષ્ય તિર્યંચમાં અવધિ વિના સમ્યગ્ દૃષ્ટિ હોય માટે અને માંહોમાંહે બંને સરખા છે તેથી વિભંગજ્ઞાની અસંખ્યાત ગુણા

સૂક્ષ્મ સંપરાયી સર્વથી થોડા ઉત્કૃષ્ટથી શતપૃથકત્વ. તેથી પરિહાર વિશુદ્ધિ સંખ્યાતગુણા. જઘન્યથી ૩ ગણુ અને ઉત્કૃષ્ટા સહસ્રપૃથકત્વ પામીએ. તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાત ગુણા. ૨ ક્રોડથી ૯ ક્રોડ કેવળી સદાય હોય તેથી છેદોપસ્થાપનીય ચારિત્રી સખ્યાત ગુણા. ૨૦૦ ક્રોડથી ૯૦૦ ક્રોડ પામીએ. તેથી સામાયિક ચારિત્રી સંખ્યાતગુણા. ૨૦૦૦ ક્રોડથી ૯૦૦૦ ક્રોડ સદાયે હોય. તેથી દેશવિરતિ અસંખ્યાતગુણા. તિર્યંચમાં અસંખ્યાતા પામીએ. તેથી અવિરતિ અનંતગુણા. મિથ્યાદષ્ટિ અનંતા છે માટે.

**થોવ અસંખ દુણંતા, ઓહિ નયણ કેવલ અચક્ખુ.**

૪૨—અવધિદર્શની થોડા (૪ ગતિમાં છે) તેથી ચક્ષુદર્શની અસખ્યાત ગુણા (ચઉરિંદ્રિય પંચેંદ્રિયમાં હોય માટે. કેવળ દર્શની અનંતગુણા (સિદ્ધ અનંતા છે માટે) તેથી અચક્ષુ દર્શની અનંતગુણા. (સર્વ સંસારી જીવને હોય.)

અવધિદર્શની થોડા (પણ અસંખ્યાતા) દેવ નારકી અને કોઈક મનુષ્ય તિર્યંચમાં હોય. તેથી ચક્ષુદર્શની અસંખ્યાત ગુણા. ચઉરિંદ્રિય પંચેંદ્રિયમાં હોય. તેથી કેવળ દર્શની અનંતગુણા. સિદ્ધોને હોય. તેથી અચક્ષુદર્શની અનંતગુણા. સર્વ સંસારી જીવોને હોય.

| | | |
|---|---|---|
| પચ્છાણુપુવ્વિ-છેલ્લે-થી પહેલી સુધી. | અસંખ-અસખ્યાત ગુણા | અભવ-અભવ્યો |
| લેસા-લેશ્યા. | અણત-અનંત | ઈઅર-ઈતર ભવ્યો |
| થોવા-થોડા | દો-બે લેશ્યાવાળા | થોવ-થોડા |
| દો-બે લેશ્યાવાળા | અહિઆ-અધિક | અણંતા-અનંત ગુણા |

| | | |
|---|---|---|
| દુ-(એ) બે. | થોવ-થોડા. | ઈઅર-આહારી |
| અણુંતા-અનંત ગુણા. | અણુંતા-અનંતગુણા. | અસંખા-અસંખ્યાત ગુણા |
| સન્નિ-સંજ્ઞી. | અણુહાર-અણુહારી. | |
| ઈઅર-અસંજ્ઞી | થોવ-થોડા. | |

૬ સમ્યક્ત્વ ૨ સંજ્ઞીમાર્ગણા અને ૨ આહારી માર્ગણાએ અલ્પબહુત્વ

**સાસણ થોવોવસમ સંખા.** ૪૩—સાસ્વાદની સર્વથી થોડા હોય. તેથી ઉપશમ સમ્યક્ત્વી સંખ્યાતગુણા હોય.

**મીસા સંખા વેઅગ, અસંખગુણ**—મિશ્રદષ્ટિ સંખ્યાતગુણા તેથી ક્ષયોપશમ સમ્યક્ત્વી અસંખ્યાતગુણા હોય.

**ખઈઅ મિચ્છ દુણંતા**—ક્ષાયિક સમ્યક્ત્વી અને મિથ્યાત્વી એ બે અનુક્રમે અનંતગુણા હોય

સાસ્વાદની થોડા (પણ અસંખ્યાતા) ઉપશમ સમકિત વમતાં કોઇકને હોય. તેને કાળ અલ્પ (૬ આવલિકા) છે. તેથી ઉપશમ સમકિતી સંખ્યાતગુણા. તેને કાળ વધારે (અંતર્મુહૂર્ત) છે. તેથી મિશ્રદષ્ટિ સંખ્યાત ગુણા. તેને કાળ અંતર્મુહૂર્ત ચડતાં અને પડતાં મિશ્ર ગુણઠાણું હોય માટે. તેથી ક્ષાયોપશમિક અસંખ્યાતગુણા. તેને કાળ વધારે (૬૬ સાગરોપમથી અધિક) છે તેથી ક્ષાયિક સમકિતી અનંતગુણા. સર્વસિદ્ધોને હોય તેથી મિથ્યાદ્રષ્ટિ અનંતગુણા. વનસ્પતિમાં હોય તે માટે.

**સન્નિઅર થોવ ણંતા**—સંજ્ઞી થોડા અને તેથી અસંજ્ઞી અનંત ગુણા હોય. સંજ્ઞી થોડા (પણ અસંખ્યાતા) પંચેંદ્રિયમાં હોય. તેથી અસંજ્ઞી અનંતગુણા. એકેંદ્રિય આદિમાં હોય.

**ણુહાર થોવેઅર અસંખા.** ૪૪—અણાહારી થોડા અને તેથી આહારી અસંખ્યાતગુણા હોય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | કેવળ જ્ઞાની | ૧ | ૨ | ૭ | ૨ | ૧ | અનંતગુણા | [illegible] |
| ૩૧ | મતિ અજ્ઞાની | ૧૪ | [illegible] | ૧૩ | ૫ | ૬ | અનંતગુણા | [illegible] |
| ૩૨ | શ્રુત અજ્ઞાની | ૧૪ | [illegible] | ૧૩ | ૫ | ૬ | સરખા | [illegible] |
| ૩૩ | વિભંગ જ્ઞાની | ૨ | [illegible] | ૧૩ | ૫ | ૬ | અસંખ્યાતગુણા | [illegible] |
| ૩૪ | સામાયિક | ૧ | ૪ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | [illegible] |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૪ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૪ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૨ | ૯ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૧ | ૯ | ૭ | ૧ | સર્વથી થોડા | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ | ૪ | ૧૧ | ૯ | ૧ | સંખ્યાતગુણા | ૩ |
| ૩૯ | દેશવિરતિ | ૧ | ૧ | ૧૧ | ૬ | ૬ | અસંખ્યાતગુણા | ૬ |
| ૪૦ | અવિરતિ | ૧૪ | ૪ | ૧૩ | ૯ | ૬ | અનંતગુણા | ૭ |
| ૪૧ | ચક્ષુદર્શની | ૩–૬ | ૧૨ | ૧૩ | ૧૦ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |
| ૪૨ | અચક્ષુદર્શની | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ | અનંતગુણા | ૪ |
| ૪૩ | અવધિદર્શની | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૪૪ | કેવળદર્શની | ૧ | ૨ | ૭ | ૨ | ૧ | અનંતગુણા | ૩ |
| ૪૫ | કૃષ્ણલેશી | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વિશેષાધિક | ૬ |
| ૪૬ | નીલલેશી | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વિશેષાધિક | ૫ |
| ૪૭ | કાપોતલેશી | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | અનંતગુણા | ૪ |
| ૪૮ | તેજોલેશી | ૩ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | અસંખ્યાતગુણા | ૩ |
| ૪૯ | પદ્મલેશી | ૨ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | અસંખ્યાતગુણા | ૨ |
| ૫૦ | શુક્લલેશી | ૨ | ૧૩ | ૧૫ | ૧૨ | ૧ | સર્વથી થોડા | ૧ |
| ૫૧ | ભવ્ય | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણા | ૨ |
| ૫૨ | અભવ્ય | ૧૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૫૩ | ક્ષાયોપશમિક | ૨ | ૪ | ૧૫ | ૭ | ૬ | અસંખ્યાતગુણા | ૪ |
| ૫૪ | ક્ષાયિકસમ્યક્ત્વ | ૨ | ૧૧ | ૧૫ | ૯ | ૬ | અનંતગુણા | ૫ |
| ૫૫ | ઔપશમિક | ૨ | ૮ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૫૬ | મિશ્રદષ્ટિ | ૧ | ૧ | ૧૦ | ૫-૬ | ૬ | સંખ્યાતગુણા | ૩ |
| ૫૭ | સાસ્વાદન | ૭ | ૧ | ૧૩ | ૫ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૫૮ | મિથ્યાત્વી | ૧૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | અનંતગુણા | ૬ |
| ૫૯ | સંજ્ઞી | ૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૨ | ૨ | ૬ | ૪ | ૪ | અનંતગુણા | ૨ |
| ૬૧ | આહારી | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |
| ૬૨ | અણાહારી | ૮ | ૫ | ૧ | ૧૦ | ૬ | સર્વથી થોડા | ૧ |

આહારક કાયયોગ હોય. સયોગીએ ૭ યોગ કાર્મણ અને ઔદારિકમિશ્ર કેવળી સમુદ્ઘાતે હોય, મન યોગે અનુત્તર સુરે પૂછેલા પ્રશ્નનો ઉત્તર દે. વચન યોગે દેશના આપે અને ઔદારિક કાય યોગ તો ઔદારિક શરીરને લીધે સહેજે હોય. અયોગીએ યોગનો રોધ કરવાથી એકે યોગ ન હોય

| | | |
|---|---|---|
| તિઅનાણ–૩ અજ્ઞાન. | નાણ–૩ જ્ઞાન. | સહિત ૭ |
| દુદંસ–૨ દર્શન. | દંસતિગં–૩ દર્શન | જયાઇ–પ્રમત્તાદિ |
| આઈમદુગે–પહેલા | તે–તે ૬ ઉપયોગ | ૭ ગુણઠાણે |
| બે ગુણઠાણે | મીસિ–મિશ્ર ગુણઠાણે | કેવલદુ–કેવળ-દ્વિક |
| અજઇ–અવિરતિ | મીસા–અજ્ઞાને મિશ્ર. | અંતદુગે–છેલ્લા બે |
| દેસિ–દેશવિરતિએ | સમણા–મન.પર્યવ | ગુણઠાણે |

ગુણઠાણે ઉપયોગ.

**તિઅનાણ દુદંસાઇમિ, દુગે**—પહેલા બે (મિથ્યાત્વ સાસ્વાદન) ગુણઠાણે ૩ અજ્ઞાન અને ૨ દર્શન (ચક્ષુ–અચક્ષુ) એમ ૫ ઉપયોગ હોય.

**અજઇ દેસિ નાણ દંસતિગં**—અવિરતિ અને દેશવિરતિ ગુણઠાણે ૩ જ્ઞાન અને ૩ દર્શન એમ ૬ ઉપયોગ હોય.

**તે મીસિ મીસા**—મિશ્રગુણઠાણે તે ૬ ઉપયોગ ૩ અજ્ઞાને કરી મિશ્રિત હોય.

**સમણા, જયાઇ**—પ્રમત્તાદિ ૭ ગુણઠાણે ( તે ૬ ઉપયોગ ) મનઃપર્યવજ્ઞાન સહિત ૭ ઉપયોગ હોય

**કેવલદુ અંતદુગે ૪૮**—છેલ્લા બે (સયોગી અયોગી) ગુણઠાણે કેવલદ્વિક ( કેવળજ્ઞાન–કેવળદર્શન એમ બે ઉપયોગ ) હોય. ( બાકીના ૧૦ ઉપયોગ તો છદ્મસ્થને હોય.)

અપેક્ષાએ સિદ્ધાંતકાર માને છે. અને કર્મગ્રંથકાર ઉપશમ સમ્યક્ત્વથી પડીને સાસ્વાદને આવીને કાળ કરી એકેંદ્રિયમાં ઉપજતી વખતે વર્તમાન કાળની અપેક્ષાએ સાસ્વાદન ગુણઠાણું માને છે. વળી વિભંગજ્ઞાનીને પણ સામાન્ય ઉપયોગ એટલે અવધિ દર્શન હોય તેથી અવધિ દર્શને પહેલેથી ૧૨ ગુણઠાણાં હોય અને કર્મ ગ્રંથકાર સમ્યગ્દૃષ્ટિને અવધિ દર્શન હોય, તેથી ચોથા ગુણઠાણાથી બારમા ગુણઠાણા સુધી અવધિ દર્શન હોય એમ માને છે.

| | | |
|---|---|---|
| છસુ-૬ ગુણઠાણે | આદિ ૩. | સુક્કા-શુક્લ લેશ્યા |
| સવ્વા-સર્વ લેશ્યા | ઇગિ-એક અપ્રમત્તે. | અજોગિ-અયોગી. |
| તેઉતિગં-તેજો | છસુ-૬ ગુણઠાણે | અલ્લેસા-લેશ્યા રહિત |

ગુણઠાણે લેશ્યા.

**છસુ સવ્વા**—૬ ગુણઠાણે (પહેલેથી) ૬ લેશ્યા હોય.
**તેઉતિગં, ઈગિ**—૧ અપ્રમત્ત ગુણઠાણે તેજો આદિ ૩ (તેજો પદ્મ શુકલ) લેશ્યા હોય.

**છસુ સુક્કા**—૬ (અપૂર્વકરણાદિ) ગુણઠાણે શુકલલેશ્યા હોય.
**અજોગિ અલ્લેસા**—અયોગિ ગુણઠાણાવાળા લેશ્યા રહિત હોય.

દરેક લેશ્યાના અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનક છે, તેથી પ્રમત્તે પણ કૃષ્ણલેશ્યાના અધ્યવસાય હોય.

| | | |
|---|---|---|
| બંધસ્સ-બંધના | અવિરઈ-અવિરતિ | જોગત્તિ-યોગ એમ. |
| મિચ્છ-મિથ્યાત્વ | કસાય-કષાય | ચઉ હેઉ-૪ હેતુ |

કર્મબંધના મૂળ ૪ હેતુ.

**બંધસ્સ મિચ્છ અવિરઈ, કસાય જોગત્તિ ચઉ હેઉ. ૫૦—**
મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ એમ બંધના ૪ હેતુઓ છે

એકેંદ્રિયને અનભિગ્રહિક મિથ્યાત્વ હોય એમ પંચ સંગ્રહમાં કહ્યું છે. કારણ કે એણે કોઈ દેવ ગુરૂ ધર્મને અંગીકાર કર્યો નથી. અનભિગ્રહિક મિશ્ર અને વીતરાગમા શું તફાવત? અનભિગ્રહિક મિથ્યાત્વી થોડુ જાણ્યા જોયા કે સાંભળ્યા પછી ભદ્રક પરિણામથી ખોટા દર્શનને પણ સારૂં કહે એટલે સર્વ દર્શન સારાં છે એમ માને મિશ્ર ગુણઠાણાવાળો જાણ્યા જોયા કે સાંભળ્યા વિના રાગ દ્વેષ કરતો નથી. અને વીતરાગ જાણ્યા જોયા છતાં રાગ દ્વેષ કરતા નથી.

| | | |
|---|---|---|
| ઇગ ચઉ-૧-૪ | મિચ્છ-મિથ્યાત્વ | તિ-૩ બંધ હેતુ |
| પણ તિ-૫-૩ | મિચ્છ અવિરતિ- મિથ્યાત્વ અવિર્તિ. | પચ્ચઇઆ-પ્રત્યયિક |
| ગુણેસુ-ગુણઠાણે | | આહારગ-આહારક દ્રિક. |
| ચઉ તિ-૪-૩ | પચ્ચઇઆ-પ્રત્યયિક | |
| દુગ ઇગ-૨-૧ | સાય-શાતા. | જિણવજ્જ-જિન વર્જીને. |
| પચ્ચઓ-પ્રત્યયિક | સોલ-૧૬ પ્રકૃતિ | |
| બંધો-બંધ | પણતીસા-૩૫ પ્રકૃતિ | |
| ચઉ-૪ પ્રત્યયિક. | જોગવિણુ-યોગ-વિના | સેસાઓ-બાકીની |

ગુણઠાણાને વિષે મૂળ બંધ હેતુ.

**ઈગ ચઉ પણ તિ ગુણેસુ, ચઉ તિ દુગ ઈગ પચ્ચઓ બંધો. ૫૨**—૧-૪-૫-૩ ગુણઠાણે અનુક્રમે ૪-૩-૨-૧ હેતુ પ્રત્યયિક બંધ હોય

૧૨૦ ઉત્તર-પ્રકૃતિને વિષે મૂળબંધ હેતુ

**ચઉ મિચ્છ મિચ્છઅવિરઈ, પચ્ચઈઆ સાય સોલ પણતીસા**—શાતા વેદનીય ૪ બંધહેતુ પ્રત્યયિકી, ૧૬ પ્રકૃતિ મિથ્યાત્વ પ્રત્યયિકી, ૩૫ પ્રકૃતિ મિથ્યાત્વ અને અવિરતિ પ્રત્યયિકી છે. (કુલ-૫૨)

| | | |
|---|---|---|
| છ ચઉ દુગવીસા-<br>૨૬-૨૪-૨૨<br>સોલસ દસ-૧૬-૧૦ | નવ નવ-૯-૯.<br>સત્ત હેઉણો-૭<br>હેતુઓ | ન ઉ-ન વળી<br>અજોગિમ્મિ-<br>અયોગીએ |

## ૧૪ ગુણઠાણે ઉત્તરબંધ હેતુ.

પણપન્ન પન્ના તિઅ છહિઅ, ચત્ત—મિથ્યાત્વે ૫૫, સાસ્વાદને ૫૦, મિશ્રે ૪૩, અવિરતિએ ૪૬

ગુણચત્ત છ ચઉ દુગ વીસા—દેશવિરતિએ ૩૯, પ્રમત્તે ૨૬, અપ્રમત્તે ૨૪, અપૂર્વકરણે ૨૨

સોલસ દસ નવ નવ સત્ત, હેઉણો નઉ અજોગિમ્મિ. ૫૪—અનિવૃત્તિ એ ૧૬, સૂક્ષ્મસંપરાયે ૧૦, ઉપશમે ૯, ક્ષીણ મોહે ૯ સયોગીએ ૭ હેતુઓ હોય અયોગી ગુણઠાણે વળી બંધ હેતુ ન હોય.

| | | |
|---|---|---|
| પણપન્ન-૫૫ | મીસે-મિશ્રે | મુત્તુ-મૂકીને |
| મિચ્છિ-મિથ્યાત્વે | અહ-હવે | ગુણચત્ત-૩૯ |
| આહારગદુગૂણ-આહારકદ્વિક વિના. | છ ચત્તા-૪૬ | દેસે-દેશવિરતિએ. |
| સાસાણિ-સાસ્વાદને. | સદુમીસ-બે મિશ્ર સહિત | છવીસ-૨૬ |
| પન્ન-૫૦ | કમ્મ-કાર્મણ. | સાહારદુ-આહારકદ્વિક સહિત. |
| મિચ્છ વિણા-મિથ્યાત્વ પાંચ વિના | અજએ-અવિરતિએ | પમત્તે-પ્રમત્તે |
| મીસ દુગ-બે મિશ્ર | અવિરઈ-અવિરતિ | અવિરઇ ઈગાર-૧૧ અવિરતિ |
| કમ્મ-કાર્મણ | કમ્મ-કાર્મણ | તિકસાય-ત્રીજો કષાય |
| અણ-અનંતાનુબંધી | ઉરલમીસ-ઔદારિક મિશ્ર | વજ્જ-વર્જીને |
| વિણુ-વિના | બિકસાએ-બીજો કષાય | અપમત્તિ-અપ્રમત્તે |
| તિચત્ત-૪૩ | | |

અપુવ્વે પુણ, દુવીસ અવિઉવ્વિ આહારે. ૫૭—અપૂર્વ કરણે વળી વૈક્રિય અને આહારક કાયયોગ વિના ૨૨ હેતુઓ હોય.

**વિવેચન**—મિથ્યાત્વે આહારક દ્વિકનો ઉદય ન હોય તે માટે ૫૫ બંધ હેતુ હોય. સાસ્વાદને ૫ મિથ્યાત્વ વિના ૫૦ બંધ હેતુ હોય, કારણકે મિથ્યાત્વ ગુણઠાણે ૫ મિથ્યાત્વ હોય. ઔદારિક મિશ્ર, વૈક્રિય મિશ્ર અને કાર્મણ એ ૩ યોગ તો ઉપજતી વેળાએ અને વિગ્રહ ગતિએ હોય, પણ મિશ્ર ગુણઠાણે કોઈ મરે નહિ તેથી વિગ્રહગતિ કે અપર્યાપ્ત અવસ્થા આવે નહિ માટે હોય, તેમજ અનંતાનુબંધીનો ઉદય તો સાસ્વાદન લગેજ હોય તેથી મિશ્ર ૪૩ બંધ હેતુ હોય અવિરતિ સમ્યગ્દષ્ટિ મરીને ચાર ગતિમાં જાય માટે વિગ્રહગતિએ અને ઉપજવાના પહેલા સમયે કાર્મણ અને બીજા સમયથી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદારિક મિશ્ર અને વૈક્રિય મિશ્ર હોય, તેથી ચોથે ગુણઠાણે ૪૬ બંધ હેતુ હોય. તે મધ્યે ત્રસકાયની અવિરતિ કાર્મણ ઔદારિક મિશ્ર અને અપ્રત્યાખ્યાનીય ૪ કષાય એ ૭ વિના ૩૯ બંધ હેતુ દેશવિરતિ ગુણઠાણે હોય પ્રમત્ત ગુણઠાણે ૨૬ બંધ હેતુ હોય. ત્યાં આહારકદ્વિકનો ઉદય હોય માટે તે બે યોગ સહિત કરીએ અને ૧૧ અવિરતિ અને પ્રત્યાખ્યાનીય ૪ એ ૧૫ વિના ૨૬ બંધ હેતુ હોય તેમાંથી વૈક્રિય મિશ્ર અને આહારક મિશ્ર વિના અપ્રમત્તે ૨૪ બંધ હેતુ હોય. અપ્રમત્ત થકો વૈક્રિય કે આહારકનો પ્રારંભ ન કરે અપૂર્વકરણે વૈક્રિય અને આહારક વિના ૨૨ બધ હેતુ હોય.

| | | |
|---|---|---|
| અછહાસ—હાસ્યાદિ ૬ વિના. | સોલ—૧૬ બાયરિ—બાદરસંપરાયે | સુહુમે—સૂક્ષ્મ સંપરાયે દસ—૧૦ |

| | | |
|---|---|---|
| વેઅ-૩ વેદ. | ખીણ-ક્ષીણ મોહ | સજોગિ-સયોગીએ |
| સંજલણ-સંજ્વલન. | ઉવસંતિ-ઉપશાંતે. | પુવ્વુત્ત-પૂર્વે કહેલા. |
| તિ વિણા-૩ વિના. | અલોભા-લોભ વિના | સગ જોગા-૭ યોગ. |

## ૯ થી ૧૩મા ગુણઠાણા સુધી ઉત્તર બંધ હેતુ.

**અછહાસ સોલ બાયરિ**—બાદર સંપરાયે (અનિવૃત્તિએ) હાસ્યાદિ ૬ વિના ૧૬ બંધ હેતુઓ હોય.

**સુહુમે દસ વેઅ સંજલણ તિ વિણા**—સૂક્ષ્મ સંપરાયે ૩ વેદ અને સંજ્વલન ત્રિક (ક્રોધ-માન-માયા) વિના ૧૦ હેતુઓ હોય.

**ખીણુવસંતિ અલોભા**—ક્ષીણમોહ અને ઉપશાંત મોહે સંજ્વલન લોભ વિના ૯ હેતુઓ હોય.

**સજોગિ પુવ્વુત્ત સગ જોગા. ૫૮**—સયોગી ગુણઠાણે પૂર્વે કહેલ (કાર્મણ ઔદારિક દ્વિક છેલ્લા-પહેલા મન અને વચનના બે બે એમ) ૭ યોગ હોય.

અહીં ચૌદ ગુણઠાણે ઉત્તર બંધહેતુ કહ્યા, તે સર્વ જીવ આશ્રયીને ભેગા કહ્યા, પણ એકેક જીવ આશ્રયીને વિવક્ષીએ ત્યારે તેના ૪૭૦૨૯૩૦ ભાગા થાય. ત્યાં પ્રથમ મિથ્યાત્વ ગુણઠાણે ૩૪૭૭૬૦૦ ભાગા થાય, તે આ પ્રમાણે-મિથ્યાત્વ ગુણઠાણે આહારકદ્વિક વિના ૫૫ હેતુ ભેગા કહ્યા, પણ એક જીવને તો જઘન્યથી ૧૦, મધ્યમથી ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, અને ઉત્કૃષ્ટથી ૧૮ હેતુ, એમ નવ વિકલ્પ હોય. ત્યાં પાંચ મિથ્યાત્વમાંથી એક જીવને એક સમયે એક જ મિથ્યાત્વ હોય, પાંચ ઈંદ્રિય મધ્યે એક ઈંદ્રિયનો વિષય હોય અને મનની અવિરતિ તો યોગ મધ્યે જ ગણી છે માટે અહીંઆ ગણવી નહી. તથા છ કાય મધ્યે કોઈક જીવ કોઈવારે એક કાયનો વધ કરે એટલે પૃથ્વીનો જ વધ કરે અથવા અપ્નોજ વધ કરે, એવં છ કાયના ૬ ભાગા થાય કોઈક જીવ બે કાયનો વધ કરે, તેના દ્વિસંયોગી ૧૫ ભાગા થાય કોઈક જીવ ત્રણ કાયનો વધ કરે, તેના ત્રિસંયોગી ૨૦ ભાગા થાય

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય કુચ્છા અને બે કાય ગણીએ ત્યારે **૧૩ હેતુ** થાય, ત્યા ૯૦૦૦૦ ભાંગા થાય **ભય** અને ત્રણ કાય ગણીએ ત્યારે ૧૨૦૦૦૦ ભાંગા થાય. **કુચ્છા** અને ત્રણ કાયે પણ ૧૨૦૦૦૦ ભાંગા થાય ૪ કાય ગણીએ ત્યારે ૯૦૦૦૦ ભાગા થાય તથા **અનંતાનુબંધીને** ઉદયે ભય, કુચ્છા ભેળવીએ ત્યારે યોગ ૧૩ હોય, તેથી ૪૬૮૦૦ ભાંગા થાય. **અનંતાનુબંધી ભય** અને બે કાય ગણતા ૧૧૭૦૦૦ ભાગા થાય; તેમજ **અનંતાનુબંધી** કુચ્છા અને **બે** કાય ભેળવતા ૧૧૭૦૦૦ ભાગા થાય **અનંતાનુબંધી** અને ત્રણ કાય લઇએ ત્યારે ૧૫૬૦૦૦ ભાગા થાય એ ૧૩ હેતુના આઠ વિકલ્પે થઇને ૮૫૬૮૦૦ ભાંગા થયા

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા અને ત્રણ કાય ગણીએ ત્યારે **૧૪ હેતુ** થાય, ત્યા ૧૨૦૦૦૦ ભાગા થાય **ભયને** ૪ કાય ગણીએ ત્યારે ૯૦૦૦૦ ભાગા થાય **પાંચ** કાય ગણીયે ત્યારે ૩૬૦૦૦ ભાગા થાય. **અનંતાનુબંધીને** ઉદયે **ભય** કુચ્છા અને બે કાય ગણીયે ત્યારે યોગ ૧૩ હોય, ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય **અનંતાનુબંધી ભય** અને ત્રણ કાય ગણતા ૧૫૬૦૦૦ ભાગા થાય **અનંતાનુબંધી** કુચ્છા અને ત્રણ કાય ભેળવીએ ત્યારે ૧૫૬૦૦૦ ભાગા થાય **અનંતાનુબંધી** અને ચાર કાય ભેળવીએ ત્યારે ૧૧૭૦૦૦ ભાગા થાય એ ચૌદ હેતુના આઠ વિકલ્પે થઇને ૮૮૨૦૦૦ ભાગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે **ભય,** કુચ્છા અને ૪ કાય ગણીએ ત્યારે **૧૫ હેતુ** હોય, ત્યા ૯૦૦૦૦ ભાગા થાય **ભય** અને **૫** કાયના ૩૬૦૦૦ ભાંગા થાય કુચ્છા અને **૫** કાયના ૩૬૦૦૦ ભાગા થાય અને છ કાય ભેળવાયે ત્યારે ૬૦૦૦ ભાગા થાય. **અનંતાનુબંધીને** ઉદયે યોગ ૧૩ હોય તેથી **અનંતાનુબંધી ભય** કુચ્છા અને ત્રણ કાય ગણીએ ત્યારે

* એક કાય પ્રથમના દશ હેતુમા ગણાયેલ છે તેથી બે કાય ગણતાં ફક્ત એક હેતુ વધ્યો એમ બધે સમજવુ

૧૫૬૦૦૦ ભાંગા થાય અનંતાનુબંધી ભય અને ૪ કાય ગણીયે ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય અનંતાનુબંધી કુચ્છા અને ૪ કાય ભેળવીએ ત્યારે ૧૧૭૦૦૦ ભાગા થાય અનતાનુબંધી અને ૫ કાય ગણીયે ત્યારે ૪૬૮૦૦ ભાગા થાય એ ૧૫ હેતુના આઠ વિકલ્પે થઇને ૬૦૪૮૦૦ ભાગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા અને ૫ કાય ભેળવીએ એટલે ૧૬ હેતુ થાય. ત્યા ૩૬૦૦૦ ભાગા થાય. ભય અને ૭ કાયના ૬૦૦૦ ભાગા થાય કુચ્છા અને ૭ કાયના ૬૦૦૦ ભાગા થાય અનતાનુબંધીને ઉદયે ભાગ ૧૩ હોય તેથી અનંતાનુબંધી, ભય, કુચ્છા અને ૪ કાય ગણીએ ત્યા ૧૧૭૦૦૦ ભાગા થાય અનંતાનુબંધી, ભય અને ૫ કાય ગણીએ ત્યારે ૪૬૮૦૦ ભાગા થાય અનતાનુબંધી, કુચ્છા અને ૫ કાય ભેળવીયે, ત્યારે ૪૬૮૦૦ ભાગા થાય, અનંતાનુબંધી અને ૬ કાય ભેળવીએ ત્યારે ૭૮૦૦ ભાગા થાય એ સોળ હેતુના ૭ વિકલ્પે થઇને ૨૬૬૪૦૦ ભાગા થયા

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા અને ૭ કાય લઇએ ત્યારે ૧૭ હેતુ હોય, ત્યા ૬૦૦૦ ભાગા થાય અનંતાનુબંધીને ઉદયે ભય કુચ્છા અને ૫ કાય ગણીએ ત્યારે ૪૬૮૦૦ ભાગા થાય અનંતાનુબંધી. ભય અને કાય ૬ હોય, ત્યા ૭૮૦૦ ભાગા થાય અનતાનુબંધી, કુચ્છા અને ૬ કાય હોય ત્યારે ૭૮૦૦ ભાગા થાય એ ૧૭ હેતુના ચાર વિકલ્પે થઇને ૬૮૪૦૦ ભાગા થયા.

હવે ૬ કાય, ૧ મિથ્યાત્વ, ૧ ઇંદ્રિય, ૪ કષાય, ૨ યુગલ હાસ્યાદિ, ૧ વેદ, ૧ યોગ, ભય અને કુચ્છા, એ ૧૮ હેતુના ૭૮૦૦ ભાગા થાય એવ મિથ્યાત્વ ગુણઠાણે ૧૦ થી ૧૮ હેતુના ૯ વિકલ્પે થઇને ૩૪૭૭૬૦૦ ભાગા થાય

હવે બીજા સાસ્વાદન ગુણઠાણે ૩૮૩૦૪૦ ભાગા ઉપજે, તે આ પ્રમાણે- પાચ મિથ્યાત્વ ટાળતા સાસ્વાદન ગુણઠાણે સર્વ જીવ આશ્રયીને ૫૦ હેતુ કહ્યા પણ એક જીવને તો જઘન્ય ૧૦, મધ્યમ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬

અને ઉત્કૃષ્ટા ૧૭ હેતુ એક સમયે હોય, એ આઠ વિકલ્પ હોય અનંતાનુબંધ ... ઉદયે અવશ્ય હોય, મિથ્યાત્વ પાંચે ન હોય, જઘન્યપદે કાય ૧નો વધ ... ઇંદ્રિય ૧, કષાય ૪, હાસ્યાદિ યુગલ ૨, વેદ ૧ અને યોગ ૧૩ માંહેલ એક; એ દશ હેતુ હોય એક કાયના ભાગા ૬ તેને પાંચ ઈંદ્રિય સાથે ગુણતાં ૩૦ થાય, તેને ચાર કષાય સાથે ગુણતા ૧૨૦ થાય તેને બે યુગલ સાથે ગુણીએ ત્યારે ૨૪૦ થાય, તે એક વેદના ભાંગા થાય તેને ૩ વેદ સાથે ગુણીએ ત્યારે ૭૨૦ થાય, તેને ૧૩ યોગ સાથે ગુણીએ ત્યારે ૯૩૬૦ થાય સાસ્વાદને નપુંસકવેદે વૈક્રિય મિશ્ર યોગ ન હોય, કેમકે સાસ્વાદની નારકીમાં ન ઉપજે તે માટે ૯૩૬૦ માંથી ૨૪૦ ભાગા ઓછા કરીએ ત્યારે ૯૧૨૦ ભાંગા ૧૦ હેતુના થાય તે ૧૦ હેતુ માહે ભય ભેળવીએ ત્યારે ૧૧ હેતુના ૯૧૨૦ ભાગા અથવા કુચ્છા ભેળવીએ ત્યારે પણ ૧૧ હેતુના ૯૧૨૦ ભાંગા થાય. તથા કાય ૨ લઇએ ત્યારે ત્યા ભાંગા ૨૨૮૦૦ થાય એમ ૧૧ હેતુના ત્રણ વિકલ્પે ૪૧૦૪૦ ભાગા થયા

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માહે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૨ હેતુ થાય, ત્યારે ૯૧૨૦ ભાગા થાય. ભય અને ૨ કાય લઇએ ત્યારે ભાંગા ૨૨૮૦૦ થાય, કુચ્છા અને ૨ કાય લઈએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય ફક્ત ૩ કાય લેતાં ૩૦૪૦૦ ભાગા થાય એ ૧૨ હેતુના ૪ વિકલ્પે ૮૫૧૨૦ ભાગા થાય

હવે પૂર્વોકત ૧૦ હેતુ માહે ભય અને કુચ્છા અને ૨ કાય લઇએ ત્યારે ૧૩ હેતુ થાય, ત્યાં ૨૨૮૦૦ ભાગા. ભય અને ૩ કાય લઇએ ત્યારે ૩૦૪૦૦ ભગા ફક્ત ૩૦૪૦૦ ભાગા કુચ્છા અને ૩ કાય લઇએ ત્યારે ૩૦૪૦૦ ભાગા ૪ કાય જ લઇએ ત્યારે ૨૨૮૦૦ ભાગા થાય એ ૪ વિકલ્પે ૧૩ હેતુ ૧૦૬૪૦૦ ભાગા થયા

હવે પૂર્વોકત ૧૦ હેતુ માહે ભય, કુચ્છા અને ૩ કાય ભેળવે ત્યારે ૧૪ હેતુ થાય, ત્યા ૩૦૪૦૦ ભાગા. ભય અને ૪ કાય લઇએ ત્યારે ૨૨૮૦૦ ભા ત્યારે ૨૨૮૦૦ ભાગા કુચ્છા અને ૪ કાય લઇએ ત્યારે ૨૨૮૦૦ ભા

પૂર્વોક્ત ૯ માંહે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૧ હેતુ થાય ત્યારે ૭૨૦૦ ભાગા ભય અને ૨ કાય લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા કુચ્છા અને ૨ કાય લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાગા ૩ કાય જ લઇએ ત્યારે ૨૪૦૦૦ ભાંગા થાય. એ ૧૧ હેતુના ૪ વિકલ્પે ૬૭૨૦૦ ભાગા થયા.

હવે પૂર્વોક્ત ૯ માંહે ભય કુચ્છા અને ૨ કાય લઇએ ત્યારે ૧૨ હેતુના ૧૮૦૦૦ ભાગા. ભય અને ૩ કાય લઇએ ત્યારે ૨૪૦૦૦ ભાગા કુચ્છા અને ૩ કાય લઇએ ત્યારે ૨૪૦૦૦ ભાંગા ૪ કાય લઈએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. એ ૧૨ હેતુના ચાર વિકલ્પે ૮૪૦૦૦ ભગા થયા

પૂર્વોકત ૯ માહે ભય કુચ્છા અને ૩ કાય લઈએ ત્યારે ૧૩ હેતુના ૨૪૦૦૦ ભાગા ભય અને ૪ કાય લઈએ ત્યારે ૧૮૦૦૦ ભાગા. કુચ્છા અને ૪ કાય લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાગા, પાંચ કાય જ લઈએ ત્યારે ૭૨૦૦ ભાગા; એ ૧૩ હેતુના ૪ વિકલ્પે ૬૭૨૦૦ ભાગા થયા

હવે પૂર્વોકત ૯ માહે ભય, કુચ્છા અને ૪ કાય ભેળવીએ ત્યારે ૧૪ હેતુના ૧૮૦૦૦ ભાગા. ભય અને ૫ કાય લઇએ ત્યારે ૭૨૦૦ ભાગા કુચ્છા અને ૫ કાય લઇએ ત્યારે પણ ૭૨૦૦ ભાગા, ૬ કાય જ લઈએ ત્યારે ૧૨૦૦ ભાગા, એ ૪ વિકલ્પે ૧૪ હેતુના ૩૩૬૦૦ ભાગા થયા

હવે પૂર્વોકત ૯ માહે ભય, કુચ્છા અને ૫ કાય ભેળવીએ ત્યારે ૧૫ હેતુના ૭૨૦૦ ભાગા. ભય અને ૬ કાય લઇએ ત્યારે ૧૨૦૦ ભાગા. કુચ્છા અને ૬ કાય લઇએ ત્યારે ૧૨૦૦ ભાગા એ ૧૫ હેતુના ૩ વિકલ્પે ૯૬૦૦ ભાગા થયા ૬ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ, ૧ યોગ, ભય અને કુચ્છા, એ પ્રકારે ૧૬ હેતુના ૧૨૦૦ ભાગા થાય એ આઠ વિકલ્પે થઇને મિશ્ર ગુણઠાણે ૩૦૨૪૦૦ ભાંગા થયા

હવે ચોથે અવિરતિ ગુણઠાણે ૩૭૨૯૬૦ ભાગા ઉપજે તે, આ પ્રમાણે—અવિરતિ ગુણઠાણે યોગ તેર હોય તેથી ૪૬ હેતુ હોય એક જીવને જઘન્ય ૯, મધ્યમ ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ઊત્કૃષ્ટા ૧૬ હેતુ હોય ત્યા જઘન્યથી ૧ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ અને ૧ યોગ; એ નવ હેતુ હોય. સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ વૈમાનિકમા દેવ

જ થાય માટે વૈક્રિય મિશ્રે સ્ત્રીવેદ ન હોય તથા સમ્યગ્દૃષ્ટિ દેવ અને નારકી મનુષ્યમા નપુંસક વેદે ન અવતરે, તેથી ઔદારિક મિશ્રે નપુંસકવેદ ન હોય. ત્યારે તેના ભાગા પણ ઓછા થાય ૬ કાય × ૫ ઇંદ્રિય×૪ કષાય×૨ યુગલ× ૩ વેદ = ૭૨૦ તેમા પુરૂષવેદના ૨૪૦ × ૧૩ યોગ = ૩૧૨૦ + સ્ત્રીવેદના ૨૪૦ × ૧૨ યોગ = ૨૮૮૦ + નપુંસક વેદના ૨૪૦ × ૧૨ યોગ = ૨૮૮૦ કુલ ૮૮૮૦ ભાગા ૯ હેતુના એ ૯ હેતુમા ભય ભળ્યે ૮૮૮૦ ભાગા **જુગુપ્સા** નાખીએ તો ૮૮૮૦ અથવા **બે કાય** ગણીએ તો ૨૨૨૦૦ ભાગા. એમ **૧૦ હેતુના ૩ વિકલ્પના** ભાગા ૩૯૯૬૦ થાય એ ૯ હેતુમા **ભય કુચ્છા** નાખીએ તો ૧૧ હેતુના ૮૮૮૦ ભાગા+**ભય** અને **૨ કાય** નાખીએ તો ૨૨૨૦૦ ભાગા+**કુચ્છા** અને **બે કાય** નાખીએ તો ૨૨૨૦૦ ભાગા+ફક્ત **૩ કાય** નાખીએ તો ૨૯૬૦૦ ભાગા એ પ્રમાણે **૧૧ હેતુના ૪** વિકલ્પના =૮૨૮૮૦ ભાગા પૂર્વોક્ત ૯ હેતુમા **ભય કુચ્છા** અને **૨ કાય** નાખીએ તો ૧૨ હેતુના ૨૨૨૦૦ ભાગા+**ભય** અને **૩ કાય** ગણીએ તો ૨૯૬૦૦ ભાગા+**કુચ્છા** અને **૩ કાય** ગણીએ તો ૨૯૬૦૦ ભાગા+**૪ કાય** નાખીએ તો ૨૨૨૦૦ ભાગા એ પ્રમાણે **૧૨ હેતુના ૪** વિકલ્પના ૧૦૩૬૦૦ ભાગા એ પૂર્વોક્ત ૯ હેતુમા **ભય કુચ્છા** અને **૩ કાય** નાખીએ તો ૧૩ હેતુના ૨૯૬૦૦ ભાગા+**ભય** અને **૪ કાય**ના ૨૨૨૦૦ ભાગા+**કુચ્છા** અને **૪ કાય**ના ૨૨૨૦૦ ભાગા+**૫ કાય** નાખીએ તો ૮૮૮૦ ભાગા. એ પ્રમાણે **૧૩ હેતુના ૪ વિકલ્પના** ૮૨૮૮૦ ભાગા થાય પૂર્વોક્ત ૯ હેતુમાં **ભય કુચ્છા** અને **૪ કાય** નાખીએ તો ૧૪ હેતુના ૨૨૨૦૦ ભાગા+**ભય** અને **૫ કાય** નાખીએ તો ૮૮૮૦ ભાગા+**કુચ્છા** ને **૫ કાય**ના ૮૮૮૦ ભાગા +**૬ કાય** નાખીએ તો ૧૪૮૦ ભાગા. એ પ્રમાણે **૧૪ હેતુના ૪** વિકલ્પના ભાગા ૪૧૪૪૦ થાય પૂર્વોક્ત ૯ હેતુમા **ભય કુચ્છા** અને **૫ કાય** નાખીએ તો ૧૫ હેતુના ૮૮૮૦ ભાગા+**ભય** અને **૬ કાય** તો ૧૪૮૦ ભાગા+**કુચ્છા** અને **૬ કાય**ના ૧૪૮૦ ભાગા એ પ્રમાણે **૧૫ હેતુના ૩ વિકલ્પના** ૧૧૮૪૦ ભાગા એ પૂર્વોક્ત ૯ હેતુમા **ભય કુચ્છા** અને **૬ કાય** નાખીએ તો **૧૬ હેતુના ૧૪૮૦ ભાંગા** કુલ અવિરતિ ગુણઠાણે ૩૭૨૯૬૦ ભાગા થાય.

| ગુણસ્થાને | ઓઘહેતુ | વિકલ્પ | સ્થાનક | સર્વ વિકલ્પના ભાગા | ૨ હેતુ | ૩ હેતુ | ૫ હેતુ | ૬ હેતુ | ૭ હેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રમત્ત | ૨૬ | ૩ | ૫-૬-૭ | ૧૧૮૪ | ૦ | ૦ | ૨૯૬ | ૫૯૨ | ૨૯૬ |
| અપ્રમત્તે | ૨૪ | ૩ | ૫-૬-૭ | ૧૦૨૪ | ૦ | ૦ | ૨૫૬ | ૫૧૨ | ૨૫૬ |
| અપૂર્વકરણે | ૨૨ | ૩ | ૫-૬-૭ | ૮૬૪ | ૦ | ૦ | ૨૧૬ | ૪૩૨ | ૨૧૬ |
| અનિવૃત્તી | ૧૬ | ૨ | ૨-૩ | ૧૪૪ | ૩૬ | ૧૦૮ | ૦ | ૦ | ૦ |
| સૂક્ષ્મસંપરાયે | ૧૦ | ૧ | ૨ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉપશાંતમોહે | ૯ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ક્ષીણમોહે | ૯ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સયોગી | ૭ | ૧ | ૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ગુણસ્થાને | મૂળહેતુ | વિકલ્પ | સ્થાનક | સર્વ વિકલ્પના ભાંગા | ૨ હેતુ | ૩ હેતુ | ૫ હેતુ | ૬ હેતુ | ૭ હેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રમત્ત | ૨૬ | ૩ | ૫-૬-૭ | ૧૧૮૪ | ૦ | ૦ | ૨૯૬ | ૫૯૨ | ૨૯૬ |
| અપ્રમત્તે | ૨૪ | ૩ | ૫-૬-૭ | ૧૦૨૪ | ૦ | ૦ | ૨૫૬ | ૫૧૨ | ૨૫૬ |
| અપૂર્વકરણે | ૨૨ | ૩ | ૫-૬-૭ | ૮૬૪ | ૦ | ૦ | ૨૧૬ | ૪૩૨ | ૨૧૬ |
| અનિવૃત્તો | ૧૬ | ૨ | ૨-૩ | ૧૪૪ | ૩૬ | ૧૦૮ | ૦ | ૦ | ૦ |
| સૂક્ષ્મસંપરાયે | ૧૦ | ૧ | ૨ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉપશાંતમોહે | ૯ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ક્ષીણમોહે | ૯ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સયોગી | ૭ | ૧ | ૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| અપમત્તતા–અપ્રમત્ત ગુણઠાણા સુધી | અપુવ્વ–અપૂર્વકરણ. | એગં–૧ કર્મ |
| સત્તટ્ઠ–૭ કે ૮ કર્મનો બંધ | બાયરા–અનિવૃત્તિએ | ઉવરિમગા–ઉપરના ૩ ગુણઠાણે |
| મીસ–મિશ્ર | સત્ત–૭ કર્મ. | અબંધગા–અબંધ |
| | બંધઈ–બાંધે | અજોગી–અયોગી |
| | છ–૬ કર્મ | |
| | સુહુમો–સૂક્ષ્મ સંપરાયે | |

ગુણઠાણે મૂળ કર્મનો બંધ.

**અપમત્તંતા સત્તટ્ઠ**—મિથ્યાત્વથી અપમત્ત ગુણઠાણા સુધી ૭ ૮ કર્મ બાંધે છે. (આયુ બાંધે ત્યારે ૮ કર્મ અને ન બાં ત્યારે ૭ કર્મ)

**મીસ અપુવ્વ બાયરા સત્ત**—મિશ્ર અપૂર્વકરણ અને બાદ સંપરાયે (આયુ વિના) ૭ કર્મ બાંધે.

**બંધઈ છ સુહુમો**—સૂક્ષ્મ સંપરાયી (મોહનીય અને આ વિના) ૬ કર્મ બાંધે.

**એગ, સુવરિમા બંધગા જોગી. ૫૯**—ઉપરના (૧૧-૧૨-૧ મા ગુણઠાણે) ૧ વેદનીય કર્મ બાંધે અયોગી ગુણઠાણાવા અબંધક હોય

| | | |
|---|---|---|
| આસુહુમં–સૂક્ષ્મ સંપરાય સુધી | વિણુ–વિના. | અટ્ઠઉ–૮ કર્મ |
| સંત–સત્તા | સત્ત–૭ કર્મ. | સંતે–સતામા. |
| ઉદએ–ઉદયમા. | ખીણંમિ–ક્ષીણમોહે | ઉવસંતિ–ઉપશાતમોહે |
| અટ્ઠવિ–૮ કર્મ પણ | ચઉ–૪ કર્મ | સત્ત–૭ કર્મ |
| મોહ–મોહનીય | ચરિમદુગે–છેલ્લા બે ગુણઠાણે | ઉદએ–ઉદયમા |

ગુણઠાણે મૂળકર્મની સત્તા અને ઉદય

**આસુહુમં સંતુદએ, અટ્ઠવિ**—મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય સુધી સત્તા અને ઉદયમાં ૮ કર્મ હોય પણ.

મોહ વિણુ સત્ત ખીણંમિ—ક્ષીણ મોહે મોહનાય વિના ૭ કર્મ ઉદય અને સત્તામાં હોય.

ચઉ ચરિમ દુગે—છેલ્લા બે (૧૩-૧૪મા) ગુણઠાણે ૪ અઘાતી (વેદનીય આયુ નામ ગોત્ર) કર્મ હોય.

અટ્ઠુઉ, સંતે ઉવસંતિ સત્તુદએ. ૬૦—ઉપશાત મોહે સત્તામાં વળી ૮ કર્મ અને ઉદયમા ૭ કર્મ હોય.

| | | |
|---|---|---|
| ઉઇરંતિ-ઉદીરે છે | વિણા-વિના | મોહવાળો. |
| પમત્તંતા-પ્રમત્ત સુધીના | છગ-૬ કર્મને | પણ દો-૫ કે ૨ કર્મને |
| સગટ્ઠ-૭-૮ કર્મને. | અપમત્તાઈ-અપ્રમત્તાદિ | ખીણ-ક્ષીણ મોહવાળો. |
| મીસ-મિશ્રદૃષ્ટિ | તઓ-તે પછી | દુજોગી-સયોગી ૨ કર્મને |
| અટ્ઠ-૮ કર્મને. | છ પંચ-૬-૫ કર્મને. | અણુદીરગુ-અનુદીરક |
| વેઅ-વેદનીય | સુહુમો-સૂક્ષ્મસંપરાયી | અજોગિ-અયોગી |
| આઉ-આયુષ્ય. | પણુ-૫ કર્મને | |
| | ઉવસંતો-ઉપશાત | |

ગુણઠાણે મૂળ કર્મની ઉદીરણા.

ઉઇરંતિ પમત્તંતા, સગટ્ઠ—પ્રમત્ત ગુણઠાણા સુધી ૭ કે ૮ કર્મને ઉદીરે.

મીસટ્ઠ—મિશ્ર ગુણઠાણે ૮ કર્મને ઉદીરે

વેઅ આઉ વિણા, છગ અપમત્તાઇ—અપ્રમત્તાદિ ૩ ગુણઠાણાવાળા વેદનીય અને આયુ વિના ૬ કર્મને ઉદીરે

તઓ, છ પંચ સુહુમો પણુવસંતો. ૬૧—તે પછી સૂક્ષ્મ સંપરાયવાળો ૬ કે ૫ કર્મને ઉદીરે અને ઉપશાંત મોહવાળા ૫ કર્મને ઉદીરે

પણ દો ખીણ દુ જોગી, ણુદીરગુ અજોગિ—ક્ષીણ મોહવાળા

૨૧ ભેદમાંથી કયા ભેદમાં આવે ૫ ભાવના સાનિપાતિક ભાગામા ૧-૨-૩ ૧-૨-૪ ૨-૫ ૧-૨-૫ ૨-૩-૪ ૨-૩-૫ ૨-૩-૪-૫ ૧-૨-૩-૪-૫ કયા કયા જીવને કયા કયા ગુણઠાણે કયો ભાગો લાભે અને કયા ભાગા શૂન્ય અધ્રુવ ગુણઠાણાના એક અનેક જીવને આશ્રયી ભાગા કેટલા અને કેવી રીતે થઇ શકે

## ગુણસ્થાનેષુ જીવભેદાદિનુ યંત્ર

| ૧૪ ગુણઠાણાને વિષે | જીવ ભેદ | યોગ | ઉપયોગ | લેશ્યા | મૂળ બંધહેતુ | ઉત્તર બંધહેતુ | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | મૂળ બંધ | મૂળ ઉદય | મૂળ ઉદીરણા | મૂળ સત્તા | અલ્પ બહુત્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મિથ્યાત્વે | ૧૪ | ૧૩ | ૫ | ૬ | ૪ | ૫૫ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૭ ૮ | ૮ | ૭ ૮ | ૮ | અનંતગુ૦ |
| સાસ્વાદને | ૭ | ૧૩ | ૫ | ૬ | ૩ | ૫૦ | ૦ | ૧૨ | ૨૫ | ૧૩ | ૭ ૮ | ૮ | ૭ ૮ | ૮ | અસં૦ગુ |
| મિશ્રે | ૧ | ૧૦ | ૬ | ૬ | ૩ | ૪૩ | ૦ | ૧૨ | ૨૧ | ૧૦ | ૭ | ૮ | ૮ | ૮ | અસં૦ગુ |
| અવિરતે | ૨ | ૧૩ | ૬ | ૬ | ૩ | ૪૬ | ૦ | ૧૨ | ૨૧ | ૧૩ | ૭ ૮ | ૮ | ૭ ૮ | ૮ | અસં૦ગુ |
| દેશવિરતે | ૧ | ૧૧ | ૬ | ૬ | ૩ | ૩૯ | ૦ | ૧૧ | ૧૭ | ૧૧ | ૭ ૮ | ૮ | ૭ ૮ | ૮ | અસં૦ગુ |
| પ્રમત્તે | ૧ | ૧૩ | ૭ | ૬ | ૨ | ૨૬ | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૭ ૮ | ૮ | ૭ ૮ | ૮ | સંખ્યાત ગુણા |
| અપ્રમત્તે | ૧ | ૧૧ | ૭ | ૩ | ૨ | ૨૪ | ૦ | ૦ | ૧૩ | ૧૧ | ૭ ૮ | ૮ | ૬ | ૮ | સંખ્યાત ગુણા |
| અપૂર્વક૦ | ૧ | ૯ | ૭ | ૧ | ૨ | ૨૨ | ૦ | ૦ | ૧૩ | ૯ | ૭ | ૮ | ૬ | ૮ | તુલ્ય |
| અનિવૃત્તિ બાદરે | ૧ | ૯ | ૭ | ૧ | ૨ | ૧૬ | ૦ | ૦ | ૭ | ૯ | ૭ | ૮ | ૬ | ૮ | તુલ્ય |
| સૂક્ષ્મ સંપરાયે | ૧ | ૯ | ૭ | ૧ | ૨ | ૧૦ | ૦ | ૦ | ૧ | ૯ | ૬ | ૮ | ૬ ૫ | ૮ | વિશેષાધિક |
| ઉપશાંત મોહે | ૧ | ૯ | ૭ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૯ | ૧ | ૭ | ૫ | ૮ | સર્વથી થોડા |
| ક્ષીણમોહે | ૧ | ૯ | ૭ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૯ | ૧ | ૭ | ૫ ૨ | ૭ | સં૦ગુ |
| સયોગી કેવલી | ૧ | ૭ | ૨ | ૧ | ૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ | ૪ | ૨ | ૪ | સંખ્યાત ગુણા |
| અયોગી કેવલી | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | [illegible] | અનંત ગુણા |

૧ સાસ્વાદન ૨ મિશ્ર, ૩ અપૂર્વકરણ ૪ અનિવૃત્તિ, ૫ સૂક્ષ્મસંપરાય ૬ ઉપશાંતમોહ, ૭ ક્ષીણમોહ, અને ૮ અયોગી એ આઠ ગુણસ્થાને નિપજતા એક જીવ આશ્રયી અને એક અનેક આશ્રયી ભાગાની સંખ્યાનુ કોષ્ટક

| સંયોગી ભાગા | એક જીવ આશ્રયી ભાંગા | એક જીવ આશ્રયી ના દરેક ભાગાએ નીપજતા એક અનેક આશ્રયી ભાગા | એક અનેક આશ્રયી કુલ ભાગા |
|---|---|---|---|
| અસંયોગી | ૧ | ૧ | ૧ |
| એક સયાગી | ૮ | ૨ | ૧૬ |
| દ્વિસંયોગી | ૨૮ | ૪ | ૧૧૨ |
| ત્રિસંયોગી | ૫૬ | ૮ | ૪૪૮ |
| ચતુઃસંયોગી | ૭૦ | ૧૬ | ૧૧૨૦ |
| પંચસંયોગી | ૫૬ | ૩૨ | ૧૭૯૨ |
| ષટ્ સંયોગી | ૨૮ | ૬૪ | ૧૭૯૨ |
| સપ્ત સયોગી | ૮ | ૧૨૮ | ૧૦૨૪ |
| અષ્ટ સયોગી | ૧ | ૨૫૬ | ૨૫૬ |
| કુલ ભાગા | ૨૫૬ | ૫૧૧ | ૬૫૬૧ |

## દ્વિસંયોગી ભાંગા ૨૮

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧–૨ | ૧–૭ | ૨–૬ | ૩–૬ | ૪–૭ | ૬–૭ |
| ૧–૩ | ૧–૮ | ૨–૭ | ૩–૭ | ૪–૮ | ૬–૮ |
| ૧–૪ | ૨–૩ | ૨–૮ | ૩–૮ | ૫–૬ | ૭–૮ |
| ૧–૫ | ૨–૪ | ૩–૪ | ૪–૫ | ૫–૭ | |
| ૧–૬ | ૨–૫ | ૩–૫ | ૪–૬ | ૫–૮ | |

## ત્રિસંયોગી ભાંગા ૫૬.

| | | | | |
|---|---|---|---|---|
| ૧-૨-૩ | ૧-૪-૬ | ૨-૩-૬ | ૨-૬-૮ | ૩-૭-૮ |
| ૧-૨-૪ | ૧-૪-૭ | ૨-૩-૭ | ૨-૭-૮ | ૪-૫-૬ |
| ૧-૨-૫ | ૧-૪-૮ | ૨-૩-૮ | ૩-૪-૫ | ૪-૫-૭ |
| ૧-૨-૬ | ૧-૫-૬ | ૨-૪-૫ | ૩-૪-૬ | ૪-૫-૮ |
| ૧-૨-૭ | ૧-૫-૭ | ૨-૪-૬ | ૩-૪-૭ | ૪-૬-૭ |
| ૧-૨-૮ | ૧-૫-૮ | ૨-૪-૭ | ૩-૪-૮ | ૪-૬-૮ |
| ૧-૩-૪ | ૧-૬-૭ | ૨-૪-૮ | ૩-૫-૬ | ૪-૭-૮ |
| ૧-૩-૫ | ૧-૬-૮ | ૨-૫-૬ | ૩-૫-૭ | ૫-૬-૭ |
| ૧-૩-૬ | ૧-૭-૮ | ૨-૫-૭ | ૩-૫-૮ | ૫-૬-૮ |
| ૧-૩-૭ | ૨-૩-૪ | ૨-૫-૮ | ૩-૬-૭ | ૫-૭-૮ |
| ૧-૩-૮ | ૨-૩-૫ | ૨-૬-૭ | ૩-૬-૮ | ૬-૭-૮ |
| ૧-૪-૫ | | | | |

---

* આ આઠ ગુણઠાણાના સંયોગી ભાગા કરવામા સંક્ષેપને તેની ૧, ૨, ૩ ૪, ૫, ૬, ૭, અને ૮, એવી સજ્ઞા રાખવામા છે. આ આઠ ગુણઠાણે કયારેક કોઇ જીવ હોય અને કયારેક ન પણ કયારેક એક ગુણઠાણે હોય અને કયારેક એકથી વધારે ગુણઠાણે હોય, તેના ૨૫૬ ભાગા થયા વળી તે ૨૫૬ ભાગામા કોઈ ભાગે એક જીવ અને કોઇ ભાગે અનેક જીવ હોય તેથી તેના એક અનેક જીવ આ ૬૫૬૦ ભાગે જીવ વર્તે છે આ આઠ સિવાય બાકીના ૭ ગુણઠાણે અનેક જીવો હોય જ. તેથી તેના ભાગા પડ્યા નથી. એક જીવ આ દ્વિસંયોગી આદિ ભાંગાની સંખ્યા જે ઉપર ગણાવી છે તે ભાગા આ સાથે જુદા જુદા કોષ્ટકોમા બતાવ્યા છે, તથા તે દરેક ભાગા દીઠ એક અને અને જીવ આશ્રયી જેટલા જેટલા ભાગા પડે તે પણ બતાવેલ છે આ આઠ ગુણઠાણે કોઈ જીવ ન હોય તેનો અસયોગી એક ભાગો જણાવ્યો છે

## ચતુ:સચોગી ભાંગા ૭૦

| | | | | |
|---|---|---|---|---|
| -૨-૩-૪ | ૧-૨-૭-૮ | ૧-૪-૬-૭ | ૨-૩-૬-૭ | ૩-૪-૫-૭ |
| -૨-૩-૫ | ૧-૩-૪-૫ | ૧-૪-૬-૮ | ૨-૩-૬-૮ | ૩-૪-૫-૮ |
| -૨-૩-૬ | ૧-૩-૪-૬ | ૧-૪-૭-૮ | ૨-૩-૭-૮ | ૩-૪-૬-૭ |
| -૨-૩-૭ | ૧-૩-૪-૭ | ૧-૫-૬-૭ | ૨-૪-૫-૬ | ૩-૪-૬-૮ |
| -૨-૩-૮ | ૧-૩-૪-૮ | ૧-૫-૬-૮ | ૨-૪-૫-૭ | ૩-૪-૭-૮ |
| -૨-૪-૫ | ૧-૩-૫-૬ | ૧-૫-૭-૮ | ૨-૪-૫-૮ | ૩-૫-૬-૭ |
| -૨-૪-૬ | ૧-૩-૫-૭ | ૧-૬-૭-૮ | ૨-૪-૬-૭ | ૩-૫-૬-૮ |
| -૨-૪-૭ | ૧-૩-૫-૮ | ૨-૩-૪-૫ | ૨-૪-૬-૮ | ૩-૫-૭-૮ |
| -૨-૪-૮ | ૧-૩-૬-૭ | ૨-૩-૪-૬ | ૨-૪-૭-૮ | ૩-૬-૭-૮ |
| -૨-૫-૬ | ૧-૩-૬-૮ | ૨-૩-૪-૭ | ૨-૫-૬-૭ | ૪-૫-૬-૭ |
| -૨-૫-૭ | ૧-૩-૭-૮ | ૨-૩-૪-૮ | ૨-૫-૬-૮ | ૪-૫-૬-૮ |
| -૨-૫-૮ | ૧-૪-૫-૬ | ૨-૩-૫-૬ | ૨-૫-૭-૮ | ૪-૫-૭-૮ |
| -૨-૬-૭ | ૧-૪-૫-૭ | ૨-૩-૫-૭ | ૨-૬-૭-૮ | ૪-૬-૭-૮ |
| -૨-૬-૮ | ૧-૪-૫-૮ | ૨-૩-૫-૮ | ૩-૪-૫-૬ | ૫-૬-૭-૮ |

## પંચસંચોગી ભાંગા ૫૬.

| | | | |
|---|---|---|---|
| -૨-૩-૪-૫ | ૧-૨-૪-૬-૮ | ૧-૩-૫-૭-૮ | ૨-૩-૫-૬-૮ |
| -૨-૩-૪-૬ | ૧-૨-૪-૭-૮ | ૧-૩-૬-૭-૮ | ૨-૩-૫-૭-૮ |
| -૨-૩-૪-૭ | ૧-૨-૫-૬-૭ | ૧-૪-૫-૬-૭ | ૨-૩-૬-૭-૮ |
| -૨-૩-૪-૮ | ૧-૨-૫-૬-૮ | ૧-૪-૫-૬-૮ | ૨-૪-૫-૬-૭ |
| -૨-૩-૫-૬ | ૧-૨-૫-૭-૮ | ૧-૪-૫-૭-૮ | ૨-૪-૫-૬-૮ |
| -૨-૩-૫-૭ | ૧-૨-૬-૭-૮ | ૧-૪-૬-૭-૮ | ૨-૪-૫-૭-૮ |
| -૨-૩-૫-૮ | ૧-૩-૪-૫-૬ | ૧-૫-૬-૭-૮ | ૨-૪-૬-૭-૮ |
| -૨-૩-૬-૭ | ૧-૩-૪-૫-૭ | ૨-૩-૪-૫-૬ | ૨-૫-૬-૭-૮ |
| -૨-૩-૬-૮ | ૧-૩-૪-૫-૮ | ૨-૩-૪-૫-૭ | ૩-૪-૫-૬-૭ |
| -૨-૩-૭-૮ | ૧-૩-૪-૬-૭ | ૨-૩-૪-૫-૮ | ૩-૪-૫-૬-૮ |
| -૨-૪-૫-૬ | ૧-૩-૪-૬-૮ | ૨-૩-૪-૬-૭ | ૩-૪-૫-૭-૮ |
| -૨-૪-૫-૭ | ૧-૩-૪-૭-૮ | ૨-૩-૪-૬-૮ | ૩-૪-૬-૭-૮ |
| -૨-૪-૫-૮ | ૧-૩-૫-૬-૭ | ૨-૩-૪-૭-૮ | ૩-૫-૬-૭-૮ |
| -૨-૪-૬-૭ | ૧-૩-૫-૬-૮ | ૨-૩-૫-૬-૭ | ૪-૫-૬-૭-૮ |

| | | |
|---|---|---|
| ઉવસમ--ઔપશમિક. | મિક | પાતિક |
| ખય-ક્ષાયિક | દુનવટ્ઠાર-૨ ૯, ૧૮ | સમ્મ-સમ્યક્ત્વ |
| મીસ-ક્ષયોપશમ | ઇગવીસા-૨૧ | ચરણ-ચારિત્ર |
| ઉદય-ઔદયિક | તિઅ ભેઅ-૩ ભેદો | પઢમ-પહેલા |
| પરિણામા-પારિણા- | સન્નિવાઇઅ-સાનિ· | ભાવે-ભાવને વિ |

ઉપશમાદિ ભાવ અને તેના ભેદ.

**ઉવસમ ખય મીસોદય, પરિણામા દુ નવટ્ઠાર** ઇગવીસા; **તિઅ ભેઅ**—ઓપશમિક ભાવ ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક અને પારિણામિક ભાવ (સ્વભાવ) ના અનુક્રમે ૨-૯-૧૮-૨૧ અને ૩ ભેદો છે ( કુલ ૫૩ ભેદો. )

**સન્નિવાઇઅ,**—૬ઠ્ઠો સાંનિપાતિક ( બે ત્રણ ચાર પાંચ ભેગા) ભાવ.

**સમ્મં ચરણં પઢમ ભાવે. ૬૪**—પહેલા ( ઔપશમિક) ભાવને વિષે ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર હોય. મોહનીય કર્મમાં દર્શન સપ્તકના ઉપશમે ઉપશમ સમ્યક્ત્વ અને બાકીની ૨૧ પ્રકૃતિના ઉપશમે (વિપાક [રસ] અને પ્રદેશ ઉદયના અભાવે ) ઉપશમ ચારિત્ર.

| | | |
|---|---|---|
| બીએ-બીજા ક્ષાયિક ભાવમા | દાણાઇ-દાનાદિ | ઉવઓગા-ઉપયો |
| કેવલ-કેવળ | લદ્ધિ પણ-૫ લબ્ધિ | પણ લદ્ધિ-૫ લ |
| જુઅલ-યુગલ | ચરણ-ચારિત્ર | સમ્મ-સમ્યક્ત્વ |
| સમ્મં-સમ્યક્ત્વ | તઇએ-ત્રીજા ભાવમા | વિરઈ-વિગત |
| | સેસ-બાકીના | દુગ-બે (દેશ વિ સર્વ વિરતિ ) |

ક્ષાયિક અને ક્ષયોપશમ ભાવના ભેદો.

**બીએ કેવલ જુઅલં, સમ્મં દાણાઈ લદ્ધિ પણ ચરણં**-બીજા ક્ષાયિક ભાવમાં કેવળ યુગલ, (કેવળજ્ઞાન-કેવળ દર્શ

અભવ્ય ન થાય અભવ્ય તે ભવ્ય ન થાય જીવ તે અજીવ ન થાય અને અજીવ તે જીવ ન થાય.

---

* ઔપશમિકાદિ ભાવોના ઉત્તર ભેદની સંખ્યા ગુણઠાણે કહે છે-પ્રથમ ઔપશમિક ભાવના ભેદો આ પ્રમાણે-સમ્યકત્વ ચોથાથી અગ્યારમા ગુણઠાણા પર્યંત હોય અને ચારિત્ર ૯—૧૦—૧૧ એ ત્રણ ગુણઠાણે હોય

ક્ષાયિક ભાવના ઉત્તર ભેદ આ પ્રમાણે-ચોથાથી અગ્યારમા ગુણઠાણા સુધી સમ્યકત્વ હોય, બારમે ગુણઠાણે સમ્યકત્વ અને ચારિત્ર હોય. તેરમે તથા ચૌદમે ગુણઠાણે સમ્યકત્વ, ચારિત્ર, જ્ઞાન, દર્શન અને પાચ લબ્ધિ હોય

ક્ષાયોપશમિક ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે-પહેલા બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શન, અને પાચ લબ્ધિ હોય ત્રીજે ગુણઠાણે ત્રણ મિશ્રજ્ઞાન, ત્રણ દર્શન, પાચ લબ્ધિ અને મિશ્રમોહનીય એ બાર ભેદ હોય ચોથે ગુણઠાણે મિશ્ર મોહનીય સિવાયના ૧૧ ભેદ અને સમ્યકત્વ એ બાર ભેદ હોય પાચમે ગુણઠાણે દેશવિરતિ સહિત તેર ભેદ હોય છઠા સાતમા ગુણઠાણે મન પર્યવ જ્ઞાન સહિત ચૌદ હોય ૮—૯—૧૦ એ ત્રણે ગુણઠાણે સમ્યકત્વ વિના તેર ભાવ હોય અગ્યારમે તથા બારમે ગુણઠાણે ચારિત્ર વિના બાર ભાવ હોય તેરમે ચૌદમે ગુણઠાણે ઘાતી કર્મનો ક્ષય થવાથી મિશ્ર ભાવ હોય નહિ

ઔદયિક ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે—મિથ્યાત્વ ગુણઠાણે ચાર ગતિ, ચાર કષાય, ત્રણ વેદ, ૭ લેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ અવિરતિ અને મિથ્યાત્વ એ ૨૧ ભેદ હોય બીજે ગુણઠાણે મિથ્યાત્વ વિના ૨૦ ભાવ હોય. ત્રીજે ચોથે ગુણઠાણે અજ્ઞાન વિના ૧૯ ભાવ હોય પાચમે ગુણઠાણે નરક ગતિ અને દેવ ગતિ વિના ૧૭ ભાવ હોય છઠ્ઠે ગુણઠાણે તિર્યંચ ગતિ અને અસયમ વિના ૧૫ ભાવ હોય સાતમે ગુણઠાણે પ્રથમની ત્રણ લેશ્યા

| | | |
|---|---|---|
| | વડે | વા ચઉ—અથવા ૪ ભેદ |
| ચઉ—૪ ભેદ | ચઉ—૪ ભેદ | કેવલિ—કેવળી. |
| ચઉગઇસુ—૪ ગતિમાં | સખઇએહિ—ક્ષાયિક ભાવ સહિત. | પરિણામ—પારિણામિક |
| મીસગ—ક્ષયોપશમ. | ઉવસમ—ઓપશમિક ભાવે | ઉદય—ઔદયિક |
| પરિણામ—પારિણામિક. | જુએહિ—સહિત | ખઇએ—ક્ષાયિક ભાવે |
| ઉદએહિ—ઔદયિક | | |

સાંનિપાતિકના ભેદો મૂળ ૬ અને ગતિને આશ્રયીને ૧૫.

**ચઉ ચઉ ગઇસુ મીસગ, પરિણામુદએહિ**—ક્ષયોપશમ પારિણામિક અને ઔદયિક (સાનિપાતિક) ભાવ વડે ૪ ગતિ આશ્રયી ૪ ભેદ.

**ચઉ સખઇએહિં**—એ ૩ ભાવ ક્ષાયિક ભાવ સહિત ૪ ગતિ આશ્રયી ૪ ભેદ

**ઉવસમ જુએહિં વા ચઉ**—અથવા એ ૩ ભાવ ઉપશમ ભાવ સહિત ૪ ગતિ આશ્રયી ૪ ભેદ.

---

સિવાય બાકીના ૧૨ ભાવ હોય આઠમે નવમે ગુણઠાણે પદ્મ અને તેજો લેશ્યા વિના ૧૦ ભાવ હોય. દશમે ગુણઠાણે ત્રણ વેદ અને ત્રણ કષાય વિના ચાર ભાવ હોય ૧૧-૧૨-૧૩ એ ત્રણ ગુણઠાણે લોભ વિના મનુષ્ય ગતિ, શુક્લ લેશ્યા અને અસિદ્ધત્વ એ ત્રણ ભાવ હોય ચૌદમે ગુણઠાણે અસિદ્ધત્વ અને મનુષ્ય ગતિ એ બે ભાવ હોય

પારિણામિક ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે—

મિથ્યાત્વ ગુણઠાણે ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એ ત્રણ ભેદ હોય. બીજાથી બારમા ગુણઠાણા સુધી ભવ્યત્વ અને જીવત્વ એ બે ભેદ હોય. તેરમે ચૌદમે ગુણઠાણે આસન્ન સિદ્ધાવસ્થા ભણી તથા ઘાતીકર્મ ખપાવ્યા તેથી કે બીજા કોઇ કારણે ભવ્યત્વને પૂર્વાચાર્યે વિવક્ષ્યું નથી તેથી જીવત્વ પારિણામિક ભાવે હોય એમ ગુણઠાણે જેટલા જેટલા ઉત્તર ભાવના ભેદ છે તેને સંબંધે અનંતા સાન્નિપાતિક ભેદો યથાસંભવ વિચારી લેવા

| ૬૨ માર્ગણા | મૂળ હેતુ | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | કુલ હેતુ | ઉપશમ | ક્ષાયિક | ક્ષાયોપશમ | ઔદયિક | પારિ | કુલ | ઔદયિકવિના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવગતિ | ૪ | ૫ | ૧૨ | ૨૪ | ૧૧ | ૫૨ | ૧ | ૧ | ૧૫ | ૧૫ | ૩ | ૩૫ | |
| મનુષ્યગતિ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨ | ૯ | ૧૮ | ૧૮ | ૩ | ૫૦ | |
| તિર્યંચગતિ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૧ | ૧ | ૧૬ | ૧૬ | ૩ | ૩૭ | |
| નરકગતિ | ૪ | ૫ | ૧૨ | ૨૩ | ૧૧ | ૫૧ | ૧ | ૧ | ૧૫ | ૧૧ | ૩ | ૩૧ | |
| એકેંદ્રિય | ૪ | ૧ | ૭ | ૨૩ | ૫ | ૩૬ | — | — | ૮ | ૧૨ | ૩ | ૨૩ | |
| બેઇંદ્રિય | ૪ | ૧ | ૮ | ૨૩ | ૪ | ૩૬ | — | — | ૮ | ૧૧ | ૩ | ૨૨ | |
| તેઇંદ્રિય | ૪ | ૧ | ૯ | ૨૩ | ૪ | ૩૭ | — | — | ૮ | ૧૧ | ૩ | ૨૨ | |
| ચઉરિંદ્રિય | ૪ | ૧ | ૧૦ | ૨૩ | ૪ | ૩૮ | — | — | ૯ | ૧૧ | ૩ | ૨૩ | |
| પંચેંદ્રિય | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ | |
| પૃથ્વીકાય } | ૪ | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | — | — | ૮ | ૧૨ | ૩ | ૨૩ | અસિદ્ધત્વ |
| અપકાય } | ૪ | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | — | — | ૮ | ૧૨ | ૩ | ૨૩ | ૨ લેશ્યા |
| તેઉકાય | ૪ | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | — | — | ૮ | ૧૧ | ૩ | ૨૨ | ૩ ગતિ ૨ |
| વાઉકાય | ૪ | ૧ | ૭ | ૨૩ | ૫ | ૩૬ | — | — | ૮ | ૧૧ | ૩ | ૨૨ | ૩ લેશ્યા |
| વનસ્પતિ | ૪ | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | | — | ૮ | ૧૨ | ૩ | ૨૩ | |
| ત્રસકાય | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ | |
| મનયોગ } | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ | |
| વચનયોગ } | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ | |
| કાયયોગ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ | |
| પુરૂષવેદ | ૪ | ૫ | ૧૨ | ૨૩ | ૧૫ | ૫૫ | ૨ | ૧ | ૧૮ | ૧૭ | ૩ | ૪૧ | ૧ ગતિ ૨ |
| સ્ત્રીવેદ | ૪ | ૫ | ૧૨ | ૨૩ | ૧૩ | ૫[illegible] | ૨ | ૧ | ૧૮ | ૧૭ | ૩ | ૪૧ | અસિદ્ધત્વ |
| નપુંસકવેદ | ૪ | ૫ | ૧૨ | ૨૩ | ૧૫ | ૫૫ | ૨ | ૧ | ૧૮ | ૧૭ | ૩ | ૪૧ | |
| ક્રોધ માન માયા-લોભ } | ૪ | ૫ | ૧૨ | ૧૩ | ૧૫ | ૪૫ | ૨ | ૧ | ૧૮ | ૧૭ | ૩ | ૪૧ | અસિદ્ધત્વ વિના |
| મતિ-શ્રુત અવધિજ્ઞાન } | ૩ | — | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ | ૨ | ૨ | ૧૫ | ૧૮ | ૨ | ૩૯ | અજ્ઞાન મિ વિના |
| મનઃપર્યવ | ૨ | — | — | ૧૩ | ૧૩ | ૨૬ | ૨ | ૨ | ૧૪ | ૧૫ | ૨ | ૩૫ | |
| કેવળજ્ઞાન | ૧ | — | — | — | ૭ | ૭ | - | ૯ | — | ૩ | ૧ | ૧૩ | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અજ્ઞાન-૩ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | — | — | ૧૦ | ૧ | ૩ | ૩૪ | |
| સામાયિક છેદોપસ્થાપનીય | ૨ | — | — | ૧૩ | ૧૩ | ૨૬ | ૨ | ૧ | ૧૪ | ૧૫ | ૨ | ૩૪ | |
| પરિહાર વિશુદ્ધિ | ૨ | — | — | ૧૨ | ૯ | ૨૧ | — | ૧ | ૧૪ | ૧૩ | ૨ | ૩૦ | |
| સૂક્ષ્મ સંપરાય | ૨ | — | — | ૧ | ૯ | ૧૦ | ૨ | ૧ | ૧૩ | ૪ | ૨ | ૨૨ | |
| યથાખ્યાત | ૧ | — | — | — | ૧૧ | ૧૧ | ૨ | ૯ | ૧૨ | ૩ | ૨ | ૨૮ | |
| દેશવિરતિ | ૩ | — | ૧૧ | ૧૭ | ૧૧ | ૩૯ | ૧ | ૧ | ૧૩ | ૧૭ | ૨ | ૩૪ | |
| અવિરતિ | ૪ | ઃ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૧ | ૧ | ૧૫ | ૨૧ | ૩ | ૪૧ | |
| ચક્ષુ દર્શન | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૨ | ૨ | ૧૮ | ૨૧ | ૩ | ૪૬ | |
| અચક્ષુ ,, | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | | | | | | | |
| અવધિ ,, | ૩ | — | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ | ૨ | ૨ | ૧૫ | ૧૯ | ૨ | ૪૦ | |
| કેવળ ,, | ૧ | — | — | — | ૭ | ૭ | — | ૯ | — | ૩ | ૧ | ૧૩ | |
| કૃષ્ણ નીલ કાપોત | | | | | | | ૧ | ૧ | ૧૮ | ૧૫ | ૩ | ૩૮ | અસિ૫ લેશ્યા વિના |
| તેજો પદ્મ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૧ | ૧ | ૧૮ | ૧૪ | ૩ | ૩૭ | ,, ૧ ગતિ વિના |
| શુક્લ | | | | | | | ૨ | ૯ | ૧૮ | ૧૪ | ૩ | ૪૬ | ,, ,, ,, ,, |
| ભવ્ય | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨ | ૨ | ૧૮ | ૨૧ | ૨ | ૪૫ | |
| અભવ્ય | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | — | — | ૧૦ | ૨૧ | ૨ | ૩૩ | |
| ક્ષયોપશમ | | | | | | | — | — | ૧૫ | ૧૯ | ૨ | ૩૬ | |
| ક્ષાયિક | ૩ | — | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ | ૧ | ૯ | ૧૪ | ૧૯ | ૨ | ૪૫ | |
| ઉપશમ | ૩ | — | ૧૨ | ૨૧ | ૧૩ | ૪૬ | ૨ | ૧ | ૧૪ | ૧૯ | ૨ | ૩૮ | |
| મિથ્યાત્વ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | — | — | ૧૦ | ૨૧ | ૩ | ૩૪ | |
| સાસ્વાદન | ૩ | — | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૦ | — | — | ૧૦ | ૨૦ | ૨ | ૩૨ | |
| મિશ્ર | ૩ | — | ૧૨ | ૨૧ | ૧૦ | ૪૩ | — | — | ૧૨ | ૧૯ | ૨ | ૩૩ | |
| સંજ્ઞી | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨ | ૨ | ૧૮ | ૨૧ | ૩ | ૪૬ | |
| અસંજ્ઞી | ૪ | ૧ | ૧૧ | ૨૩ | ૬ | ૪૧ | — | — | ૯ | ૧૩ | ૩ | ૨૫ | ૨ ગતિ ૨ વેદ ૨ લેશ્યા |
| આહારી | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ | અસિદ્ધત્વ અસંયમ |
| અણાહારી | ૪ | ૫/૬ | ૧૨/૬ | ૨૫ | ૧ | ૪૩/૬૭ | ૧/૦ | ૯ | ૧૪ | ૨૧ | ૩ | ૪૬/૬૭ | મનઃપર્યવ વિરતિ ૨ ચક્ષુ વિના |

## સાંનિપાતિક ભાવના ભાંગાનું યંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉપશમ, ક્ષાયિક૦ | ૧૪ | ઉપ૦, મિશ્ર૦, ઔદ૦ |
| ૨ | ઉપ૦, મિશ્ર (ક્ષાયોપશમિક) | ૧૫ | ઉપ૦, મિશ્ર૦, પારિણામિક |
| ૩ | ઉપશમ, ઔદયિક | ૧૬ | ઉપ૦, ઔદ૦, પારિ૦ |
| ૪ | ઉપશમ, પારિણામિક. | ૧૭ | ક્ષા૦, મિશ્ર, ઔદ૦ |
| ૫ | ક્ષાયિક, મિશ્ર. | ૧૮ | ક્ષા૦, મિશ્ર, પારિ૦ |
| ૬ | ક્ષા૦, આદયિક | ૧૯ | ક્ષા૦, ઔદ૦, પારિ૦[૨] |
| ૭ | ક્ષા૦, પારિણામિક[૧] | ૨૦ | મિશ્ર૦, ઔદ૦, પારિ૦[૩] |
| ૮ | મિશ્ર૦, ઔદયિક | ૨૧ | ઉપ૦, ક્ષા૦, મિશ્ર, ઔદ૦ |
| ૯ | મિશ્ર૦, પારિણામિક | ૨૨ | ઉપ૦ ક્ષા૦, મિશ્ર, પારિ૦ |
| ૧૦ | ઔદ૦, પારિણામિક. | ૨૩ | ઉપ૦, ક્ષા૦, ઔદ૦, પારિ૦. |
| ૧૧ | ઉપ૦, ક્ષાયિક મિશ્ર | ૨૪ | ઉપ૦, મિશ્ર, ઔદ૦, પારિ૦.[૪] |
| ૧૨ | ઉપ૦, ક્ષા૦, ઔદ૦ | ૨૫ | ક્ષા૦, મિશ્ર, ઔદ૦. પારિ૦[૫] |
| ૧૩ | ઉપ૦, ક્ષા૦, પારિણામિક | ૨૬ | ઉપ૦, ક્ષા૦, મિશ્ર, ઔદ[૬] પારિ૦ |

૧ આ ભાગો સિદ્ધોને હોય.

૨ આ ભાગો કેવળીને હોય

૩—૪—૫ આ ત્રણ ભાગા ચારે ગતિના જીવને હોય

૬ આ ભાગો ઉપશમ શ્રેણીએ ચડેલા મનુષ્યોને હોય

### ૮ કર્મ અને અજીવદ્રવ્ય ૫ ને વિષે ભાવ.

**મોહેવસમો મીસો, ચઉઘાઈસુ**—મોહનીય કર્મને વિષેજ ઔપશમિક ભાવ હોય. ચાર ઘાતી કર્મ ( જ્ઞાનાવરણ-દર્શનાવરણ-મોહનીય અને અંતરાયને વિષે ક્ષયોપશમ ભાવ હોય.

**અટ્ઠકમ્મસુ અ સેસા**—અને આઠે કર્મને વિષે બાકીના (ક્ષાયિક ઔદયિક પારિણામિક એ) ૩ ભાવ હોય,

**ધમ્માઈ પારિણામિઅ, ભાવે**-ધર્માસ્તિકાયાદિ ૫ અજીવ દ્રવ્યો પારિણામિક ભાવે હોય.

**ખંધા ઉદઈએવિ. ૬૯**—પુદ્‌ગલાસ્તિકાયના બે પ્રદેશાદિ સ્કંધો ઔદયિક ભાવે પણ હોય.

ભાવે મનુષ્ય ગત્યાદિ અને પારિણામિક ભાવે ભવ્યત્વાદિ એ ૫ ભાવ. અપૂર્વ કરણે ૪ ભાવ ઉપશમ કે ક્ષાયિક સમ્યકત્વ અને ૩ ભાવ (ક્ષયોપશમ ઔદયિક અને પારિણામિક). ક્ષીણમોહે ઉપશમ વિનાના ૪ ભાવ. તેમાં ક્ષાયિક સમ્યકત્વ અને યથાખ્યાત ચારિત્ર ક્ષાયિક ભાવે સમજવું. બાકીના ૧-૨-૩જા ગુણઠાણે ક્ષયોપશમ ઔદયિક અને પારિણામિક તથા સયોગી અને અયોગીએ ક્ષાયિક ઔદયિક અને પારિણામિક આ પ્રમાણે એક જીવ આશ્રયી ગુણઠાણે ભાવો કહ્યા અને જુદા જુદા જીવો આશ્રયી પાંચે ભાવો હોય.

## ગુણસ્થાનેષુ ઔપશમિકાદિ ભાવાનાં યંત્ર.

| ગુણઠાણાના નામ | એકજીવે ભાવ. ૫ | સર્વજીવે ભાવ: ૫ | ઔપશમિક ૨ | ક્ષાયિક ૯ | ક્ષયોપશમિક ૧૮ | ઔદયિક ૨૧ | પારિણામિક ૩ | કુલ ઉત્તર ભેદ ૫૩ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મિથ્યાત્વે | ૩ | ૩ | ૦ | ૦ | ૧૦ | ૨૧ | ૩ | ૩૪ |
| ૨ સાસ્વાદને | ૩ | ૩ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૨ | ૩૨ |
| ૩ મિશ્રે | ૩ | ૩ | ૦ | ૦ | ૧૨ | ૧૯ | ૨ | ૩૩ |
| ૪ અવિરતિ સમ્ય૦ | ૩-૪ | ૫ | ૧ | ૧ | ૧૨ | ૧૯ | ૨ | ૩૫ |
| ૫ દેશવિરતે | ૩-૪ | ૫ | ૧ | ૧ | ૧૩ | ૧૭ | ૨ | ૩૪ |
| ૬ પ્રમત્ત સયતે | ૩-૪ | ૫ | ૧ | ૧ | ૧૪ | ૧૫ | ૨ | ૩૩ |
| ૭ અપ્રમત્ત સયતે | ૩-૪ | ૫ | ૧ | ૧ | ૧૪ | ૧૨ | ૨ | ૩૦ |
| ૮ અપૂર્વકરણે | ૪ | ૫ | ૧ | ૧ | ૧૩ | ૧૦ | ૨ | ૨૭ |
| ૯ અનિવૃત્તિ બાદરે | ૪-૫ | ૫ | ૨ | ૧ | ૧૩ | ૧૦ | ૨ | ૨૮ |
| ૧૦ સૂક્ષ્મ સપરાયે | ૪-૫ | ૫ | ૨ | ૧ | ૧૩ | ૪ | ૨ | ૨૨ |
| ૧૧ ઉપશાંતમોહે | ૪-૫ | ૫ | ૨ | ૧ | ૧૨ | ૩ | ૨ | ૨૦ |
| ૧૨ ક્ષીણમોહે | ૪ | ૪ | ૦ | ૨ | ૧૨ | ૩ | ૨ | ૧૯ |
| ૧૩ સયોગી કે૦ | ૩ | ૩ | ૦ | ૯ | ૦ | ૩ | ૧ | ૧૩ |
| ૧૪ અયાગી કે૦ | ૩ | ૩ | ૦ | ૯ | ૦ | ૨ | ૧ | ૧૨ |

આ યંત્રમા ગુણસ્થાનકે ભાવોના ઉત્તર ભેદ બતાવ્યા છે તે સર્વ જીવ આશ્રયી જાણવા.

| | | |
|---|---|---|
| સંખિજ્જ-સંખ્યાતુ. | અસંખ્યાતા વડે | જહન્ન-જઘન્ય. |
| એગં-એક | જુઅં-યુક્ત. | મજ્ઝ-મધ્યમ. |
| અસંખં-અસખ્યાતુ. | તિવિહં-૩ પ્રકારે. | ઉક્કસા-ઉત્કૃષ્ટ |
| પરિત્ત-પ્રત્યેક. | એવં-એ રીતે. | સવ્વે-સર્વે (૭) |
| જુત્ત-યુક્ત. | અણંતંપિ-અનંતુ પણ | |
| નિયપય-પોતાના પદ. | તિહા-૩ પ્રકારે. | |

**સંખિજ્જેગ મસંખં, પરિત્ત જુત્ત નિયપયજુઅં તિવિહં**-સંખ્યાતુ ૧ હોય, અસંખ્યાતુ પરિત્ત યુક્ત અને અસંખ્યાતાસંખ્યાતુ એમ ૩ પ્રકારે હોય.

**એવમણંતંપિ તિહા**—એવી રીતે અનંતુ પણ ૩ પ્રકારે હોય. પરિત્ત અનંતુ, યુક્ત અનંતુ, અનતાનતુ.

**જહન્ન મજ્ઝુક્કસા સવ્વે. ૭૧**—એ સર્વે (૭ ભેદો) જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદવાળા છે.

## સંખ્યાતાદિના ભેદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | જઘન્ય સખ્યાતુ | ૧૨ | ઉત્કૃષ્ટ અસખ્યાત અસખ્યાતુ |
| ૨ | મધ્યમ સખ્યાતુ | ૧૩ | જઘન્ય પરિત્ત અનતુ |
| ૩ | ઉત્કૃષ્ટ સંખ્યાતુ | ૧૪ | મધ્યમ પરિત્ત અનતુ |
| ૪ | જઘન્ય પરિત્ત અસંખ્યાતુ | ૧૫ | ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ |
| ૫ | મધ્યમ પરિત્ત અસં૦ | ૧૬ | જઘન્ય યુક્ત અનતુ |
| ૬ | ઉત્કૃષ્ટ પરિત્ત અસ૦ | ૧૭ | મધ્યમ યુક્ત અનતુ |
| ૭ | જઘન્ય યુક્ત અસં૦ | ૧૮ | ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ |
| ૮ | મધ્યમ યુક્ત અસ૦ | ૧૯ | જઘન્ય અનંતાનતુ |
| ૯ | ઉત્કૃષ્ટ યુક્ત અસં૦ | ૨૦ | મધ્યમ અનંતાનતુ |
| ૧૦ | જઘન્ય અસખ્યાત અસંખ્યાતુ | ૨૧ | ઉત્કૃષ્ટ અનતાનંતુ |
| ૧૧ | મધ્યમ અસખ્યાત અસખ્યાતુ | | |

લહુ-જઘન્ય.
સ ખિજજં-સખ્યાતુ
દુચ્ચિઅ-બે જ.
અઓ પર-એ ઉપરાંત.
મજિઝમં તુ-મધ્યમ સંખ્યાતુ વળી.
જા-યાવત્ સુધી
ગુરૂઅં-ઉત્કૃષ્ટ
જંબુદ્દીવ-જંબૂદ્વીપના
પમાણય-પ્રમાણના.
ચઉ પલ્લ-૪ પાલાની.
પરૂવણાઇ-પ્રરૂપણાએ કરીને
ઇમં-આ ઉત્કૃષ્ટ સખ્યાતુ

**લહુ સંખિજજં દુચ્ચિઅ**—જઘન્ય સંખ્યાતુ બે જ હોય. (એક વ્યવહારમાં બોલવામાં વપરાતો નથી, જેમકે ચોપડી)
**અઓ પરં મજિઝમં તુ જા ગુરૂઅં**—એ ઉપરાંત મધ્યમ સંખ્યાતુ વળી ઉત્કૃષ્ટ સંખ્યાતુ ન થાય ત્યાં સુધી જાણવું.
**જંબુદ્દિવ પમાણય, ચઉ પલ્લ પરૂવણાઈ ઇમં. ૭૨**—જંબૂદ્વીપના પ્રમાણના ૪ પાલાની પ્રરૂપણાએ કરીને આ ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય (કહેવાશે)

પલ્લા-પાલા
અવટ્ઠિઅ-અવસ્થિત.
અણવટ્ઠિઅ-અનવસ્થિત
સલાગ-શલાકા
પડિ સલાગ-પ્રતિશલાકા
મહાસલાગક્ખા-મહા શલાકા નામના
જોયણ-યોજન.
સહસ્સ-હજાર.
ઓગાઢા-ઊંડા.
સવેઇઅંતા-વેદિકા અંત સહિત
સસિહ-શિખા સુધી
ભરિઆ-ભરેલા

**પલ્લાણવટ્ઠિઅ સલાગ, પડિસલાગ મહાસલાગક્ખા**—અનવસ્થિત બનાવવા માટે અવસ્થિત શલાકા પ્રતિશલાકા અને મહાશલાકા નામના ૪ પાલા કલ્પીએ.
**જોયણ સહસોગાઢા**—૧ હજાર યોજન ઊંડા
**સવેઇઅંતા સસિહ ભરિઆ. ૭૩**—વેદિકાના અંત સહિત શિખા (ટોચ) સુધી ભરેલા કરવા (ભરવા)

વિવેચન—રત્નપ્રભાના ખરકાંડ સુધી ૧ હજાર યોજન ઉંડા. ૮ યોજનની જગતી અને તેની ઉપર બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકા સહિત ચારે પાલા લેવા. અનવસ્થિત=અનિશ્ચિત પ્રમાણવાળો લંબાઇ પહોળાઈમાં, ઉંડાઇ અને ઉંચાઈમાં અવસ્થિત પ્રમાણે ૧ હજાર યોજન અને જગતી ૮ યોજન અને તેની ઉપર બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકાવાળો.

તો–તે પછી
દીવ–દ્વીપ
ઉદહિસુ–સમુદ્રને વિષે.
ઇક્કિક્ક–એકેક
સરિસવં–સરસવ
ખિવિઅ–નાખીને
નિટ્ઠિએ–ખાલી થયે છતે
પઢમે–પહેલો
પઢમં–પહેલા પાલાની
વ–જેમ
તદંતં–તેના અંત સુધી
ચિયપુણ–નિશ્ચે વળી
ભરિએ–ભરીએ
તંમિ–તે પાલો
તહ–તેમજ
ખીણે–ખાલી કરે છતે

ખિપ્પઇ–નાખીએ
સલાગ–સલાકા
પલ્લે–પાલામા
એગુ–૧ એક
સરિસવો–સરસવ
ઇઅ–એ પ્રમાણે
સલાગ–શલાકામા
ખવણેણં–નાખવા વડે
પુણ્ણો–પૂર્ણ
બીઓ–બીજો પાલો
તઓ–તે વાર પછી
પુવ્વંપિ–પૂર્વની પેઠે
તમ્મિ–તેને
ઉદ્ધરિએ–ઉદ્ધરે (ઉપાડે) છતે
ખીણે–ખાલી થયે છતે
સલાગ–શલાકા સરસવ
તઇએ–ત્રીજા પાલામા
એવ–એવી રીતે
પઢમેહિ–પહેલા વડે
બીઅયં–બીજો શલાકા
ભરસુ–ભરવો
તેહિં–તે બે પાલા વડે
તઇઅં–ત્રીજો
તેહિ–તે ૩ પાલા વડે
તુરીયં–ચોથો
જા કિર–યાવત્ નિશ્ચે
ફુડા–સ્ફુટશિખા સહિત
ચઉરો–ચારે પાલા

તો દીવુદહિસુ ઇક્કિક્કં, સરિસવં ખિવિઅ નિટ્ઠિએ પઢમે—તે પછી ( તે અવસ્થિત પાલો ઉપાડીને ) દ્વીપ અને સમુદ્રમાં એકેક સરસવ નાખીને પહેલો પાલો ખાલી થયે છતે

**પઢમંવ તદંતં ચિય, પુણ ભરિએ તંમિ તહ ખીણે** ૭૪—પહેલા પાલાની જેમ તે (અવસ્થિત પાલો ખાલી થયો હોય તે દ્વીપ કે સમુદ્ર)ના અંત સુધી અનવસ્થિત પાલો વળી (સરસવે) ભરીએ. તેને પણ તેમજ (બાકીના દ્વીપ સમુદ્રે એકેક સરસવ નાંખીને,) ખાલી કરે છતે.

**ખિપ્પઈ સલાગ પલ્લેગુ, સરિસવો**—શલાકા પાલામાં ૧ સરસવ નાખીએ.

**ઈઅ સલાગ ખવણેણં; પુણ્ણો બીઓ અ તઓ**—એ પ્રમાણે (શલાકા પાલામાં સાક્ષી રૂપ) સરસવ નાખવા વડે બીજો પાલો પૂર્ણ થાય. તે પછી

**પુવ્વંપિ વ તમ્મિ ઉદ્ધરિએ. ૭૫**—પૂર્વની (અનવસ્થિતની) પેઠે તે શલાકા પાલો ઉપાડીને (ત્યાંથી આગળના દ્વીપ કે સમુદ્રે એકેક સરસવ મૂકીને)

**ખીણે સલાગ તઈએ**—તે શલાકા પાલો ખાલી થયે છતે ત્રીજા (પ્રતિશલાકા પાલા)માં અનેરો ૧ સરસવ નાખીએ

**એવં પઢમેહિં બીઅયં ભરસુ**—એવી રીતે પહેલા (અનવસ્થિત) પાલાઓ વડે શલાકા પાલો ભરવો

**તેહિં તઈઅં**—તે (વારંવાર) અનવસ્થિત અને શલાકા પાલાઓ વડે ત્રીજો પ્રતિશલાકા પાલો ભરવો.

**તેહિ ય, તુરિઅં**—તે (વારંવાર) અનવસ્થિત શલાકા અને પ્રતિશલાકા વડે ચોથો મહાશલાકા પાલો ભરવો.

**જા કિર ફુડા ચઉરો. ૭૬**—યાવત્ નિશ્ચયે શિખા સહિત ભરેલ ૪ પાલા થાય. (મહાશલાકા ભર્યા પછી પ્રતિશલાકા ભરીએ તે પછી શલાકા પાલો ભરીએ. એ ત્રણે જ્યાં ભરાઈ રહ્યા તે દ્વી

સમુદ્ર જેટલી ભૂમિ ખણીને તેવડો અનવસ્થિત પાલો કલ્પીને તેને સરસવે ભરીએ એટલે ચારે પાલા પૂર્ણ ભરાણા.)

| | | |
|---|---|---|
| પઢમ–પહેલા | ઢના સરસવો | એગરાસી–એક ઢગલો |
| તિ પલ્લ–૩ પાલાથી. | પલ્લ ચઉ–૪ પાલાના | રૂવુણો–૧ રૂપ ઉણુ. |
| ઉદ્ધરિઆ–ઉધરેલા | સરિસવા–સરસવો | પરમ–ઉત્કૃષ્ટ |
| દીવુદહી–દ્વીપ સમુ- | સવ્વોવિ–સર્વે પણ | સંખિજ્જ–સંખ્યાતુ. |

પઢમ તિ પલ્લુદ્ધરિઆ—પહેલા ૩ પાલાઓ વડે ઉધરેલા= દ્વીપ સમુદ્રોમાં નાખીને કાઢેલા સરસવો

પલ્લ ચઉ સરિસવા ય—અને ૪ પાલાના સરસવો

સવ્વોવિ એગરાસી; રૂવૂણો પરમસંખિજ્જં ૭૭—એ સર્વે પણ એક રાશિ (સરસવનો સમુહ એકત્ર કરીએ તેમાંથી) એક સરસવ ઓછો કરીએ તો ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય.

| | | |
|---|---|---|
| રૂવ–એક રૂપ | અસ્સ–એનો. | ખ્યાતુ |
| જુઅં તુ–યુક્ત વળી. | રાસિ–રાશિ | લહુ–જઘન્ય. |
| પરિત્ત–પ્રત્યેક | અબ્ભાસે–અભ્યાસ | આવલિઆ–આવલિકાના. |
| અસંખં–અસંખ્યાતુ | જુત્ત–યુક્ત | સમય–સમયનું |
| લહુ–જઘન્ય | અસંખિજ્જ–અસં- | પરિમાણં–પરિમાણ. |

રૂવજુઅં તુ પરિત્તા, સંખં લહુ—(ઉત્કૃષ્ટ સંખ્યાતુ) વળી એક રૂપ યુક્ત કરીએ તો જઘન્ય પ્રત્યેક અસંખ્યાતુ થાય.

અસ્સ રાસિ અબ્ભાસે; જુત્તા સંખિજ્જં લહુ—એનો રાશિ અભ્યાસ (તેટલી સંખ્યાવાળા તેટલા ઢગલાનો પરસ્પર ગુણાકાર) કરીએ, તો જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય

આવલિઆ સમય પરિમાણં. ૭૮—(તે જઘન્ય યુક્ત અસંખ્યાતુ) આવલિકાના સમયનું પરિમાણ છે એટલે ૧ આવલિકામાં તેટલા સમય હોય.

**વિવેચન**—જઘન્ય પરિત્ત અસંખ્યાતામાં એકાદિ સરસવ નાખીએ તો મધ્યમ પરિત્ત અસંખ્યાતુ, ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ ન થાય ત્યાં સુધી જાણવું. જેમકે ચારનો રાશિ અભ્યાસ કરવો હોય તો ચાર ચાર સરસવના ૪ ઢગલા કરીને પરસ્પર ગુણીએ પહેલા ૪ને બીજા ૪ વડે ગુણતાં ૧૬ થાય તેને ત્રીજા ૪ વડે ગુણતાં ૧૬×૪=૬૪ થાય તેને ચોથા ચાર વડે ગુણતાં ૬૪×૪=૨૫૬ થાય.

બી–બીજા
તિ–ત્રીજા
ચઉ–ચોથા
પંચમ–પાંચમાનો.
ગુણણે–રાશિ અભ્યાસ કરતાં.
કમા–અનુક્રમે
સગાસંખ–સાતમુ અસંખ્યાતુ
પઢમ–પહેલુ
ચઉ–ચોથુ.
સત્તા–સાતમુ.
ણંતા–અનંતુ
તે–તે.
રૂવજુઆ–૧ રૂપ યુક્ત
મજ્ઝા–મધ્યમ.
રૂવૂણ–૧ રૂપ ઉણ
ગુરૂ–ઉત્કૃષ્ટ
પચ્છા–પાછલુ

**બિતિચઉ પંચમગુણણે, કમા સગાસંખ પઢમ ચઉ સત્તા; ણંતા**—તે જઘન્ય યુકત અસંખ્યાતાનો બીજી ત્રીજી ચોથી અને પાંચમી વાર રાશિ અભ્યાસ કરતાં અનુક્રમે સાતમું અસંખ્યાતુ. પહેલુ અનંતુ, ચોથુ અનંતુ અને સાતમું અનંતુ થાય. **તે રૂવજુઆ, મજ્ઝા**—તે (૩ અસંખ્યાતાં અને ૩ અનંતા)ને એકાદિ રૂપ સહિત કરતાં (૬એ) મધ્યમ થાય.

**રૂવૂણ ગુરૂ પચ્છા. ૭૯**—તે (જઘન્ય ૬)માથી ૧ રૂપ ઉણુ કરતાં પાછળનું ઉત્કૃષ્ટ થાય.

**વિવેચન**–તે જઘન્ય યુકત અસંખ્યાતાનો (બીજી વાર) રાશિ અભ્યાસ કરતાં જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ થાય તેનો વળી(ત્રીજી વાર,) રાશિ અભ્યાસ કરતાં જઘન્ય પરિત્ત અનંતુ થાય

તેનો (ચોથી વાર) રાશિ અભ્યાસ કરતાં જઘન્ય યુક્ત અનંતુ થાય તેનો વળી (પાંચમી વાર) રાશિ અભ્યાસ કરતાં જઘન્ય અનંતાનંતુ થાય. ઉત્કૃષ્ટ અનંતાનંતુ નથી

ઇઅ-એ પ્રમાણે
સુત્તુત્ત-સૂત્રમાં કહેલુ
અન્ને-બીજા આચાર્યો
વગ્ગિઅ-વર્ગ કરતા.
ઈક્કસિ-એક વાર
ચઉત્થયં-ચોથા.
અસંખ-અસંખ્યાતાને
હોઈ-હોય.
અસંખાસંખ-અસંખ્યાતાસંખ્યાતુ
લહુ-જઘન્ય.
રૂવજુઅં-૧ રૂપ યુક્ત.
તુ તં-તો તે
મજ્ઝં-મધ્યમ અસંખ્યાતાસંખ્યાતુ

ઇઅ સુત્તુત્તં અન્ને—એ પ્રમાણે સૂત્રમાં કહેલું છે. બીજા આચાર્યો કહે છે કે

વગ્ગિઅ સિક્કસિ ચઉત્થય મસંખં—ચોથા અસંખ્યાતા (જઘન્ય યુક્ત અસંખ્યાતા)નો એક વાર વર્ગ કરીએ=તે રાશિને તેજ રાશિ સાથે ગુણીએ તો

હોઇ અસંખાસંખં લહુ—જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ થાય

રૂવજુઅં તુ તં મજ્ઝં. ૮૦—એક રૂપ યુક્ત કરતાં વળી મધ્યમ અસંખ્યાત અસંખ્યાતુ થાય

તે સંખ્યાને તેજ સંખ્યાએ ગુણીએ તે વર્ગ કહેવાય જેમકે ૫ નો વર્ગ કરવો હોય તો ૫ ને પાંચે ગુણતાં ૫×૫=૨૫ થાય.

રૂવૂણં-૧ રૂપ હીન
આઈમં-પહેલુ
ગુરૂ-ઉત્કૃષ્ટ.
તિવગ્ગિઉં-ત્રણ વાર વર્ગ કરીને
તત્થ-તેમા
ઇમે-આ
દસ-૧૦ વસ્તુ
ખેવે-નાખીએ
લોગાગાસ-લોકાકાશના
પએસા-પ્રદેશો
ધમ્મા-ધર્માસ્તિકાયના
અધમ્મ-અધર્માસ્તિકાયના
એગજિઅ-એક જીવના
દેસા-પ્રદેશો.

ઠિઇબંધ-સ્થિતિ બંધના

**પઢમ બિઆ ધુવ ઉદઇસુ**—ધ્રુવોદયીને વિષે પહેલો (અનાદિ અનંત અભવ્યને) અને બીજો (અનાદિ સાંત ભવ્યને એ) ભાંગો હોય.

**ધુવબંધિસુ તઇઅ વજ્જ ભંગ તિગં**—ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિને વિષે ત્રીજો વર્જીને ૩ ભાંગા (પહેલો બીજો અને ચોથો) હોય.

**મિચ્છંમિ તિન્નિ ભંગા**-મિથ્યાત્વ ધ્રુવોદયીને વિષે ૩ ભાંગા હોય.

**દુહાવિ અધુવા તુરિઅ ભંગા. ૫.** બને પ્રકારે પણ અધ્રુવ (અધ્રુવબંધી. ૭૩ અને અધ્રુવોદયી. ૯૫) પ્રકૃતિઓ ચોથા (સાદિ-સાંત) ભાંગાવાળી છે.

અભવ્યને ૨૭ ધ્રુવોદયી પ્રકૃતિનો અનુદય કોઈવારે નહિ થાય માટે અનાદિ અનંત ભાંગો. ભવ્યને અનાદિનો ઉદય છે પણ આગળ બારમે તેરમે ગુણઠાણે ઉદય ટળશે તે માટે અનાદિ સાંત ભાંગો હોય ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિનો બંધ અભવ્યને અનાદિનો છે અને અનંતકાળ સુધી રહેશે. માટે અનાદિ અનંત ભાંગો. ભવ્યને એ ધ્રુવબંધીનો બંધ અનાદિનો છે પણ ગુણઠાણે ચઢતા બંધ ટળશે તે માટે અનાદિ સાંત તથા તેજ ગુણઠાણે ચઢતાં અબંધક થઈને પડતાં બાંધે તે વારે સાદિ બંધ તે વળી કાળાન્તરે ગુણઠાણે ચઢતાં અબંધક થશે તે માટે પતિતને સાદિ સાંત ભાંગો હોય. અને પૂર્વે બંધની આદિ છે પણ આગળ અંત નથી એવો સાદિ અનંત ભાગો તો કોઈ પ્રકૃતિનો નજ હોય મિથ્યાત્વ ધ્રુવોદયીને વિષે ૩ ભાંગા. અભવ્યને અનાદિ અનંત કાળ સુધી મિથ્યાત્વનો ઉદય છે. ભવ્યને અનાદિ સાત અને સમકિતથી

પડેલાને આદિ સાંત. ઉપર કહેલી ધ્રુવબંધી ૧ પ્રકૃતિના ૩×૪૭= ધ્રુવબંધીના ૧૪૧ ભાંગા. મિથ્યાત્વ ધ્રુવોદયીના ૩. બાકીની ધ્રુવોદયી ૨૬ ના ૧ પ્રકૃતિના ૨ ભાંગા ૨૬×૨=૫૨ તથા મિથ્યાત્વના ૩ ભાંગા ઉમેરતાં ૫૫ ભાંગા ધ્રુવોદયી ૨૭ પ્રકૃતિના. ૭૩ અધ્રુવબંધી-ના ભાંગા ૭૩ અને ૯૫ અધ્રુવોદયીના ૯૫ ભાંગા થાય છે.

ધ્રુવોદયી ૨૭ પ્રકૃતિઓ.

**નિમિણ થિર અથિર અગુરૂઅ, સુહ અસુહ તેઅ કમ્મ ચઉ વન્ના-** નિર્માણ સ્થિર અસ્થિર અગુરૂલઘુ શુભ અશુભ તૈજસ કાર્મણ વર્ણાદિ-૪ (એ નામ કર્મની ૧૨ પ્રકૃતિઓ ૧૩ મા ગુણઠાણા સુધી)

**નાણંતરાય દંસણ, મિચ્છં ધ્રુવ ઉદય સગવીસા.૬—** જ્ઞાનાવરણીય-૫ અંતરાય-૫ દર્શનાવરણીય-૪ (એ ૧૪ પ્રકૃતિઓ બારમા ગુણઠાણા સુધી) અને મિથ્યાત્વ (પહેલા ગુણઠાણા સુધી) એ ૨૭ ધ્રુવોદયી (જે પ્રકૃતિનો જેટલા ગુણઠાણા સુધી, કરવાની શક્તિની અપેક્ષાએ ઉદય કહ્યો હોય તેટલા ગુણઠાણા સુધી દરેક જીવને અવશ્ય ઉદયે હોય) છે.

અધ્રુવોદયી ૯૫ પ્રકૃતિઓ.

**થિર સુભિઅર વિણુ અધ્રુવબંધી,—**સ્થિર શુભ અને તેથી ઈતર અસ્થિર અને અશુભ વિના અધ્રુવબંધી-૬૯ (૩ શરીર, ૩ ઉપાંગ ૬ સંસ્થાન ૬ સંઘયણ ૫ જાતિ ૪ ગતિ ૨ વિહાયોગતિ ૪ આનુપૂર્વી જિનનામ ઉચ્છ્વાસ ઉદ્યોત આતપ પરાઘાત ત્રસ ચતુષ્ક સ્થાવર ચતુષ્ક, સુભગ ચતુષ્ક દુર્ભગ ચતુષ્ક ગોત્ર-૨ વેદનીય-૨ હાસ્યાદિ બે યુગલ ૩ વેદ ૪ આયુ.

**મિચ્છ વિણુ મોહ ધ્રુવબંધી,—**મિથ્યાત્વ વિના મોહનીયની ધ્રુવબંધી. ૧૮ (ભય જુગુપ્સા ૧૬ કષાય)

**નિદ્દોવઘાય મીસં, સમ્મં પણનવઈઅધુવુદયા. ૭—૫** નિદ્રા ઉવઘાત મિશ્ર મોહનીય અને સમ્યકત્વ મોહનીય એ ૯૫ પ્રકૃતિઓ અધ્રુવોદયી (જે પ્રકૃતિનો જેટલા ગુણઠાણા સુધી ગુણ પ્રત્યયે ઉદય કહ્યો હોય, છતાં તે ગુણઠાણે કોઈક જીવને કયારેક દ્રવ્ય ક્ષેત્રની અપેક્ષાએ ઉદયે આવે અથવા ન પણ આવે તેવી) છે.

| ગુણઠાણે ધ્રુવોદયી ૨૭ અને અધ્રુવોદયી ૯૫ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્ઞા. | દ. | મો | ના | અ | કુલ | દ. | વે | મો. | આ. | ના | ગો. | કુલ |
| મિથ્યાત્વ | ૫ | ૪ | ૧ | ૧૨ | ૫ | ૨૭ | ૫ | ૨ | ૨૫ | ૪ | ૫૨ | ૨ | ૯૦ |
| સાસ્વાદન | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૨૫ | ૪ | ૪૭ | ૨ | ૮૫ |
| મિશ્ર | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૨૨ | ૪ | ૩૯ | ૨ | ૭૪ |
| અવિરત | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૨૨ | ૪ | ૪૩ | ૨ | ૭૮ |
| દેશવિરત | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૧૮ | ૨ | ૩૭ | ૨ | ૬૬ |
| પ્રમત્ત | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૫ | ૨ | ૧૪ | ૧ | ૩૨ | ૧ | ૫૫ |
| અપ્રમત્ત | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૧૪ | ૧ | ૩૦ | ૧ | ૫૦ |
| અપૂર્વકરણ | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૧૩ | ૧ | ૨૭ | ૧ | ૪૬ |
| અનિવૃત્તિ | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૭ | ૧ | ૨૭ | ૧ | ૪૦ |
| સૂક્ષ્મ સંપ૦ | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | ૧ | ૧ | ૨૭ | ૧ | ૩૪ |
| ઉપશાંત | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | — | ૧ | ૨૭ | ૧ | ૩૩ |
| ક્ષીણમોહ | ૫ | ૪ | — | ૧૨ | ૫ | ૨૬ | ૨ | ૨ | — | ૧ | ૨૫ | ૧ | ૩૧ |
| ,, ના અંતે | | | | | | | — | ૨ | — | ૧ | ૨૫ | ૧ | ૨૯ |
| સયોગી | — | — | — | ૧૨ | — | ૧૨ | — | ૨ | — | ૧ | ૨૬ | ૧ | ૩૦ |
| અયોગી | — | — | — | — | — | — | — | ૧ | — | ૧ | ૯ | ૧ | ૧૨ |

ધ્રુવસત્તાની ૧૩૦ પ્રકૃતિઓ.

**તસ વન્ન વીસ સગતેઅ, કમ્મ**—ત્રસ વીશક વર્ણવીશક (ત્રસાદિ. ૧૦ સ્થાવરાદિ ૧૦, ૫ વર્ણ ૫ રસ ૨ ગંધ ૮ સ્પર્શ) તૈજસ કાર્મણ સપ્તક (તૈજસ શરીર. કાર્મણ શરીર, તૈજસ સંઘાતન, કાર્મણ સંઘાતન, તૈજસ તૈજસ બંધન. કાર્મણ કાર્મણ બંધન, તૈજસ કાર્મણ બંધન)

ધ્રુવબંધિ સેસ વેઅતિગં,—(વર્ણાદિ-૪ તૈજસ કાર્મણ શરીર
એ ૬ વિના) બાકીની ધ્રુવબંધી. ૪૧ (અગુરૂલઘુ નિર્માણ ઉપઘાત
ાય જુગુપ્સા મિથ્યાત્વ ૧૬ કષાય જ્ઞાનાવરણ-૫ દર્શનાવરણ-૯
અને અંતરાય-૫) ૩ વેદ.

આગિઈ તિગ વેઅણિઅં,—આકૃતિ (સંસ્થાન) થી ૩ (૬-
સંસ્થાન ૬ સંઘયણ ૫ જાતિ) ૨ વેદનીય.

જુઅલ સગ ઉરલુસાસ ચઊ. ૮.—હાસ્યાદિ ૨ યુગલ
ઔદારિક સપ્તક (ઔદારિક શરીર ઔદારિક ઉપાંગ ઔદારિક
ંઘાતન, ઔદારિક ઔદારિક બંધન. ઔદારિક તૈજસ બંધન,
ઔદારિક કાર્મણ બંધન, ઔદારિક તૈજસ કાર્મણ બંધન) ઉચ્છવાસ
ચતુષ્ક (ઉચ્છવાસ ઉદ્યોત આતપ પરાઘાત.)

ખગઈ તિરિદુગ નીઅં, ધુવસંતા—૨ વિહાયોગતિ તિર્યંચ-
દ્વિક (તિર્યંચગતિ તિર્યંચાનુપૂર્વી) નીચગોત્ર (એ ૧૩૦ પ્રકૃતિઓ)
ધ્રુવસત્તા (અનાદિ મિથ્યાત્વીને નિરંતર સત્તાએ) હોય.

અધ્રુવસત્તાની ૨૮ પ્રકૃતિઓ

સમ્મ મીસ મણુઅ દુગં,—સમ્યકત્વ મોહનીય મિશ્ર મોહનીય,
મનુષ્ય દ્વિક (મનુષ્ય ગતિ મનુષ્યાનુપૂર્વી)

વિઉવ્વિક્કાર જિણાઊ,—વૈક્રિય એકાદશ (દેવદ્વિક નરકદ્વિક
વૈક્રિય સપ્તક=વૈક્રિય શરીર, વૈક્રિય ઉપાંગ, વૈક્રિય સંઘાતન, વૈક્રિય
વૈક્રિય બંધન, વૈક્રિય તૈજસ બંધન, વૈક્રિય કાર્મણ બંધન, વૈક્રિય
તૈજસ કાર્મણ બંધન) જિનનામ ૪ આયુ

હારસગુચ્ચા અધુવસંતા. ૯.—આહારક સપ્તક (આહારકશરીર,
આહારક ઉપાંગ, આહારક સંઘાતન, આહારક આહારક બંધન,
આહારક તૈજસ બંધન, આહારક કાર્મણ બંધન, આહારક તૈજસ

કાર્મણ બંધન) ઉંચગોત્ર એ ( ૨૮ પ્રકૃતિઓ ) અધ્રુવસત્તા ( જ્યાં કહી છે ત્યાં પણ કોઇ વારે હોય અને કોઈ વારે ન) હોય જે પ્રકૃતિની સત્તા ભવ પ્રત્યયે તથા ગુણ પ્રત્યયે જ હોય અન્યથા ન હે તે અધ્રુવસત્તા.=જે પ્રકૃતિ ઉવેલે થકે તથા અબંધે મિથ્યાત્વ ગુણઠાણે કે જીવને કોઇવાર સત્તાએ હોય અને કોઇકને ન હોય.

## ગુણઠાણાને વિષે ધ્રુવસત્તા ૧૩૦

| | |
|---|---|
| સંભવસત્તા ૧ થી ૧૧ ગુણઠાણે | ૫-૯-૨-૨૬-૦-૮૨-૧-૫=૧૩ |
| ૪ થી ૭ ગુણઠાણે અનંતાનુબંધી વિસંયોજના કરનારને. | ૧૨ |
| ,, ,, ,, તદ્દભવ મોક્ષગામી ક્ષાયિકને અનંતા૦ મિથ્યા૦વિના | ૧૨ |
| ૮ થી ૧૧ ગુણઠાણે ઉપશમ સમ્યક્ત્વીને સદ્દભાવ સત્તા | ૧૩ |
| ,, ,, ક્ષયોપશમે અનંતા૦ વિસંયોજના કરી ઉપશમ સમકિત પામી ઉપશમ શ્રેણિએ ચઢનારને | ૧૨ |
| ૮ થી ૯ ભાગે તદ્દભવ મોક્ષગામીને | ૫-૯-૨-૨૧-૦-૮૨-૧-૫=૧૨૫ |
| ૯ ગુણઠાણે ૨ ભાગે ,, ,, | ૫-૬-૨-૨૧-૦-૭૧-૧-૫=૧૧૧ |
| ,, ૩ ભાગે ,, ,, | ૫-૬-૨-૧૩-૦-૭૧-૧-૫=૧૦૩ |
| ,, ૪ ભાગે ,, ,, | ૫-૬-૨-૧૨-૦-૭૧-૧-૫=૧૦૨ |
| ,, ૫ ભાગે ,, ,, | ૫-૬-૨-૧૧-૦-૭૧-૧-૫=૧૦૧ |
| ,, ૬ ભાગે ,, ,, | ૫-૬-૨—૫-૦-૭૧-૧-૫=૯૫ |
| ,, ૭ ભાગે ,, ,, | ૫-૬-૨—૪-૦-૭૧-૧-૫=૯૪ |
| ,, ૮ ભાગે ,, ,, | ૫-૬-૨—૩-૦-૭૧-૧-૫=૯૩ |
| ,, ૯ ભાગે ,, ,, | ૫-૬-૨—૨-૦-૭૧-૧-૫=૯૨ |
| સૂક્ષ્મ સંપરાયે ,, ,, | ૫-૬-૨—૧-૦-૭૧-૧-૫=૯૧ |
| ક્ષીણમોહના દ્વિચરમ સમયે | ૫-૬-૨—૦-૦-૭૧-૧-૫=૯૦ |
| ,, અંત્ય સમયે | ૫-૪-૨—૦-૦-૭૧-૧-૫=૮૮ |
| સયોગી અયોગીના દ્વિચરમ સમયે | ૦-૦-૨—૦-૦-૭૧-૧-૦=૭૪ |
| અયોગીના અંત્ય સમયે | ૦-૦-૧—૦-૦- ૭-૦-૦= ૮ |

સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીયની સત્તા અભવ્ય અને બહુકાળીન ભવ્યને ન હોય અને કેટલાએક અલ્પકાલીન ભવ્યને હોય. મનુષ્યદ્વિક અને ઉંચગોત્રની સત્તા તેઉ વાઉમાં ગયે અને ઉદ્વલના (સત્તામાંથી સ્થિતિનો ક્ષય) કરે તેને તથા તેઉ વાયુમાંથી નીકળી અન્ય તિર્યંચમાં ગયે છતે (શરીર પર્યાપ્તિએ) અપર્યાપ્તાને સત્તામાં ન હોય, અનેરા (બીજા) ને હોય. વૈક્રિય એકાદશની સત્તા ત્રસપણું ન પામ્યોજ હોય તેને બંધના અભાવથી અથવા બંધ કરીને સ્થાવરમાં ગયે તે સ્થિતિના ક્ષયે એકેંદ્રિયમાં સત્તા ન પામીએ અનેરાને સત્તામાં હોય. સમ્યક્ત્વ હેતુએ જિન નામ જેણે બાંધ્યુ હોય તેને સત્તામાં હોય અને ન બાંધ્યુ હોય તેને ન હોય સ્થાવરને નરકાયુ અને દેવાયુની, આનતાદિ દેવોને તિર્યંચાયુની, તેજો વાયુ અને સાતમી નારકીને મનુષ્યાયુની સત્તા બાંધવાના અભાવથી સર્વથા ન હોય, અનેરાને હોય. સંયમ હેતુએ આહારકદ્વિક જેણે બાંધ્યુ હોય તેને સત્તામાં આહારક સપ્તક હોય અને ન બાંધ્યુ હોય તેને ન હોય.

---

અધ્રુવસત્તા ૧ થી ૧૧ ગુણઠાણે–૨૮. સાસ્વાદન મિશ્રે ૨૭ ૪ થી ૭ ગુણ૦ બદ્ધાયુ ક્ષયોપશમ ઉપશમને ૨૮ અને ક્ષાયિકને ૨૬. સમ્યક્ત્વ મિશ્ર વિના. ૮ થી ૧૧ ગુણઠાણે ઉપશમશ્રેણિએ ૨૬. નરકાયુ તિર્યંચાયુ વિના અને ક્ષાયિકને ૨૪. નરકાયુ–તિર્યંચાયુ સમ્યક્ત્વ મિશ્ર વિના. ૪ થી ૭ ગુણઠાણે તદ્ભવ મોક્ષગામી ઉપશમ ક્ષયોપશમને ૩ આયુ વિના–૨૫ તેમાથી ક્ષયોપશમને મિશ્ર વિના ૨૪. ૪ થી ૯ ના ૧ ભાગ સુધી ક્ષાયિકને ૨૩. મિશ્ર સમકિત ૩ આયુ વિના અનિવૃત્તિના બીજા ભાગથી સયોગીના દ્વિચરમ સમય સુધી ૨૧ નરકદ્વિક વિના (મનુષ્યાયુ ઊંચગોત્ર નામની ૧૯) છેલ્લા સમયે ૫ મનુષ્યત્રિક જિનનામ–ઊંચગોત્ર

ગુણઠાણે મિથ્યાત્વની સત્તા.

**પ્રથમ તિગુણેસુ મિચ્છં, નિઅમા**—પહેલા ૩ ગુણઠાણે મિથ્યાત્વ મોહનીય સત્તામાં નિશ્ચે હોય.

**અજયાઇ અટ્ઠગે ભજ્જં,**—અવિરતિ આદિ ૮ ગુણઠાણે ભજના (વિકલ્પે) સત્તામાં હોય.

ગુણઠાણે સમ્યકત્વની સત્તા.

**સાસાણે ખલુ સમ્મં, સંતં મિચ્છાઇ દસગે વા.** ૧૦ સાસ્વાદને નિશ્ચે સમકિત મોહનીય હોય અને મિથ્યાત્વાદિ ૧૦ ગુણઠાણે સત્તામાં વિકલ્પે હોય.

મિથ્યાત્વે ૨૮,૨૭,૨૬,ની સત્તા, સાસ્વાદને–૨૮, મિશ્રે-૨૮, ૨૭,૨૪, અવિરતિ આદિ-૪ ગુણઠાણે ૨૮,૨૪,૨૩,૨૨,૨૧, અપૂર્વ કરણે ૨૮,૨૪,૨૧, અનિવૃત્તિએ ૨૮, ૨૪, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧, સૂક્ષ્મ સંપરાયે ૨૮, ૨૪, ૨૧, ૧, ઉપશાંત મોહે ૨૮, ૨૪, ૨૧, મોહનીયની સર્વ પ્રકૃતિ એટલે ૨૮ તેમાંથી સમ્યકત્વ ઉવેલે ૨૭, મિશ્ર ઉવેલે ૨૬ અથવા અનાદિ મિથ્યાત્વીને ૨૬, ૨૮ પ્રકૃતિમાંથી અનંતાનુબંધીના ક્ષયે ૨૪ તેમાંથી મિથ્યાત્વના ક્ષયે ૨૩. તેમાંથી મિશ્રના ક્ષયે ૨૨. તેમાંથી સમ્યકત્વ મોહનીયના ક્ષયે ૨૧ની સત્તા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને હોય, તેમાંથી અનિવૃત્તિના ત્રીજા ભાગે અપ્રત્યાખ્યાનીય ૪ અને પ્રત્યાખ્યાનીય ૪ના ક્ષયે ૧૩, તેમાંથી નપુસંકવેદના ક્ષયે ૧૨, સ્ત્રીવેદના ક્ષયે ૧૧, હાસ્યાદિ-૬ના ક્ષયે ૫, પુરૂષવેદના ક્ષયે ૪, સંજ્વલન ક્રોધના ક્ષયે ૩, સંજ્વલન માનના ક્ષયે ૨, સંજ્વલન માયાના ક્ષયે ૧ સંજ્વલન લોભની સત્તા હોય, પહેલા ૩ ગુણઠાણામાં ૨૮, ૨૭, ૨૬, ૨૪ની સત્તા યથા સંભવે

છે. તેમાં મિથ્યાત્વ મોહનીય નિશ્ચે સત્તામાં છે. બાકીના ૮ ગુણુઠાણામાં ૨૮, ૨૪ની સત્તામાં મિથ્યાત્વ મોહનીય છે અને ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧,માં મિથ્યાત્વ સત્તામાં નથી, સાસ્વાદને ૨૮ની સત્તામાં સમ્યકત્વ મોહનીય છે અને મિથ્યાત્વે ૨૮માં સમકિત મોહનીય છે અને ૨૭, ૨૬,માં નથી મિશ્રે ૨૮, ૨૪,માં છે અને ૨૭માં નથી. ઉપરના ૮ ગુણુઠાણામાં ૨૮, ૨૪, ૨૩, ૨૨,માં છે અને ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧માં નથી.

ગુણઠાણે મિશ્રની સત્તા.

**સાસણ મીસેસુ ધુવં, મીસં મિચ્છાઈ નવસુ ભયણાએ,—**
સાસ્વાદન અને મિશ્રે નિશ્ચે મિશ્ર મોહનીય હોય અને મિથ્યાત્વાદિ ૯ ગુણઠાણે સત્તામાં વિકલ્પે હોય.

ગુણઠાણે અનંતાનુબંધીની સત્તા.

**આઇદુગે અણ નિયમા, ભઈઆ મીસાઇ નવગંમિ. ૧૧.—**
પહેલા બે ગુણઠાણે અનંતાનુબંધી નિશ્ચે હોય અને મિશ્રાદિ ૯ ગુણઠાણે સત્તામાં વિકલ્પે હોય.

સાસ્વાદન અને મિશ્રે ૨૮, ૨૭, ૨૪,ની સત્તા યથા સંભવે છે. તેમાં મિશ્રમોહનીય નિશ્ચે છે. બાકીના ગુણઠાણા ૯માંથી મિથ્યાત્વે ૨૮, ૨૭,માં મિશ્ર મોહનીય છે અને ૨૬માં મિશ્ર સત્તામાં નથી અવિરતાદિ-૮ ગુણઠાણામાં ૨૮, ૨૪, ૨૩,ની સત્તા યથા સભવે છે તેમાં મિશ્ર મોહનીય નિશ્ચે છે અને બાકીનાં ૨૨, ૨૧, ૧૩. ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧,માં મિશ્રમોહનીય સત્તામાં નથી. મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણે યથા સંભવે ૨૮, ૨૭, ૨૬ની સત્તામાં અનંતાનુબંધી નિશ્ચે છે. બાકીનાં ૯

ગુણઠાણામાંથી મિશ્રે ૨૮, ૨૭,ની સત્તામાં અનંતાનુબંધી છે અને ૨૪ ની સત્તામાં નથી. અવિરતાદિ ૮ ગુણઠાણામાં ૨૮માં અનંતાનુબંધી છે. ૨૪ આદિ ( ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧,માં અનંતાનુબંધી સત્તામાં નથી.

ગુણઠાણાને વિષે આહારક સપ્તક અને તીર્થંકર નામકર્મની સત્તા.

**આહાર સત્તગં વા, સવ્વગુણે' બિતિ ગુણેવિણા તિત્થં,**— આહારક સપ્તક સર્વ ગુણઠાણે સત્તામાં વિકલ્પે હોય. બીજા ત્રીજા ગુણઠાણા વિના તીર્થંકર નામની સત્તા વિકલ્પે હોય.

**નોભય સંતે મિચ્છો,**—ઉભય ( આહારક અને જિનનામ ) ની સત્તા છતે મિથ્યાત્વ ન હોય.

**અંતમુહુત્તં ભવે તિત્થે. ૧૨**—તીર્થંકર નામની સતા છતે મિથ્યાત્વ ગુણઠાણું અંતર્મુહૂર્ત હોય.

જે અપ્રમત્તથી અપૂર્વકરણના છટ્ઠા ભાગ સુધી આહારક સપ્તક બાંધીને ઉપર ગુણઠાણે ચઢે અથવા હેઠો પડે તેને સર્વ ગુણઠાણે સત્તા પામીએ અને જે તે ( આહારક )નો બંધ કરે નહિ તેને ન હોય. તથા બીજા ત્રીજા ગુણઠાણા વિના શેષ સર્વ ગુણઠાણે તીર્થંકર નામની સત્તા વિકલ્પે હોય. સમ્યક્ત્વપ્રત્યયિક તીર્થંકર નામ બાંધીને ઊંચો ચઢે ત્યારે ઉપરલે સર્વ ગુણઠાણે સત્તા પામીએ અને કોઇક જીવે પૂર્વે નરકાયુ બાંધ્યુ હોય અને પછી ક્ષાયોપશમિક સમ્યકત્વ પામીને તથાવિધ અધ્યવસાયે તીર્થંકર નામ બાંધીને મરતાં સમ્યક્ત્વ વમી મિથ્યાત્વ ગુણઠાણે આવી નરકે જાય; ત્યારે મિથ્યાત્વે જિનનામની સત્તા પામીએ અને જે શુદ્ધ સમ્યક્ત્વ છતે પણ જિનનામ ન બાંધે તેને સર્વ ગુણઠાણે જિન નામની સત્તા ન હોય અને જિનનામની સત્તાવંત સાસ્વાદન

મિશ્રે તો સ્વભાવેજ ન આવે તે માટે તે નિષેધ્યાં. જિનનામ ૧, આહારકસપ્તક ૨, એ બેની ભેગી સત્તાવંત જીવ મિથ્યાત્વ ગુણઠાણે ન જાય=મિથ્યાત્વી ન હોય. નિકાચિત તીર્થંકર નામની સત્તાવંત જીવને મિથ્યાત્વ આવે તો અંતર્મુહૂર્તજ રહે, તે આ પ્રમાણે-પૂર્વે નરકનું આયુ બાંધીને પછી ક્ષાયોપશમિક સમ્યકત્વ પામીને તીર્થંકરનામ બાંધે તે જીવ મરતાં સમ્યકૃત્વ વમીને મિથ્યાત્વે આવી નરકે ઉપજે, ત્યાં અપતિત પરિણામી વળી પર્યાપ્ત થઈને તરત સમ્યકત્વ પામે. એટલે અંતર્મુહૂર્તજ મિથ્યાત્વ રહે અને પતિત પરિણામી હોય તો અંતર્મુહૂર્તે જિનનામ ઉવેલે તેને સત્તાએ ન હોય.

સર્વઘાતી ૨૦. દેશઘાતી ૨૫. અઘાતી ૭૫

**કેવલ જુઅલા વરણા, પણ નિદ્દા બારસાઇમ કસાયા, મિચ્છં તિ સવ્વઘાઈ**—કેવળ યુગલ ( કેવળ જ્ઞાન કેવળ દર્શન )ના આવરણ ૫ નિદ્રા પહેલા ૧૨ કષાય ( અનંતાનુબંધી—૪ અપ્રત્યાખ્યાનીય ૪ પ્રત્યાખ્યાનીય-૪ ) મિથ્યાત્વ એ ૨૦ સર્વઘાતી છે.

**ચઉનાણ તિદંસણાવરણા. ૧૩. સંજલણ નોકસાયા, વિગ્ઘં ઇઅ દેસઘાઇય**—૪ જ્ઞાનાવરણીય ૩ દર્શનાવરણીય સંજ્વલન-૪ નોકષાય-૯ અંતરાય-૫ એ પ્રમાણે ૨૫ દેશઘાતી છે. ઉદયની અપેક્ષાએ સમકિત અને મિશ્ર મોહનીય દેશઘાતી છે.

**અઘાઈ; પત્તેઅ તણુટ્ઠાઉ,તસવીસા ગોઅદુગ વન્ના. ૧૪.**—પ્રત્યેકની ૮. શરીરાદિ—૮ ( ૫ શરીર ૩ ઉપાંગ ૬ સંઘયણ ૬ સંસ્થાન જાતિ—૫ ગતિ—૪ વિહાયોગતિ—૨ આનુપૂર્વી—૪ આયુ ૪ ત્રસાદિ—૨૦ ગોત્રદ્વિક ( ૨ ગોત્ર ૨ વેદનીય) વર્ણાદિ—૪ એ ૭૫ પ્રકૃતિઓ અઘાતી છે એ વીશ પ્રકૃતિ સર્વ પોતાના સ્વવિષયી

ગુણને હણે તે માટે એ સર્વઘાતી કહીએ. તે કેમ ? કેવળ દ્વિકાવરણ તે કેવળદ્વિકને સર્વથા આવરે, ઉપજવા ન દે અને તે આવરણ સર્વથા ટળ્યેજ કેવળદ્વિક ઉપજે તે માટે સર્વઘાતી નિદ્રાપંચક પણ સર્વ ઈદ્રિયના અવબોધને આવરે તે માટે સર્વઘાતી. કષાયની ત્રણ ચોકડી પણ અનુક્રમે સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ ગુણને હણે તે માટે સર્વઘાતી. મિથ્યાત્વ પણ સમ્યકત્વને હણે તે માટે સર્વઘાતી કહીએ. એ પચીશ પ્રકૃતિ દેશથકી પોતાના વિષયને હણે તે માટે દેશઘાતી કહીએ. એની ભાવના સુગમજ છે. સંજ્વલન કષાય અને નવ નોકષાય તે ચારિત્રમાં અતિચાર ઉપજાવે, તે માટે દેશઘાતી એ પંચોતેર પ્રકૃતિ જ્ઞાનાદિ ગુણનો ઘાત ન કરે તે માટે અઘાતીની કહીએ તે દેશઘાતિની સાથે વેદાતી તેના સરખીજ થાય અને સર્વઘાતિની સાથે વેદાતી તેના સરખીજ થઇ જાય, જેમ પોતે ચોર ન હોય પણ ચોર સંઘાતે મળ્યો થકો ચોર સરખોજ થાય.

કેવળજ્ઞાનાવરણે આચ્છાદિત નહી થયેલ એવા જ્ઞાનાંશને મતિ જ્ઞાનાવરણચતુષ્ક હણે–આવરે તેથી તેને દેશ ઘાતી કહીએ મત્યાદિ જ્ઞાન ચતુષ્કના વિષયભૂત અર્થોને ન જાણે તેજ મતિજ્ઞાનાદિના આવરણનો ઉદય જાણવો અને તેના અવિષયભૂત (કેવળ જ્ઞાનના વિષયભૂત) અનંત ગુણોને જે ન જાણે તે કેવળ જ્ઞાનાવરણનો ઉદય જાણવો. દર્શનત્રિક માટે પણ તે પ્રકારે જાણવું. સજ્વલન કષાય અને નોકષાય પણ ચારિત્રવાળાને તેના ચારિત્રના દેશને હણે એટલે ચારિત્રના મૂળ અને ઉત્તરગુણમા અતિચાર ઉપજાવે, તે માટે દેશઘાતી કહીએ. દાન, લાભ, ભોગ અને ઉપભોગને ગ્રહણ ધારણ યોગ્ય પુદ્ગલ દ્રવ્યો સર્વ પુદ્ગલાસ્તિકાયના અનન્તમા ભાગરૂપ એક દેશરૂપે છે. તેથી પુદ્ગલાસ્તિકાયના દેશરૂપ પુદ્ગલ દ્રવ્યોને દાનાદિ ક્રિયામાં આવરે માટે તે દાનાંતરાયાદિને દેશઘાતી કહીએ, વીર્યાંતરાય પણ દેશઘાતી જ

છે કેમકે તે સર્વ વીર્યને હણતી નથી સૂક્ષ્મનિગોદ જીવને પણ વીર્યાંતરાય કર્મનો ઉદય વર્તતે છતે આહાર પરિણમન, કર્મદલિકગ્રહણ અને ગત્યંતરગમન હોય છે તે વીર્યાંતરાયનો ક્ષયોપશમ જાણવો. નિગોદથી માંડીને ક્ષીણ મોહ ગુણસ્થાનવર્તિ જીવો પર્યંત વીર્યની તરતમતા જાણવી. આ સર્વ કેવળીના વીર્યનો એક દેશ જાણવો તે માટે દેશઘાતી કહીએ સર્વઘાતી હોય તો એટલો જઘન્ય ગુણ પણ ન હોઈ શકે.

સંજ્વલન કષાયોના ઉદયથી ચારિત્રમાં અતિચારો ઉત્પન્ન થાય અને પહેલા બાર કષાયનો ઉદય તો મૂળ ગુણને છેદ કરનારો હોય.

**ગુણઠાણે સર્વઘાતી ૨૦ દેશઘાતી ૨૫ અને અઘાતી ૭૫**

| | જ્ઞા | દ. | મો. | કુલ | ના | દ | મો | અ | કુલ | વે. | આ. | ના. | ગો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મિથ્યાત્વ | ૧ | ૬ | ૧૩ | ૨૦ | ૪ | ૩ | ૧૩ | ૫ | ૨૫ | ૨ | ૪ | ૬૪ | ૨ | ૭૨ |
| સાસ્વાદન | ૧ | ૬ | ૧૨ | ૧૯ | ૪ | ૩ | ૧૨ | ૫ | ૨૪ | ૨ | ૩ | ૫૧ | ૨ | ૫૮ |
| મિશ્ર | ૧ | ૩ | ૮ | ૧૨ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૩ | ૨ | ૦ | ૩૬ | ૧ | ૩૯ |
| અવિરત | ૧ | ૩ | ૮ | ૧૨ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૩ | ૨ | ૨ | ૩૭ | ૧ | ૪૨ |
| દેશવિરત | ૧ | ૩ | ૪ | ૮ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૨ | ૨ | ૧ | ૩૨ | ૧ | ૩૬ |
| પ્રમત્ત | ૧ | ૩ | — | ૪ | ૪ | ૩ | ૧૧ | ૫ | ૨૩ | ૨ | ૧ | ૩૨ | ૧ | ૩૬ |
| અપ્રમત્ત | ૧ | ૩ | — | ૪ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | ૦૧ | ૩૧ | ૧ | ૩૪/૩૬ |
| અપૂર્વકરણ-૧ | ૧ | ૩ | — | ૪ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | — | ૩૧ | ૧ | ૩૩ |
| ૨-૩-૪-૫-૬ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | — | ૩૧ | ૧ | ૩૩ |
| ભાગ-૭ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૨૧ | ૧ | — | ૧ | ૧ | ૩ |
| અનિવૃત્તિ-૧ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | ૫ | ૫ | ૧૭ | ૧ | — | ૧ | ૧ | ૩ |
| ભાગ-૨ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | ૪ | ૫ | ૧૬ | ૧ | — | ૧ | ૧ | ૩ |
| ભાગ-૩ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | ૩ | ૫ | ૧૫ | ૧ | — | ૧ | ૧ | ૩ |
| ભાગ-૪ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | ૨ | ૫ | ૧૪ | ૧ | — | ૧ | ૧ | ૩ |
| ભાગ-૫ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | ૧ | ૫ | ૧૩ | ૧ | — | ૧ | ૧ | ૩ |
| સૂક્ષ્મ સં૫૦ | ૧ | ૧ | — | ૨ | ૪ | ૩ | — | ૫ | ૧૨ | ૧ | — | ૧ | ૧ | ૩ |
| ઉપશાંત | — | — | — | — | — | — | — | — | — | ૧ | — | — | — | ૧ |
| ક્ષીણમોહ | — | — | — | — | — | — | — | — | — | ૧ | — | — | — | ૧ |
| સયોગી | — | — | — | — | — | — | — | — | — | ૧ | — | — | — | ૧ |

| કર્મ પ્રકૃતિ | ધ્રુવબંધી | અધ્રુવબંધી | ધ્રુવોદયી | અધ્રુવોદયી | ધ્રુવસત્તા | અધ્રુવસત્તા | સર્વઘાતી | દેશઘાતી | અઘાતી | પુણ્ય | પાપ | અપરાવર્તમાન | પરાવર્તમાન | ક્ષેત્રવિપાકી | ભવવિપાકી | જીવવિપાકી | પુદ્ગલવિ૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે ૧૫૮ | ૪૭ | ૭૩ | ૨૭ | ૯૫ | ૧૩૦ | ૨૮ | ૨૦ | ૨૫ | ૭૫ | ૪૨ | ૮૨ | ૨૯ | ૯૧ | ૪ | ૪ | ૭૮ | ૩૬ |
| જ્ઞાના૦ ૫ | ૫ | ૦ | ૫ | ૦ | ૫ | ૦ | ૧ | ૪ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ |
| દર્શ૦ ૯ | ૯ | ૦ | ૪ | ૫ | ૯ | ૦ | ૬ | ૩ | ૦ | ૦ | ૯ | ૪ | ૫ | ૦ | ૦ | ૯ | ૦ |
| વેદ૦ ૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૦ |
| મોહ૦ ૨૮ | ૧૯ | ૭ | ૧ | ૨૭ | ૨૬ | ૨ | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૨૬ | ૩ | ૨૩ | ૦ | ૦ | ૨૮ | ૦ |
| આયુ ૪ | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૦ | ૪ | ૪ | ૧ | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૦ |
| નામ ૧૦૩ | ૯ | ૫૮ | ૧૨ | ૫૫ | ૮૨ | ૨૧ | ૦ | ૦ | ૬૭ | ૩૭ | ૩૪ | ૧૨ | ૫૫ | ૪ | ૦ | ૨૭ | ૩૬ |
| ગોત્ર ૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૦ |
| અંત૦ ૫ | ૫ | ૦ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | - |

૪ પ્રકારે બંધ. મૂલકર્મને વિષે ભૂયસ્કારાદિ.

બંધો. પયઇ ઠિઈ રસ પએસત્તિ. ૨૧.—પ્રકૃતિબંધ સ્થિતિબંધ રસબંધ અને પ્રદેશબંધ એ પ્રમાણે (૪ ભેદે) બંધ છે.

મૂલ પયડીણુ અડ સત્ત, છેગ બંધેસુ તિન્નિ ભૂગારા—અપ્પતરા તિઅ 'ચઉરો, અવટ્ઠિઆ' નહુ અવત્તવ્વો ૨૨—મૂલપ્રકૃતિના ૮, ૭, ૬ અને ૧ ના બંધને વિષે ૩ ભૂયસ્કાર ૩ અલ્પતર ૪ અવસ્થિત અને અવક્તવ્ય નિશ્ચે ન હોય.

આયુબંધ કાલે ૮ કર્મનો બંધ, આયુબંધ કાળ વિના ૭ કર્મનો બંધ, સૂક્ષ્મ સંપરાયે ૬ કર્મનો બંધ અને ૧૧-૧૨-૧૩મે ગુણઠાણે ૧નો બંધ એ ૪ બંધ સ્થાનકને વિષે ૩ ભૂયસ્કાર. ઉપશાંત મોહે ૧ શાતા વેદનીયનો બંધક થઇને પડતો સૂક્ષ્મ સંપરાયે ૬ કર્મનો બંધક થાય, ત્યાં પ્રથમ સમયે પહેલો ભૂયસ્કાર. ત્યાંથી પડતો અનિવૃત્તિએ ૭ કર્મનો બંધક થાય તથા ઉપશાંત મોહે કાળ કરી ચોથે ગુણઠાણે આવે ત્યારે ૭ કર્મનો બંધક થાય ત્યા પહેલે સમયે બીજો ભૂયસ્કાર. તે પછી આયુબંધકાળે ૮ કર્મનો બંધક થાય, ત્યાં પહેલે સમયે ત્રીજો ભૂયસ્કાર. ૩ અલ્પતર હોય તે કેમ? આયુ બંધ કાળે ૮ કર્મનો બંધક હોય. આયુ બાંધી રહ્યા પછી ૭ કર્મનો બંધક થાય, ત્યા પહેલે સમયે પહેલો અલ્પતર. અનિવૃત્તિએ ૭ કર્મનો બંધક ચડતાં સૂક્ષ્મ સંપરાયે ૬ કર્મનો બંધક થાય, ત્યા પહેલે સમયે બીજો અલ્પતર બંધ. ત્યાંથી ચડતો ઉપશાંત મોહે અથવા ક્ષીણ મોહે ૧ કર્મને બંધક થાય ત્યા પહેલે સમયે ત્રીજો અલ્પતર બંધ તથા ચારે બંધ સ્થાનકે દ્વિતીયાદિ સમયે સર્વત્ર અવસ્થિત બંધ જાણવો. તથા સર્વથા અબંધક થઈને ફરી બંધક થાય તે અવક્તવ્ય. મૂલકર્મનો

સર્વથા અબંધક અજોગી કે સિદ્ધ હોય, તે તો ફરી કર્મ બાંધે નહિ, માટે અવક્તવ્ય બંધ મૂળ કર્મમા ન હોય.

ભૂયસ્કાર અલ્પતર અવસ્થિત અને અવક્તવ્ય એ ૪ બંધનો અર્થ.

**એગાદહિગે ભૂઓ,**—એકાદિ અધિક પ્રકૃતિ બાંધે તે ભૂયસ્કાર (પહેલે સમયે)

**એગાઈ ઊણુગંમિ અપ્પતરો,**—એકાદિ ઓછી પ્રકૃતિ બાંધે તે અલ્પતર (પહેલે સમયે)

**તમ્મત્તોઽવટ્ઠિયઓ**—તેટલોજ (તેટલીજ પ્રકૃતિનો) બંધ તે અવસ્થિત (બીજા આદિ સમયે.)

**પઢમે સમયે અવત્તવ્વો ૨૩**—(સર્વથા અબંધક થયા પછી) પહેલા સમયે અવક્તવ્ય (આ ઉપરના ૩ બંધમાં નહિ કહેવા યોગ્ય) બંધ.

* હવે સામાન્યે ઉત્તર પ્રકૃતિના બંધસ્થાનક ઓગણત્રીશ છે, તેના નામ કહે છે—એક, સત્તર, અઢાર, ઓગણીશ, વીશ, એકવીશ, બાવીશ, છવ્વીશ, ત્રેપન, ચોપન, પંચાવન, છપ્પન, સત્તાવન, અઠાવન, ઓગણસાઠ, સાઠ, એકસઠ, ત્રેસઠ, ચોસઠ, પાસઠ, છાસઠ, સડસઠ, અડસઠ, ઓગણોત્તેર, સીત્તેર, એકોત્તેર, બહોત્તેર, તહોત્તેર અને ચુમ્મોત્તેર, એ ઓગણત્રીશ બંધસ્થાનક છે, ત્યાં ભૂયસ્કાર બંધ, અઠાવીશ હોય તે કહે છે—

ઉપશાંતમોહ ગુણઠાણે એક વેદનીય બાધીને પડતો દશમે ગુણઠાણે જ્ઞાનાવરણ પાંચ દર્શનાવરણ ચાર, અંતરાય પાંચ, ઊચૈગોત્ર • અને યશકીર્તિ સાથે વેદનીય બાંધતાં ૧૭ પ્રકૃતિને બંધે પ્રથમ સમયે પ્રથમ ભૂયસ્કાર બંધ. ત્યાંથી પડતો નવમે ગુણઠાણે સંજ્વલન લોભ સાથે ૧૮ પ્રકૃતિ બાંધતા બીજો ભૂયસ્કાર બંધ તે સંજ્વલની માયા સાથે ૧૯ બાંધતા ત્રીજો ભૂયસ્કાર બંધ તે સંજ્વલનમાન સાથે ૨૦ બાંધતા ચોથો ભૂયસ્કાર બંધ. તે સંજ્વલન

ક્રોધ સાથે ૨૧ બાંધતા પાંચમો ભૂયસ્કાર બંધ તે પુરૂષવેદ સાથે ૨૨ બાંધતાં છટ્ઠો ભૂયસ્કાર, તે મધ્યે હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા એ ૪ સાથે બાંધતાં અપૂર્વકરણને સાતમે ભાગે ૨૬ બાંધતા ૭ મો ભૂયસ્કાર તે મધ્યે આઠમાને છટ્ઠે ભાગે દેવપ્રાયોગ્ય નામ કર્મની ૨૮ પ્રકૃતિ બાંધતા ૫૩નો બંધ અહીંયાં યશઃકીર્તિ પૂર્વે છવ્વીશ પ્રકૃતિ મધ્યે આવી છે તેથી દેવપ્રાયોગ્ય સત્તાવીશ ઉમેરતા ૫૩ પ્રકૃતિ હોય, એ આઠમો ભૂયસ્કાર તે મધ્યે જિન નામ બાંધતા ૫૪ ના બંધે નવમો ભૂયસ્કાર તે ૫૩ આહારકદ્વિક સાથે બાંધતા ૫૫ ના બંધે દશમો ભૂયસ્કાર તે ૫૫ જિન નામ સહિત બાંધતા ૫૬ ના બંધે અગીઆરમો ભૂયસ્કાર અપૂર્વકરણના પ્રથમ ભાગે ૫૬ ને જિન નામ હીન તથા નિદ્રા અને પ્રચલા સાથે બાંધતા ૫૭ ના બંધે બારમો ભૂયસ્કાર તે વળી જિનનામ સહિત ૫૮ના બંધે તેરમો ભૂયસ્કાર તે દેવાયુ સાથે અપ્રમત્તે ઓગણસાઠ બાંધતા ચૌદમો ભૂયસ્કાર દેશવિરતિ ગુણઠાણે દેવપ્રાયોગ્યની અઠ્ઠાવીશ પ્રકૃતિ બાંધતા જ્ઞાના૦ પાંચ, દર્શના૦ છ, વેદનીય એક, મોહનીય તેર, દેવાયુ એક, નામની અઠ્ઠાવીશ, ગોત્રની એક અને અંતરાયની પાંચ, એવં ૬૦ પ્રકૃતિ બાંધતા પંદરમો ભૂયસ્કાર તે જિનનામ સહિત ૬૧ ને બંધે સોળમો ભૂયસ્કાર, અહીંયા કોઈ પ્રકારે એક જીવને એક સમયે બાસઠ પ્રકૃતિનો બંધ સંભવે નહી તેથી તેનો ભૂયસ્કાર પણ ન કહ્યો ચોથે ગુણઠાણે આયુ અબંધકાળે દેવપ્રાયોગ્ય નામની અઠ્ઠાવીશ પ્રકૃતિ બાંધતા જ્ઞાના૦ પાંચ, દર્શના૦ છ, વેદનીય એક, મોહનીય ૧૭, ગોત્રની એક, નામની ૨૮ અને અંતરાયની ૫, એ ૬૩ પ્રકૃતિ બાંધતા સત્તરમો ભૂયસ્કાર દેવાયુના બંધ સહિત ૬૪ પ્રકૃતિ બાંધતા અઢારમો ભૂયસ્કાર જિનનામ સહિત ૬૫ બાંધતા ઓગણીશમો ભૂયસ્કાર ચોથે ગુણઠાણે દેવતા હોય, તેને મનુષ્યપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધતા ૬૬ ના બંધે વીશમો ભૂયસ્કાર મિથ્યાત્વ ગુણઠાણે જ્ઞાના૦ પાંચ, દર્શના૦ નવ, વેદનીય એક, મોહનીય બાવીશ, આયુની એક, નામની ત્રેવીશ, ગોત્રની એક અને અંતરાયની પાંચ, એ ૬૭ પ્રકૃતિ બાંધતા એકવીશમો ભૂયસ્કાર. ત્યાં નામકર્મની પચ્ચીશ અને આયુરહિત ૬૮ બાંધતાં બાવીશમો ભૂયસ્કાર. આયુસહિત ૬૯ બાંધતા ત્રેવીશમો ભૂયસ્કાર તે વળી નામ નામકર્મની છવ્વીશ પ્રકૃતિ

સાથે ૭૦ બાંધતાં ચોવીશમો ભૂયસ્કાર. તે આયુ રહિત અને નામકર્મની ૨૮ સાથે ૭૧ બાંધતાં પચ્ચીશમો ભૂયસ્કાર. તે ૨૯ નામકર્મની સાથે ૭૨ના બંધે છવીશમો ભૂયસ્કાર. આયુ સહિત ૭૩ બાંધતાં સત્તાવીશમો ભૂયસ્કાર તે વળી નામકર્મની ત્રીશ બાધતા જ્ઞાના૦ પાંચ, દર્શના૦ નવ, વેદનીય એક મોહનીય બાવીશ, આયુ એક, નામની ત્રીશ, ગોત્રની એક અને અંતરાયની પાંચ, એવં ૭૪ બાધતાં અઠ્ઠાવીશમો ભૂયસ્કાર. અહીયાં પ્રકારાંતરે અનેક બંધસ્થાનક સંભવે તે આપણી બુદ્ધિથી વિચારી લેવા એમ અઠ્ઠાવીશ અલ્પતર બંધ પણ વિપરીતપણે લેવા અને ઓગત્રીશ બંધ સ્થાનક ભણી અવસ્થિત બંધ પણ ઓગણત્રીશ લેવા અહીયાં અવક્તવ્યબંધ ન સંભવે, જે ભણી સર્વત્ર ઉત્તર પ્રકૃતિનો અબંધક અયોગી ગુણઠાણે જીવ હોય; ત્યાંથી પડવું નથી માટે અવક્તવ્ય બંધ ન હોય

ગુણઠાણે ૮ કર્મની ઉત્તર પ્રકૃતિ. ઉપશાંતમોહાદિ-૩ ગુણઠાણે ૧ શાતા, સૂક્ષ્મસંપરાયે-૧૭, અનિવૃત્તિએ ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અપૂર્વકરણના સાતમા ભાગે ૨૬, છઠ્ઠા ભાગે ૫૩, ૫૪, ૫૫, ૫૬ પહેલા ભાગે ૫૫, ૫૬, ૫૭, ૫૮ અપ્રમત્તે ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, પ્રમત્તે ૫૫, ૫૬, ૫૭, દેશવિરતિએ ૫૯, ૬૦, ૬૧, અવિરતિએ ૬૩, ૬૪, ૬૫, ૬૬, મિશ્રે ૬૩, ૬૪, સાસ્વાદને ૭૦, ૭૧, ૭૨, ૭૩, મિથ્યાત્વે ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪

મૂલ પ્રકૃતિમા જઘન્યથી ૧ અને ઉત્કૃષ્ટથી ૮ કર્મનો બંધ છે તેને વિષે સાદિ સાંત ભાગો હોય કારણકે ભવભવને વિષે એક જ વાર આયુ બાંધે ત્યારે ૮ કર્મનો બંધ થાય ત્યારે અને બાકીના કાળે ૭ કર્મનો બંધ હોય ત્યારે બંધકાળે સાદિ અને પછી સાંત ઉત્તર પ્રકૃતિ ઉત્તર પ્રકૃતિમા મિથ્યાત્વે જ્ઞાના૦ ૫ દર્શના૦ ૯ વેદનીય-૧ મોહનીય-૨૨ આયુ-૧ ગોત્ર-૧ અંતરાય-૫નો બંધ અભવ્યને અનાદિ અનંત તથા ભવ્યને અનાદિ સાંત અને સાદિ સાંત એમ ૩ ભાગા હોય

દર્શનાવરણીયની ઉત્તર પ્રકૃતિનાં બંધસ્થાનક અને ભૂયસ્કારાદિબંધ

નવ છ ચ્ચઉ દંસે દુ દુ, તિ દુ—દર્શનાવરણીયના ૯, ૬ અને ૪ના બંધને વિષે, ૨ ભૂયસ્કાર, ૨ અલ્પતર, ૩ અવસ્થિત અને ૨ અવક્તવ્ય છે.

દર્શનાવરણીય કર્મનાં ૩ બંધ સ્થાનક. પહેલે બીજે ગુણઠાણે ૯નો બંધ. થીણદ્ધિત્રિક ટળે ત્રીજાથી આઠમાના પહેલા ભાગ સુધી ૬નો બંધ. તેમાંથી નિદ્રાદ્વિક ટળે ૪નો બંધ, સૂક્ષ્મ સંપરાય સુધી. ત્યાં શ્રેણિથી પડતાં ૪ બાંધતો ૬ બાંધે પહેલો ભૂયસ્કાર ત્રીજે ચોથે ૬ બાંધતો પડતા પહેલે ૯ બાંધે અથવા ચોથે ગુણઠાણે ૬ બાધતો સાસ્વાદને ૯ બાધે તે બીજો ભૂયસ્કાર તથા મિથ્યાત્વે ૯ બાંધતો ત્રીજે ચોથે ગુણઠાણે ૬ બાધે તે પહેલે સમયે પહેલો અલ્પતર. અપૂર્વકરણના પહેલા ભાગે ૬ બાધતો ચડતાં બીજા ભાગે ૪ બાધે તે પ્રથમ સમયે બીજો અલ્પતર. દ્વિતીયાદિ સમયે ત્રણે બંધ સ્થાનકે ૩ અવસ્થિત બંધ હોય. ઉપશાંત મોહે સર્વથા અબંધક થઈને પડતાં સૂક્ષ્મસંપરાયે ૪ બાધે તે પહેલે સમયે પહેલો અવક્તવ્ય. ઉપશાતમોહે સર્વથા અબંધક થઈને કાળ કરી અનુત્તર-વાસી દેવ થાય ત્યા ચોથે ગુણઠાણે પ્રથમ સમયે ૬ બાધે એ બીજો અવક્તવ્ય.

મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિનાં બંધસ્થાનક અને ભૂયસ્કારાદિ બંધ

મોહે દુઇગવીસ સત્તરસ—મોહનીયને વિષે ૨૨, ૨૧, ૧૭ તેરસ નવ પણ ચઉ તિ દુ, ઇક્કો—૧૩, ૯, ૫, ૪, ૩, ૨ અને ૧ (એમ ૧૦) બંધ સ્થાનકને વિષે.

નવ અટ્ઠ દસ દુન્નિ. ૨૪—૯ ભૂયસ્કાર, ૮ અલ્પતર, ૧૦

સેસેસુય ઠાણુ મિક્કિક્કં. ૨૫–બાકીનાં (૫ કર્મ) ને વિષે એકેક બંધસ્થાનક હોય.

નામકર્મનાં ૮ બંધસ્થાનક ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧, તેમાં એકેંદ્રિય પ્રાયોગ્ય ૩ બંધ સ્થાનક ૨૩, ૨૫, ૨૬, અપર્યાપ્તા એકેંદ્રિય પ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિ. ૯ ધ્રુવબંધી, દુઃસ્વર વિના સ્થાવરાદિ ૯, ઔદારિક શરીર હુંડક એકેન્દ્રિય જાતિ તિર્યંચદ્વિક (પ્રતિપક્ષીમાથી બાદર પ્રત્યેક લેવી) તેના બંધક મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચગતિવાળા. એ ૨૩ પ્રકૃતિમાં અપર્યાપ્તાને બદલે પર્યાપ્તા તથા પરાઘાત અને ઉચ્છ્વાસ નાખીએ તો ૨૫ પ્રકૃતિના બંધક ૩ ગતિવાળા (તિર્યંચ મનુષ્ય અને દેવ) એ ૨૫ માં આતપ કે ઉદ્યોત નાખીએ, તો ૨૬ પ્રકૃતિના બંધક ૩ ગતિવાળા. બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય ૩ બંધ સ્થાનક ૨૫, ૨૯, ૩૦, ધ્રુવબંધી ૯ ત્રસ બાદર પ્રત્યેક અપર્યાપ્ત અસ્થિરાદિ-૫ (દુઃસ્વર વિના) ઔદારિકદ્વિક, હુંડક, છેવટ્ઠું બેઇન્દ્રિયાદિ-૧ જાતિ તિર્યંચદ્વિક (અથવા મનુષ્યદ્વિક) એ ૨૫ પ્રકૃતિના બંધક તિર્યંચ મનુષ્ય ગતિવાળા. એ ૨૫ પ્રકૃતિમાં અપર્યાપ્તને બદલે પર્યાપ્ત તથા પરાઘાત ઉચ્છ્વાસ વિહાયોગતિ અને સ્વર નાખીએ તો ૨૯ પ્રકૃતિના બંધક વિકલેદ્રિયમાં ૨ ગતિવાળા અને તિર્યંચ મનુષ્યમાં ૪ ગતિવાળા. એ ૨૯ માં તિર્યંચગતિમાં ઉદ્યોત નાખીએ અને મનુષ્ય પ્રાયોગ્યમાં જિનનામ નાખીએ તો ૩૦ પ્રકૃતિના બંધક વિકલેદ્રિયમાં ૨ ગતિવાળા તિર્યંચમાં ૪ ગતિવાળા અને મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિના બંધક સમ્યગ્દૃષ્ટિ દેવ અને નારકી. દેવ પ્રાયોગ્ય ૪ બંધસ્થાનક ૨૮, ૨૯, ૩૦, ૩૧,

ધ્રુવબંધી ૯, ત્રસ દશક વૈક્રિયદ્વિક સમચતુરસ્ર પંચેંદ્રિય જાતિ દેવદ્વિક પરાઘાત ઉચ્છવાસ શુભવિહાયોગતિ. એ ૨૮ પ્રકૃતિના બંધક પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય. એ ૨૮મા જિનનામ નાખીએ તો ૨૯ પ્રકૃતિના બંધક અવિરતિથી અપૂર્વ કરણના છઠ્ઠા ભાગ સુધીના મનુષ્ય. એ ૨૮ માં આહારકદ્વિક નાખીએ તો ૩૦ પ્રકૃતિના બંધક અપ્રમત્ત અપૂર્વકરણવાળા એ ૩૦ માં જિન-નામ નાખીએ તો ૩૧ પ્રકૃતિના બંધક અપ્રમત્ત અપૂર્વકરણવાળા. તથા નરક ગતિ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિનું ૧ બંધસ્થાનક. ધ્રુવબંધી-૯ ત્રસાદિ–૪ અસ્થિરાદિ –૬ વૈક્રિયદ્વિક હુંડક પંચેંદ્રિય નરકદ્વિક પરાઘાત ઉચ્છવાસ અશુભ વિહાયોગતિ, એ ૨૮ પ્રકૃતિના બંધક પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય તથા અપૂર્વકરણના સાતમા ભાગથી સૂક્ષ્મસંપરાય સુધી ૧ યશ:કીર્તિ બાંધતાં ૧ પ્રકૃતિનું બંધસ્થાનક.

હવે એ ૮ બંધસ્થાનકને વિષે ૭ ભૂયસ્કાર હોય, સાત અલ્પતર હોય, આઠ અવસ્થિત હોય અને ત્રણ અવક્તવ્ય હોય. તે કેમ ? કોઈક જીવ અપર્યાપ્ત એકેંદ્રિય યોગ્ય ૨૩ બાંધીને તદ્યોગ્ય વિશુદ્ધિપણે ૨૫ બાંધે, ત્યારે પહેલે સમયે પહેલો ભૂય-સ્કાર હોય તે વાર પછી ૨૬ બાંધતે બીજો ભૂયસ્કાર. ૨૮ બાંધતે ત્રીજો. ૨૯ બાંધતે ચોથો. ત્રીસ બાંધતે પાંચમો. આહારક-દ્વિક યુક્ત ૩૦ બાંધીને ૩૧ બાંધતે પહેલે સમયે છઠ્ઠો ભૂયસ્કાર. અથવા એક યશકીર્તિ બાધતો શ્રેણિથી પડતો અપૂર્વકરણે ૩૧, અથવા ૩૦, અથવા ૨૯, અથવા ૨૮ બાધે. ત્યાં પહેલે સમયે ભૂયસ્કાર હોય એ પણ છઠ્ઠો જ, પણ સાતમો નહીં. જે ભણી એકત્રીસાદિક અપિછી બાંધે તે તેજ છે, નવી નથી તે માટે. એ

સો વર્ષનો અબાધાકાળ (અનુદય કાળ) મૂલ કર્મ અને ઉત્તર પ્રકૃતિનો સ જવો. તેને અનુસારે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય વેદનીય અને અંતરાયનો ૩ હજાર વર્ષ, મોહનીયનો ૭ હજાર વર્ષ, નામ અને ગોત્રકર્મનો ૨ હજાર વર્ષ અને આયુષ્યનો પૂર્વકોડીનો ત્રીજો ભાગ. સ્થિતિમાંથી અબાધાકાળ બાદ કરતાં શેષ રહે તે નિષેકકાળ (ભોગ્યકાળ અથવા ઉદય સમયે કર્મદલિકની રચના વિશેષ) તેમાં પ્રથમ સમયે બહુ, બીજે સમયે હીન, ત્રીજે સમયે હીનતર, ચોથે સમયે હીનતમ એમ એનુક્રમે ઓછા ઓછા કર્મદલિકની રચના કરે એ પ્રમાણે અબાધાકાળ (બાંધ્યા પછી તે કર્મ ઉદયે ન આવે તે) ઉત્તર પ્રકૃતિમાં સમજી લેવો. અહીં જઘન્ય સ્થિતિ બંધનો જઘન્ય અબાધાકાળ (અંતર્મુહૂર્ત) સમજવો. તે પછી જઘન્ય અબાધાકાળમા ૧ સમય વધારો અને જઘન્ય સ્થિતિમા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉમેરવો એવી રીતે વારંવાર ઉમેરતા ઉત્કૃષ્ટ અબાધા અને ઉત્કૃષ્ટ સ્થિતિ દરેક પ્રકૃતિની આવે.

**ગુરૂ કોડિકોડિ અંતો, તિત્થાહારાણ**—તીર્થંકરનામ અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃ કોડાકોડી

**ભિન્નમુહુ બાહા**—(એ ઉપર કહેલી ૩ પ્રકૃતિનો) અબાધાકાળ અંતર્મુહૂર્ત

**લહુઠિઈ સંખગુણુણા**—(એ ૩ પ્રકૃતિની) જઘન્ય સ્થિતિ ઘણા સંખ્યાતા ભાગ હીન (તે ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી) કરવી

**નરતિરિઆણાઉ પલ્લતિગં ૩૩**—મનુષ્ય અને તિર્યંચનું (ઉત્કૃષ્ટ) આયુષ્ય ૩ પલ્યોપમ.

**વિવચન:**—જિનનામ અને આહારકસપ્તક એ આઠ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ અંત: કોડાકોડી સાગરોપમની હોય. જિનનામનો એટલો કાળ તો તિર્યંચગતિ વિના પૂરો ન પડે અને તિર્યંચગતિ

માહે તો જિનનામની સત્તા નિષેધી છે તો તે કેમ ઘટે ? જિનનામની સત્તા નિષેધી છે તે ત્રીજે ભવેજ બંધાય એવા નિકાચિતની અપેક્ષાએ જાણવું તે નિકાચિત કર્મ તો સકલ કરણને અસાધ્ય હોય અને જે નિકાચ્યુ ન હોય તે કર્મ્મની અપવર્ત્તના (સ્થિતિ રસનુ ઘટાડવુ) ઉદ્વર્ત્તના (સ્થિતિ રસનુ વધારવુ) તથા સંક્રમણ તે પર પ્રકૃતિ માહે સંક્રમાવવું ઈત્યાદિ કરણ સાધ્ય હોય તે જિનનામ ઘણા ભવ પહેલા પણ બંધાય તથા અંત. કોડાકોડિ સાગરોપમની સ્થિતિ પણ અપવર્તનાએ ઘટતા તથા પરપ્રકૃતિ માહે સંક્રમાવતા કાંઈ દૂષણ નહી. તથા એ આઠ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અને જઘન્ય અબાધાકાળ ભિન્ન મુહૂર્તનો હોય. જે ભણી જિનનામ બાંધ્યા પછી અંતર્મુહૂર્તે કોઈકને તેનો પ્રદેશોદય અવશ્ય હોય તેણે કરી તેને અન્ય જીવની અપેક્ષાએ વિશેષ મહિમા પૂજા આજ્ઞા ઐશ્વર્ય આદિ મહત્ત્વ વૃદ્ધિ હોય તથા અપૂર્વકરણ સુધી જિનનામનો નિરંતર બંધ કરી પછી અબંધક થઈને અંતર્મુહૂર્તે તેરમે ગુણઠાણે જિનનામનો ઉદય થાય અને આહારક તો અપ્રમત્તે બાંધીને અંતર્મુહૂર્ત્તે પ્રમત્ત ઉદય આવે તે માટે એ અબાધાકાળ ઘટે તથા એ આઠ પ્રકૃતિની જઘન્ય સ્થિતિ પણ અંત· કોડાકોડિ સાગરોપમ પ્રમાણ હોય. પણ એટલું વિશેષ જે ઉત્કૃષ્ટી અંત કોડાકોડી થકી જઘન્ય અંત· કોડાકોડી તે સંખ્યાત ગુણે (ઘણા સંખ્યાતા ભાગ) ઓછી જાણવી જે ભણી અંતર્મુહૂર્ત્તની પરે અંત કોડાકોડીના પણ અસંખ્યાતા ભેદ હોય. તે માટે ઈહાં વિરૂદ્ધ નહી. મનુષ્યાયુ તિર્યંચાયુની ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય. અહિં ગ્રંથે ન કહી તો પણ પૂર્વ કોડીને ત્રીજે ભાગે અધિક જાણવી. તેટલે આયુ થાકતે પરભવાયુ બાંધે તે માટે

**વિગલ-અસન્નિસુ** (જટ્ઠો—બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિં
અસંજ્ઞી પંચેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો.

**કણિટ્ઠઓ પલ્લસંખભાગૂણો**—તે ચારેને પોતા
ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી પલ્યોપમને સંખ્યાતમે ભાગે ઓછો જઘ
સ્થિતિબંધ જાણવો.

**સુરનિરયાઉ સમા દસ, સહસ્સ**—દેવ અને નારકી
જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ.

**સેસાઉ ખુડ્ડભવં. ૩૮**—બાકીના (મનુષ્ય અને તિર્યંચ
જઘન્ય આયુષ્ય ક્ષુલ્લક ભવ છે.

એકેંદ્રિય વિકલેંદ્રિય જિન એકાદશ વિના ૧૦૯ પ્રકૃતિ
પરંતુ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાની જે ઉત્કૃષ્ટ સ્થિ
કહી છે, તેને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કો
કોડીએ ભાગતાં એકેંદ્રિયની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. જેમકે વજ્રઋ
નારાચ સમચતુરસ્ર (મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ, સુરભિ, શ્વેત, મધુ
શુભ વિહાયોગતિ ઉંચગોત્ર (સુરદ્વિક વિના) સ્થિરાદિ-૬ પુરુ
રતિ. હાસ્ય. તેનો ૧/૭ સાગરોપમ (૧૩ પ્રકૃતિ બંધમા અને
સત્તામા ૧૦ કોડા કોડી સાગરોપમવાળી કુલ ૧૫ કે ૨૨ પ્રકૃ
છેવટ્ઠું હુંડક, ભય જુગુપ્સા, અરતિ શોક (વૈક્રિયદ્વિક કે સ
અને નરકદ્વિક વિના) તિર્યંચદ્વિક ઔદારિકદ્વિક (કે સપ્તક)
ગોત્ર તૈજસ કાર્મણ શરીર (તૈજસ સપ્તક) અગુરૂ લઘુ નિ
ઉપઘાત અસ્થિર ષટ્ક ત્રસ ચતુષ્ક સ્થાવર એકેન્દ્રિય પંચે
નપુંસકવેદ અશુભ વિહાયોગતિ ઉચ્છ્વાસ ચતુષ્ક વર્ણચ
(કાળો કડવો ગુરૂ કર્કશ રૂક્ષ શીત દુર્ગંધ) ૩૯ પ્રકૃતિ બં

ાને સત્તામા ૫૨ તેનો ૨/૭ સા૦૨૦ કોઠાકોડી સાગરોપમવાળી કુલ ૩ બંધમાં ૬૧ સત્તામા. અંતરાય ૫ જ્ઞાનાવરણુ ૫, દર્શના-ૃરણુ ૯. અશાતા એ ૨૦ પ્રકૃતિની ૩૦ કોડાકોડી સાગરોપમ ાટે ૩/૭ સાગરો૦ ૧૬ કષાયની ૪૦ કોડાકોડી સાગરોપમ માટે સાગરો૦ મિથ્યાત્વની ૭૦ કોડાકોડી સાગરો૦ તેની ૧ સાગરો-ૃમ રૂષભનારાચ અને ન્યગ્રોધની ૧૨ કોડાકોડી સાગરો૦ની ૬/૩૫ ા૦ નારાચ અને સાદિની ૧૪ કોડાકોડી સાગરો૦ની ૭/૩૫સા૦ અર્ધ નારાચ અને કુબ્જની ૧૬ કોડાકોડી સા૦ની ૮/૩૫સા૦ કીલિકા ાામન સૂક્ષ્મત્રિક અને વિકલત્રિકની ૧૮ કોડાકોડી સા૦ની ૯/૩૫સા૦ (રક્તઅને કષાયેલ) મનુષ્યદ્વિક સ્રી વેદ અને શાતાની ૧૫ કોઠા-કોડી સા૦ની ૬/૨૮સા૦ મનુષ્યાયુ તિર્યંચાયુ પોતાના આયુના ત્રાજા ભાગે અધિક) પૂર્વ કોડી વર્ષનું એકેન્દ્રિય વિકલેન્દ્રિય ઉત્કૃષ્ટથી બાંધે. ૧૩+૩૯+૨૦+૧૬+૧+૧૪+૨+૪=૧૦૯ પ્રકૃતિ એકેન્દ્રિય બાંધે. હાલિદ્ર અને આમ્લની ૧૨ાા કોડાકોડી સા૦ની ૫/૨૮સા૦ નીલ અને તીખાની ૧૭ાા કોડાકોડી સા૦ની ૭/૨૮ સા૦ કુલ સત્તામાં ૨૦+૫૨+૨૦+૧૬+૧+૧૪+૬+૨+૪=૧૩૫ પ્રકૃતિ સત્તામાં એકે-ન્દ્રિયને હોય તે ઉત્કૃષ્ટમાંથી પલ્યો૦ અસંખ્યાતપે ભાગે હીન જઘન્ય સ્થિતિબંધ એકેન્દ્રિયને કહેવો તે એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને ૨૫ ગુણો કરવાથી બેઇન્દ્રિયનો, ૫૦ ગુણો કર-વાથી તેઇન્દ્રિયનો, સો ગુણો કરવાથી ચઉરિન્દ્રિયનો અને હજાર ગુણો કરવાથી અસંજ્ઞી પંચેંદ્રિય ઉત્કૃષ્ટથી બાંધે. તેમાથી પલ્યો૦ નો સખ્યાતમો ભાગ હીન કરવાથી એ ચારેની જઘન્ય સ્થિતિ વિકલેન્દ્રિય પણુ એકેન્દ્રિયની જેમ ૧૦૯ પ્રકૃતિ બાધે. અસંજ્ઞી પંચેંદ્રિય ચારે આયુષ્ય પોતાના ભવના આયુના ત્રીજા ભાગે

અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું બાંધે. દેવદ્વિકનો $\frac{1000}{3}$ સાગરો૦ નરકદ્વિક અને વૈક્રિયદ્વિકનો $\frac{2000}{3}$ સા૦ કુલ બંધમાં અસંજ્ઞીને ૧૫+૪૩+૨૦+૧૬+૧+૧૪+૪+૪=૧૧૭ પ્રકૃતિ હોય અને સત્તામાં ૨૨+૬૧+૨૦+૧૬+૧+૧૪+૬+૪+૪=૧૪૮ પ્રકૃતિ હોય સંજ્ઞી પચેંદ્રિયને ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કહ્યો છે તે પ્રમાણે હોય દેવાયુ નરકાયુની બંધમાં ૧૨૦ અને સત્તામાં ૧૫૮ પ્રકૃતિ હોય દેવાયુ નરકાયુની સ્થિતિ પોતાના ભવના ત્રીજે ભાગે અધિક ૩૩ સાગરો૦ મનુષ્યાયુ તિર્યંચાયુની સ્થિતિ પૂર્વ કોડીના ત્રીજા ભાગે અધિક ૩ પલ્યોપમ જિનનામ આહારકદ્વિક (કે સપ્તક સત્તામા મિશ્ર અને સમકિત મોહનીયની) અંત. કોડા કોડી સાગરોપમ સ્થિતિ હોય.

**સવ્વાણવિ લહુ બંધે, ભિન્નમુહુ અબાહ આઉ જિટ્ઠેવિ-**

સર્વ પ્રકૃતિના પણ જઘન્ય સ્થિતિબંધને વિષે અંતર્મુહૂર્ત અબાધા (અનુદય) કાળ ઉત્કૃષ્ટ આયુષ્યને વિષે પણ અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય

**કેઈ સુરાઉ સમં જિણ, મંતમુહુ બિંતિ આહારં.** ૩૯—

કેટલાક આચાર્યો જિન નામને દેવાયુની તુલ્ય અને આહારકને અંતર્મુહૂર્ત (જઘન્ય સ્થિતિવાળું) કહે છે.

અહી જઘન્ય ઉત્કૃષ્ટ આયુને વિષે જઘન્ય ઉત્કૃષ્ટ અબાધા કાળ હોય તેના ૪ ભાગા. ૧ જઘન્ય આયુ ક્ષુલ્લક ભવનું અને જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત ૨. જઘન્ય આયુ ક્ષુલ્લક ભવનુ અને ઉત્કૃષ્ટ અબાધા પૂર્વ કોડીનો ત્રીજો ભાગ. ૩. ઉત્કૃષ્ટ આયુ ૩૩ સાગરોપમનું અને જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત અને ૪. ઉત્કૃષ્ટ આયુ ૩૩ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ અબાધા પૂર્વકોડીનો ત્રીજો ભાગ જિનનામ બાંધ્યા પછી દેવતાનો ૧ પલ્યોપમનો જઘન્ય ભવ

| ૧૨૦ પ્રકૃતિનો ઉ૦ જ૦ સ્થિતિબંધ | | સન્ની | | એ | બે | તેઈ | ચઉ | અસન્ની | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઉ. | જ | ઉ | ઉ | ઉ | ઉ | ઉ | જ |
| | | | | સા | સા | સા | સા | સા | |
| વજ્રઋષભનારાચ સમચતુરસ્ર, શુભ વિહાયો૦ સ્થિરાદિ-૫, રતિ-હાસ્ય, ઉચ્ચગોત્ર-યશ, પુરુષવેદ | ૧૩ | ૧૦ કોડાકોડી સા | અંતર્મુ, ૮ મુહૂ, ૮ વર્ષ | ૧/૭ | ૨૫/૭ | ૫૦/૭ | ૧૦૦/૭ | ૧૦૦૦/૭ | [illegible] |
| દેવદ્વિક | ૨ | | | | | | | | |
| ઋષભનારાચ-ન્યગ્રોધ | ૨ | ૧૨ | કોડાકોડી સાગ | ૬/૩૫ | ૧૫૦/૩૫ | ૩૦૦/૩૫ | ૬૦૦/૩૫ | ૬૦૦૦/૩૫ | [illegible] |
| નારાચ-સાદિ | ૨ | ૧૪ | | ૭/૩૫ | ૧૭૫/૩૫ | ૩૫૦/૩૫ | ૭૦૦/૩૫ | ૭૦૦૦/૩૫ | |
| અર્ધનારાચ-કુબ્જ | ૨ | ૧૬ | | ૮/૩૫ | ૨૦૦/૩૫ | ૪૦૦/૩૫ | ૮૦૦/૩૫ | ૮૦૦૦/૩૫ | |
| કીલિકા-વામન, સૂક્ષ્મત્રિ--વિકલત્રિક | ૮ | ૧૮ | | ૯/૩૫ | ૨૨૫/૩૫ | ૪૫૦/૩૫ | ૯૦૦/૩૫ | ૯૦૦૦/૩૫ | |
| મનુષ્યદ્વિક-સ્ત્રીવેદ, સાતા | ૪ | ૧૫ | ૧૨ મુ | ૬/૨૮ | ૧૫૦/૨૮ | ૩૦૦/૨૮ | ૬૦૦/૨૮ | ૬૦૦૦/૨૮ | |
| [illegible] ૪, [illegible] અરતિ શોક, તિર્યંચદ્વિક [illegible], નીચગોત્ર-તૈજસાદિ ૫, અસ્થિરાદિ ૬ [illegible], સ્થાવર એકેન્દ્રિ પંચેન્દ્રિય, નપુંસક [illegible] વિહા૦, [illegible] ૪, [illegible] | ૭૯ | ૨૦ કોડાકોડી સાગરો | [illegible] | ૨/૭ | ૫૦/૭ | ૧૦૦/૭ | ૨૦૦/૭ | ૨૦૦૦/૭ | [illegible] |
| [illegible] ૪ | ૪ | | | | | | | | |
| [illegible] ૫ [illegible] ૫, નિદ્રા ૫ અસાતા | ૨૦ | ૩૦ | | ૩/૭ | ૭૫/૭ | ૧૫૦/૭ | ૩૦૦/૭ | ૩૦૦૦/૭ | |
| [illegible] | ૨ | ૪૦ | | ૪/૭ | ૧૦૦/૭ | ૨૦૦/૭ | ૪૦૦/૭ | ૪૦૦૦/૭ | |
| [illegible] | ૧ | ૭૦ | [illegible] | | | | | | |
| [illegible] | ૧ | | [illegible] | ૧ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૦૦૦ | [illegible] |
| [illegible] | ૨ | [illegible] | [illegible] | | | | | | |
| [illegible] | ૨ | [illegible] | [illegible] | | | | | | |
| [illegible] | ૩ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | | [illegible] | [illegible] | |

કરીને અથવા નારકીનો જઘન્ય ભવ ૧૦ હજાર વર્ષનો કરીને જિન થાય તે માટે તેટલો જઘન્ય સ્થિતિબંધ અને આહારકદ્વિકનો અપૂર્વકરણના છટ્ઠા ભાગને અંતે ચરિમબંધ અંતર્મુહૂર્તનો કહે છે.

## ક્ષુલ્લક ભવનું સ્વરૂપ

**સત્તરસ સમહિઆ કિર, ઇગાણુપાણુંમિ હુંતિ ખુડ્ડભવા.–**
૧ શ્વાસોશ્વાસમાં નિશ્ચે ૧૭થી અધિક ક્ષુલ્લકભવો થાય છે.

**સગતીસ સય તિહુત્તર, પાણુ પુણ ઇગમુહુત્તંમિ. ૪૦—**
વળી ૧ મુહૂર્તમાં ૩૭ સોને ૭૩ શ્વાસોશ્વાસ થાય છે

**પણસટ્ઠિ સહસ પણસય, છત્તીસા ઇગમુહુત્ત ખુડ્ડભવા–**
૧ મુહૂર્ત (બે ઘડી)મા ૬૫ હજાર પાંચસો ૩૬ ક્ષુલ્લક ભવો થાય છે.

**આવલિઆણ દોસય, છપ્પન્ના એગખુડ્ડભવે. ૪૧ —**
૧ ક્ષુલ્લક ભવમા ૨૫૬ આવલિકા થાય છે.

૭ શ્વાસોશ્વાસે = ૧ સ્તોક

૭ સ્તોકે = ૧ લવ

૭૭ લવે = ૧ મુહૂર્ત

૭ × ૭ = ૪૯ × ૭૭ = ૩૭૭૩ શ્વાસોશ્વાસે ૧ મુહૂર્ત.

૬૫૫૩૬ ક્ષુલ્લક ભવે = ૧ મુહૂર્ત.

૧ ક્રોડ ૬૭ લાખ ૭૭ હજાર બસે સોળ આવલિકાએ ૧ મુહૂર્ત.

૨૫૬ આવલિકાએ = ૧ ક્ષુલ્લક ભવ તો ૧૬૭૭૭૨૧૬ આવલિકાએ કેટલા ભવ? ૧૬૭૭૭૨૧૬ આવલિકાને ૨૫૬ આવલિકાએ ભાગવાથી ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ થાય ૩૭૭૩ શ્વાસોશ્વાસે ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ, તો ૧ શ્વાસોશ્વાસે કેટલા ક્ષુલ્લક ભવ? ૬૫૫૩૬ ક્ષુલ્લકભવને ૩૭૭૩ શ્વાસોશ્વાસે ભાગવાથી ૧૭ ક્ષુલ્લકભવ અને ૧૩૯૫ અંશ વધે એટલે ૧ શ્વાસોશ્વાસમાં ૧૭ થી અધિક ક્ષુલ્લક ભવ થાય. ૩૭૭૩ શ્વાસોશ્વાસની ૧૬૭૭૭૨૧૬ આવલિકા, તો ૧ શ્વાસોશ્વાસની કેટલી આવલિકા? ૧૬૭૭૭૨૧૬ આવલિકાને ૩૭૭૩ શ્વાસોશ્વાસે ભાગવાથી ૪૪૪૬ આવલિકા અને ૨૪૫૮ અંશ વધે તેની અર્ધ આવલિકા આશરે થાય. ૨૫૬ આવલિકાએ ૧ ક્ષુલ્લકભવ, તો ૪૪૪૬ આવલિકાએ કેટલા ક્ષુલ્લકભવ? ૪૪૪૬ આવલિકાને ૨૫૬ આવલિકાએ ભાગતાં ૧૭ ક્ષુલ્લકભવ અને નીચે ૯૪ આવલિકા વધે તેમા અર્ધ આવલિકા ઉમેરવાથી ૯૪ાા આવલિકા ઝાઝેરી વધે. એ ક્ષુલ્લકભવ ઔદારિક શરીરી મનુષ્ય તિર્યંચમા હોય એમ ભગવતીસૂત્ર અને કર્મ-પ્રકૃતિમાં કહ્યુ છે અન આવશ્યકની ટીકામાં ક્ષુલ્લકભવ વનસ્પતિમા હોય એમ કહ્યુ છે એ મતાતર જાણવું.

ગુણઠાણાને વિષે ૧૨૦ પ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિ બંધના સ્વામી

**અવિરય સમ્મો તિત્થં**—અવિરતિ સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર નામને ઉત્કૃષ્ટ સ્થિતિએ પડતા મિથ્યાત્વે જતાં) બાધે

**આહારદુગામરાઉ અપમત્તો**—આહારકદ્વિકને અપ્રમત્ત (પડતાં -પ્રમત્તે જતા) અને દેવાયુને પ્રમત્ત (ચડતા-અપ્રમત્તે જતા) ઉત્કૃષ્ટ સ્થિતિએ બાધે આહારકદ્વિક તો અપ્રમત્તેજ બંધાય છે. પ્રમત્તે દેવાયુનો બંધ આરંભીને અપ્રમત્તે વિશુદ્ધિએ દેવાયુ બાંધે.

મિચ્છદિટ્ઠી બંધઇ, જિટ્ઠટ્ઠિઈ સેસપયડીણું. ૪૨—અને બાકીની ૧૧૬ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાદૃષ્ટિ બાંધે

વિગલ-સુહુમાઉગતિગં, તિરિમણુઆ સુર-વિઉવ્વિ-નિરય-દુગં—વિકલેંદ્રિયત્રિક સૂક્ષ્મત્રિક દેવાયુવર્જીને ૩ આયુષ્ય દેવદ્વિક વૈક્રિયદ્વિક અને નરકદ્વિકને મનુષ્ય અને તિર્યંચ ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે.

એગિંદિ થાવરાયવ, આઈસાણા સુરુક્કોસં. ૪૩—એકેંદ્રિય સ્થાવર અને આતપને (ભવનપતિ વ્યંતર જ્યોતિષી સૌધર્મ અને) ઇશાન સુધીના દેવો ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે.

તિરિ-ઉરલ દુગુજ્જોઅં, છિવટ્ઠ સુરનિરય—તિર્યંચદ્વિક ઔદારિકદ્વિક ઉદ્યોત અને છેવટ્ઠા સંઘયણને દેવતા અને નારકી ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે

સેસ ચઉ ગઇઆ—બાકીની (૯૨ પ્રકૃતિઓ) ને ચારે ગતિના મિથ્યાદ્રષ્ટિ ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે

## જઘન્ય સ્થિતિબંધના સ્વામી.

આહાર જિણમપુવ્વો—આહારકદ્વિક અને જિનનામને અપૂર્વ કરણ (ક્ષપક શ્રેણિ) વાળો જઘન્ય સ્થિતિએ બાંધે.

નિઅટ્ટી સંજલણ પુરિસ લહું ૪૪—પુરૂષવેદ અને સંજ્વલન ક્રોધ માન માયા અને લોભને અનિવૃત્તિ (ના ૧, ૨, ૩, ૪, ૫ મા ભાગે ક્ષપક) જઘન્ય સ્થિતિએ બાંધે

સાય જસુચ્ચાવરણા, વિગ્ઘં સુહુમો—શાતા યશ ઉચ્ચગોત્ર ૫ જ્ઞાનાવરણીય ૪ દર્શનાવરણીય અને ૫ અંતરાય (એ ૧૭ પ્રકૃતિ)ને સુક્ષ્મ સંપરાય ક્ષપક જઘન્ય સ્થિતિએ બાંધે.

## ઉત્કૃષ્ટ સ્થિતિ બંધના સ્વામી ગાથા ૪૨થી ૪૮

| જ્ઞા. | દ | વે | મોહ | આ | નામ | ગો | અં |
|---|---|---|---|---|---|---|---|
| | | | — | — | ૧ | — | — |
| — | — | — | — | ૧ | ૨ | — | — |
| — | — | — | | ૩ | ૧૨ | — | — |
| — | — | — | — | | | | |
| | | | — | — | ૩ | — | — |
| — | — | — | — | — | ૬ | — | — |
| — | — | — | — | — | ૨૪ | ૧ | ૫ |
| ૫ | ૯ | ૧ ૧ | ૨૨ ૪ | — | ૧૯ | ૧ | |

**સ્વામી** — **પરિણામ**

અવિરતિ મિથ્યાત્વે જતા તદ્યોગ્ય સંક્લેશે
અવિરતિ મિથ્યાત્વે જતા તદ્યોગ્ય વિશુદ્ધ ૧
{ પ્રમત્તથી અપ્રમત્તે જતા તદ્યોગ્ય સંક્લેશે ૨
અપ્રમત્તથી પ્રમત્તે જતા તદ્યોગ્ય સંક્લેશે } તિર્યંચાયુ મનુષ્યાયુ
{ મિથ્યાત્વી તિર્યંચ મનુષ્ય વૈક્રિય દ્વિક અતિ સંક્લેશે
તદ્યોગ્ય વિશુદ્ધ નરકદ્વિક નરકાયુ દેવદ્વિક તદ્યોગ્ય સંક્લેશે
વિગલત્રિક સૂક્ષ્મત્રિક } અતિ સંક્લેશે
ઇશાન સુધીના દેવ અતિ સંક્લેશે ઔદારિક અંગોપાંગ
{ દેવ નારકો અતિ સંક્લેશે / ઇશાન સુધીના
અને સનત્કુમારથી આઠમા સુધીના દેવ ગાઢ અતિ સંક્લેશે
સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત } ૬૭ અતિ સંક્લેશે
મિથ્યાત્વી ચાર ગતિના } ૨૫ તદ્યોગ્ય સંક્લેશે

જ્ઞાના૦ દર્શના૦ અશાતા ૧૬ કષાય મિથ્યાત્વ ભય જુગુપ્સા અરતિ શોક નપુંસક (૨૨ મોહ૦) કાર્મણ તૈજસ પંચક અગુરુલઘુ ઉપઘાત પરાઘાત વર્ણ ચતુષ્ક વર્ણાદિ ચતુષ્ક પંચેન્દ્રિય અશુભ વિહાયોગતિ ઉચ્છ્વાસ પ્રત્યેક સ્થાવર હુંડક (૨૮) નીચગોત્ર અંતરાય ૫ એ ૬૭ પ્રકૃતિઓ શાતા સ્ત્રીવેદ પુરુષવેદ હાસ્ય રતિ
૫ સંઘયણ ૫ સંસ્થાન સ્થિરષટ્ક શુભવિહાયો૦ મનુષ્યદ્વિક (૧૯) ઉચ્ચગોત્ર (૨૫)

**વિઉવ્વિ છ અસન્ની**—વૈક્રિયષટ્ક (દેવદ્વિક નરકદ્વિક અને વૈક્રિયદ્વિક) ને અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા જઘન્ય સ્થિતિએ બાંધે.
**સન્નીવિ આઉ**—સંજ્ઞી પણ (એટલે અસંજ્ઞી) ૪ આયુષ્યને જઘન્ય સ્થિતિએ બાંધે.
**બાયર, પજ્જેગિંદીઉ સેસાણં. ૪૫**—બાકીની (૮૫ પ્રકૃતિઓ) ને તો લબ્ધિ પર્યાપ્તા બાદર એકેંદ્રિય બાંધે.

જઘન્ય સ્થિતિબંધના સ્વામી ગાથા ૪૮–૪૫

| જ્ઞા | દ. | વે | મો | આ | નામ | ગો | અં | સ્વામી | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| — | — | — | — | — | ૭ | — | — | અપૂર્વકરણના ૬ઠ્ઠા ભાગે ક્ષપક અતિ | વિશુદ્ધે |
| — | — | — | ૫ | — | — | — | — | અનિવૃત્તિ ગુણઠાણે ક્ષપક શ્રેણિવાળો | ,, |
| ૫ | ૪ | ૧ | — | — | ૧ | ૧ | ૫ | સૂક્ષ્મસંપરાયી ક્ષપક શ્રેણિવાળો | ,, |
| — | — | — | — | — | ૬ | — | — | અસંજ્ઞી પર્યાપ્તો તિર્યંચ તદ્યોગ્ય | વિશુદ્ધે |
| — | — | — | — | ૪ | — | — | — | અસંજ્ઞી સંજ્ઞી ૩ તદ્યોગ્ય સંક્લેશે ૧ , | ,, |
| — | ૫ | ૧ | ૨૧ | — | ૫૭ | ૧ | — | લબ્ધિ પર્યાપ્તો બાદર એકેંદ્રિય ,, | ,, |

જિન સુરદ્વિક વૈક્રિયદ્વિક આહારકદ્વિક નરકદ્વિક યશ એ ૧૦ વિના ૫૭. મનુષ્યદ્વિક તિર્યંચદ્વિક ૫ જાતિ ઔદારિકદ્વિક તૈજસ કાર્મણ ૬ સંઘયણ ૬ સંસ્થાન વર્ણચતુષ્ક ૨ વિહાયોગતિ ૭ પ્રત્યેકની (જિન વિના) ત્રસનવક સ્થાવરદશક ૫૭

## મૂલ કર્મને વિષે સ્થિતિ બંધના ભાંગા

ઉક્કોસ-જહન્નેઅર,-ઉત્કૃષ્ટબંધ, જઘન્ય બંધ, અનુત્કૃષ્ટ બંધ અને અજઘન્યબંધ એમ ૪ બંધ છે

**ભંગા સાઈ અણાઇ ધ્રુવ અધુવા,**–સાદિ અનાદિ ધ્રુવ અને અધ્રુવ એ ૪ ભાંગા છે.

**ચઉહા સગ અજહન્નો,**–૭ કર્મનો અજઘન્ય બંધ ૪ પ્રકારે (ભાંગે) છે

**સેસતિગે આઉ ચઉસુ દુહા ૪૬**–બાકીના ૭ કર્મના ૩ બંધ અને આયુષ્યના ચારે બંધ ૨ પ્રકારે (સાદિ અને અધ્રુવ ભાગે) છે

વિવેચન—હવે સ્થિતિબંધને વિષે ચાર ભાગા કહે છે—ઉત્કૃષ્ટ અને જઘન્ય બંધ, ઈતર તે તેના પ્રતિપક્ષી એટલે અનુત્કૃષ્ટ અને અજઘન્ય બંધ, એ ચાર. ત્યા સર્વને ઉપરિવર્તી તે ઉત્કૃષ્ટ બંધ ૧, તે ઉત્કૃષ્ટથી માંડીને સમય સમયની હાનિ જ્યાં લગે જઘન્ય થાય ત્યાં લગે સર્વે અનુત્કૃષ્ટ બંધ ૨, એ બે ભેદ માહે સર્વ સ્થિતિ વિશેષ આવ્યા. સર્વ થકી અધોવર્તી તે જઘન્ય બંધ ૧, તે જઘન્યથી માડીને સમય સમયની વૃદ્ધિ જ્યા લગે ઉત્કૃષ્ટ થાય ત્યા લગે સર્વ અજઘન્ય બંધ ૨; એ બે ભેદમાહિ પણ સર્વ સ્થિતિના ભેદ આવ્યા. તે બંધને વિષે ભાગા સાદિ ૧, અનાદિ ૨, ધ્રુવ ૩ અને અધ્રુવ ૪. ત્યા જે વ્યુચ્છેદ પામીને ફરી બધાય તે સાદિ ૧, અનાદિકાળનો અવ્યુચ્છિન્ન હોય તે અનાદિ ૨, જે આગળ કોઇ વારે વ્યુચ્છેદ નહિ પામે તે અભવ્ય સંબધી ધ્રુવ ૩ અને જે આગળ કોઇવારે વિચ્છેદ પામશે તે ભવ્ય સંબંધી અધ્રુવ ૪. આયુવર્જીને સાત મૂલ પ્રકૃતિનો અજઘન્યબંધ તે ચાર ભેદે હોય–સાદિ ૧, અનાદિ ૨, ધ્રુવ ૩. અને અધ્રુવ ૪. તે કેમ? સાત મૂલ પ્રકૃતિમાહે ક્ષપકને મોહનીયનો અનિવૃત્તિ બાદરે છેલ્લો સ્થિતિબંધ તે જઘન્યસ્થિતિ બંધ અને શેષ ૬ પ્રકૃતિનો

એ ત્રણ બંધને વિષે સાદિ ૧, અધ્રુવ ૨, એ બે ભાંગા હોય. તે કેમ? ક્ષપક શ્રેણિએ પોતપોતાના બંધના ઉચ્છેદ સમય અગાઉ જઘન્ય બધ હોય તે પ્રથમ જ બાંધવા માડયો તે માટે સાદિ ૧, આગળ અબંધક થશે તે માટે અધ્રુવ ૨. ઉત્કૃષ્ટ બંધ તો સંજ્ઞી પંચેંદ્રિય મિથ્યાત્વી કરે તે તો અંતર્મુહૂર્ત રહે પછી વળી અનુત્કૃષ્ટ કરે, એમ આરોહણ (ચડવું) અવતરણ (ઉતરવું) કરીને એ બેને સાદિ અધ્રુવપણું હોય. શેષ ૧૦૨ પ્રકૃતિનો ચારે પ્રકારનો બંધ તે પણ એમ જ સાદિ ૧, અધ્રુવ ૨, એ બે ભાંગે હોય તે કેમ? નિદ્રાપંચક ૫, મિથ્યાત્વ ૬. બાર કષાય ૧૮, ભય ૧૯ જુગુપ્સા ૨૦, તૈજસ ૨૧, કાર્મણ ૨૨, વર્ણચતુષ્ક ૨૬, ઉપઘાત ૨૭, અગુરૂલઘુ ૨૮ અને નિર્માણ ૨૯, એ ૨૯ ધ્રુવબંધી પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ સર્વ વિશુદ્ધ બાદર એકેંદ્રિય પર્યાપ્તો કરે, તે અંતર્મુહૂર્ત પછી સકિલષ્ટ થઇને અજઘન્ય બંધ કરે વળી તે અંતર્મુહૂર્ત્તાંતરે તથા ભવાતરે શુદ્ધિ પામીને જઘન્ય સ્થીતિ બંધ કરે, એમ જઘન્ય અજઘન્યની પરાવૃત્તિએ-ફેરફારે) એ જઘન્ય અજઘન્ય બધ સાદિ અધ્રુવ હોય અને એ ૨૯નો ઉત્કૃષ્ટ બંધ તો સર્વ સંકિલષ્ટ સજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો જ કરીને વળી અંતર્મુહૂર્તે અનુત્કૃષ્ટ બધ કરે, વળી કોઇવાર ઉત્કૃષ્ટ કરે, એમ એ બે પણ સાદિ અધ્રુવ હોય અને શેષ ૭૩ પ્રકૃતિ તે તો અધ્રુવબંધી છે તેના જઘન્ય ૧, અજઘન્ય ૨, ઉત્કૃષ્ટ ૩ અને અનુત્કૃષ્ટ ૪, એ ચારે બંધ તે અધ્રુવબધી છે માટે સાદિ અને અધ્રુવ એ બે ભેદે હોય પૂર્વોકત ૧૮ પ્રકૃતિના એકેકીના દશ દશ એવં ૧૮૦ ભાંગા થાય અને ૧૦૨ પ્રકૃતિના એકેકીના આઠ આઠ એવં ૮૧૬ ભાંગા થાય, એ બે મળીને ૯૯૬ ઉત્તર પ્રકૃ-

તિના ભાંગા થાય અને મૂળ પ્રકૃતિના ૭૮ ભાંગા. એ સર્વ મળીને એક હજાર ચુમ્મોત્તેર (૧૦૭૪) સ્થિતિ બંધના ભાંગા થાય.

ગુણઠાણાને વિષે સ્થિતિબંધ

**સાણાઈ અપુવ્વંતે, અયરંતો કોડિકોડિઓ**—સાસ્વાદનથી અપૂર્વકરણ ગુણઠાણા સુધી અંતઃ કોડાકોડી સાગરોપમનો બંધ હોય તેથી.

**ન હિગો, બંધો નહુ હીણો નય, મિચ્છે ભવ્વિઅર સન્નિંસિ. ૪૮**—અધિક બંધ ન હોય તેમજ તેનાથી ઓછો બંધ ન જ હોય મિથ્યાદ્રષ્ટિ ભવ્ય સંજ્ઞી અને અભવ્ય સંજ્ઞીને વિષે ઓછો બંધ ન જ હોય.

સંજ્ઞી પંચેંદ્રિયને વિષે ગુણઠાણે કર્મનો સ્થિતિબંધ કહે છે. મિથ્યાત્વે ૭૦, ૩૦, અને ૨૦ કોડાકોડી સાગરોપમનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય. સાસ્વાદનથી અપૂર્વકરણ સુધી અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણજ બંધ હોય પણ તેથી અધિક કે હીનબંધ ન હોય. ગ્રંથીભેદ કર્યા પછી મિથ્યાત્વે આવે તો પણ અંતઃ કોડાકોડીથી અધિક સ્થિતિ ન બાંધે એમ આવશ્યમાં કહ્યુ છે અને કર્મગ્રંથના મતે ગ્રંથીભેદ કર્યા પછી મિથ્યાત્વે આવે તો અધિકી સ્થિતિ એટલે ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી બાંધે, પણ તીવ્ર રસે ન બાંધે. અનિવૃત્તિએ જ્ઞાનાવરણીયાદિની અંત. કોડી સાગરોપમ જઘન્ય સ્થિતિ બાંધે અને પુરૂષવેદ અને સંજ્વલન ૪ની કહ્યા પ્રમાણે જઘન્ય સ્થિતિ બાંધે સૂક્ષ્મસંપરાયે ૮ મુહૂર્ત, ૧૨ મુહૂર્ત, અંતર્મુહૂર્ત બાંધે. સ્થિતિબંધ કષાયથી બંધાય માટે સૂક્ષ્મસંપરાય સુધી કષાયનો ઉદય છે માટે ત્યા સુધીજ સ્થિતિબંધ હોય

## ૩૬ ભેદે સ્થિતિબંધનું અલ્પબહુત્વ.

**જઇ લહુ બંધો**—યતિનો જઘન્ય સ્થિતિબંધ સૂક્ષ્મસંપરાયે સર્વથી થોડો (અંતમુહૂર્ત) હોય તેથી.

**બાયર, પજ્જ અસંખગુણુ**—બાદર પર્યાપ્તા એકેંદ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાત ગુણો.

**સુહુમ પજ્જ હિગો,**—તેથી સૂક્ષ્મ પર્યાપ્તા એકેંદ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અધિક

**એસિ અપજ્જાણ લહુ**—તેથી એ બંને (બાદર અને સૂક્ષ્મ) અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ અનુક્રમે અધિક

**સુહુમેઅર અપજ્જ પજ્જ ગુરૂ. ૪૯**—તેથી સૂક્ષ્મ અને બાદર અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે અધિક. તે થકી સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે અધિક.

બાદર એકેંદ્રિય પર્યાપ્તા થકી સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તાનાં યોગસ્થાન મંદ છે. તેથી અધ્યવસાય સ્થાન થોડાં હોય, તેથી સ્થિતિ સ્થાનક થોડાં હોય એટલે બાદર પર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિની વચ્ચે સૂક્ષ્મ પર્યાપ્તાનાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનક આવે. સૂક્ષ્મ પર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનકની અંદર બાદર અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનક આવે. બાદર અપર્યાપ્તાના જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનકની અંદર સૂક્ષ્મ અપર્યાપ્તાનાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનક આવે, કારણકે યોગને આશ્રયીને સ્થિતિસ્થાનક છે.

**લહુ બિઅ પજ્જ અપજ્જે**—તે થકી બેઇંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો. તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ અધિક.

અપજ્જેઅર બિઅ ગુરૂ હિગો—તે થકી અપર્યાપ્તા અને પર્યાપ્તા બેઇંદ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અધિક

એવં, તિ ચઉ અસન્નિસુ—એવી રીતે (૪માંથી પહેલો છેલ્લો પર્યાપ્તો અને બીજો ત્રીજો અપર્યાપ્તો લેવો તથા પહેલા બીજાનો જઘન્ય અને ત્રીજા ચોથાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સમજવો. તેઇંદ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ અધિક તેથી તેઇંદ્રિય અપર્યાપ્તા પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અધિક. તે થકી ચઉરિંદ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ અધિક. તેથી ચઉરિંદ્રિય અપર્યાપ્તા અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અધિક. તે થકી અસંજ્ઞી પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો. તે થકી અસંજ્ઞી અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ અધિક. તે થકી અસંજ્ઞી અપર્યાપ્તા અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે દરેકમાં અધિક કહેવો.

નવરં, સંખગુણો બિઅ અમણ પજ્જે. ૫૦—પરંતુ એટલું વિશેષ છે કે બેઇંદ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞી પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબધ સંખ્યાતગુણો કહેવો. કારણકે બમણું કે તેથી અધિક હોય તો સંખ્યાતગુણું થાય. જેમકે એકેંદ્રિય કરતાં બેઇન્દ્રિયનો ૨૫ ગુણો અને ચઉરિંદ્રિય કરતાં અસંજ્ઞીનો ૧૦ ગુણો છે માટે સંખ્યાતગુણો કહ્યો, તેઇન્દ્રિયના પહેલા બોલથી ચઉરિંદ્રિયનો પહેલો બોલ બમણો છે પરંતુ તેમા ૪ બોલ આવવાથી સંખ્યાત-ગુણો ન કહેતાં અધિક કહ્યો આ સ્થિતિબંધનું અલ્પબહુત્વ યોગને આશ્રયીને છે

તો જઈ જિટ્ઠો બંધો, સંખગુણો—તે થકી યતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબધ સંખ્યાતગુણો.

**દેસવિરય હસ્સિઅરો**—તે થકી દેશવિરતિનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણો.

**સમ્મચઉ સન્નિ ચઉરો, ઠિઇબંધાણુકમ સંખગુણા. ૫૧**—તે થકી સમ્યગ્દ્રષ્ટિના ૪ સ્થિતિબંધ (પર્યાપ્તા અપર્યાપ્તાનો જઘન્ય અને અપર્યાપ્તા પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણો. તે થકી સંજ્ઞીના ૪ સ્થિતિબંધ (પર્યાપ્તા અપર્યાપ્તાનો જઘન્ય અને અપર્યાપ્તા પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણો (૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ) છે. અહી યતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી ૧૦ બોલ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેમાં નાનામોટી અંત કોડાકોડી લેવાથી સંખ્યાતગુણા થઈ શકે.

ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિબંધને વિષે પરિણામ

**સવ્વાણવિ જિટ્ઠઠિઈ, અસુહા**—સર્વ પ્રકૃતિ (૧૧૭) નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અશુભ છે.

**જં સાઇસંકિલેસેણં,**—જે માટે તે ( ઉત્કૃષ્ટ સ્થિતિબંધ) અતિ સંક્લેશે (તીવ્ર કષાયના ઉદયે) બંધાય.

**ઇઅરા વિસોહિઓ પુણ** —( ૧૧૭ પ્રકૃતિની) જઘન્ય સ્થિતિ વળી વિશુદ્ધિથી બંધાય.

**મુત્તું નરઅમરતિરિઆઉં. ૫૨**—મનુષ્ય દેવ અને તિર્યંચના આયુષ્યને મૂકીને.

આ ૧૧૭ પ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે પ્રકૃતિની સ્થિતિ ૨૦ કોડાકોડી કે તેથી વધુ સ્થિતિ હોય તો અતિસંક્લેશે કહેવી. અને ૨૦ કોડાકોડીથી ઓછી સ્થિતિ હોય તો તદ્યોગ્ય સંક્લેશે કહેવી. ૩ આયુમાં તદ્યોગ્ય વિશુદ્ધિ કહેવી અને નરકા-

ગુમા તદ્યોગ્ય સંક્લેશે કહેવી કારણકે અતિવિશુદ્ધિએ કે અતિ-સંક્લેશે કોઇ પણ આયુ બંધાતું નથી. આયુષ્ય ડામાડોળ પરિણામે બંધાય છે. જઘન્ય સ્થિતિ બંધમાં જે પ્રકૃતિ ક્ષપક શ્રેણિમાં જનારી ૩+૫+૧૭=૨૫ પ્રકૃતિમાં અતિવિશુદ્ધિ કહેવી અને બાકીની ૩ આયુ વર્જીને ૯૨ પ્રકૃતિમાં ક્ષપક શ્રેણિ નહિ હોવાથી તદ્યોગ્ય વિશુદ્ધિ કહેવી મનષ્યાયુ દેવાયુ અને તિર્યંચાયુની જઘન્ય સ્થિતિમાં તદ્યોગ્ય સંક્લેશે કહેવી.

### અપર્યાપ્તા પર્યાપ્તા જીવના જઘન્ય ઉત્કૃષ્ટ યોગ તથા ૧૪ જીવભેદે સ્થિતિ સ્થાનનું અલ્પ બહુત્વ.

**સુહુમ નિગોઆઈ ખણપ્પ, જોગ**—સૂક્ષ્મ નિગોદ (લબ્ધિ અપર્યાપ્તા)નો ઉત્પત્તિના પહેલા સમયે અલ્પ યોગ.

**બાયર ય વિગલ અમણ મણા, અપજ્જ લહુ**—તેથી બાદર એકેંદ્રિય બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય અસંજ્ઞી અને સંજ્ઞી (એ ૬) અપર્યાપ્તાનો જઘન્ય યોગ અનુક્રમે અસંખ્યાતગુણો.

**પઢમ દુગુરૂ,**—પહેલા બે (સૂક્ષ્મ અને બાદર) અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો.

**પજહસ્સિઅરો અસંખગુણો. પઉ**—તેથી સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તાનો જઘન્ય યોગ અનુક્રમે અસંખ્યાતગુણો. તેથી સૂક્ષ્મ અને બાદર એકેંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસખ્યાત ગુણો.

**અપજત્ત તસુક્કોસો,**—તે થકી અપર્યાપ્તા ત્રસ (બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય અસંજ્ઞી અને સંજ્ઞી) નો અનુક્રમે ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો.

**પજ્જ જહન્નિઅરુ**—તે થકી પર્યાપ્તા ત્રસ (પાંચ) નો જઘન્ય

યોગ અસંખ્યાતગુણો અનુક્રમે કહેવો. તે થકી પર્યાપ્તા ત્રસ (પાંચ) નો અનુક્રમે ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો કહેવો.

સંજ્ઞી પર્યાપ્તામાં ૫ બોલ ગ્રંથાતરથી કહે છે. તેથી અનુત્તરવાસી દેવતાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો; તેથી ગ્રવેયક દેવતાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણો, તે થકી યુગલિક તિર્યંચ મનુષ્યનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો, તે થકી આહારક શરીરીનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો, તે થકી શેષ નારકી તિર્યંચ દેવ અને મનુષ્યનો ઉત્કૃષ્ટ યોગ અસખ્યાતગુણો.

+ મનોયોગ, વચનયોગ અને કાયયોગ એમ યોગ ત્રણ પ્રકારે છે આ યોગરૂપ વીર્ય પરિણામ, આલબન અને ગ્રહણનું સાધન છે, તે આ પ્રમાણે–યોગરૂપ વીર્ય વડે ઔદારિકાદિ શરીર પ્રાયોગ્ય પુદ્દગલો જીવ પ્રથમ ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને પ્રાણાપાનાદિરૂપે પરિણમાવે છે અને પરિણમાવીને સામર્થ્ય વિશેષની સિદ્ધિને માટે તેજ પુદ્દગલોનુ અવલબન કરે છે (જેમ મંદ શકિતવાળો કોઇ મનુષ્ય નગરમાં ફરવા માટે લાકડીનુ આલંબન લે છે તેમ.) તે પછી તેના આધારથી શકિત પ્રાપ્ત થયે છતે તે પુદ્દગલોને છોડી દે છે કાર્યની નિકટતા અને જીવ પ્રદેશોનો શૃખલાના અવયવ (સાકળના અંકોડા) ની પેઠે પરસ્પર સંબંધને લીધે વીર્યનુ ઓછા વત્તાપણુ હોય છે. જેમકે હસ્તાદિગત આત્મપ્રદેશોનું ઘટાદિ ઉપાડવાના કાર્યમા નજીકપણું છે તેની ચેષ્ટા વધારે, ખભા વિગેરેની તેથી ઓછી અને પગ વિગેરેની તેથી પણ ઓછી હોય છે, આ વાત અનુભવ સિદ્ધ છે. જોકે પત્થર વગેરે વાગવાથી સર્વ પ્રદેશમાં એક સાથે વેદના થાય છે તોપણુ જે આત્મ પ્રદેશોએ ઘા વાગ્યો હોય, ત્યા તીવ્રતર વેદના અને તે પછીના પ્રદેશોમા અનુક્રમે મદ, મંદતર વેદના જાણવી

**એવ ઠિઇઠાણા. અપજેઅર સંખગુણા,**—એ પ્રમાણે (સૂક્ષ્મ બાદર અપર્યાપ્તા અને પર્યાપ્તા આદિ ૧૪ જીવભેદને વિષે સ્થિતિ સ્થાનો સંખ્યાતગુણાં કહેવાં.

પરમ પજ બિએ અસંખગુણા. ૫૪—પરંતુ અપર્યાપ્તા બેઇંદ્રિયને વિષે અસખ્યાતગુણાં સ્થિતિ સ્થાન કહેવા.

અસંજ્ઞી સુધીના જીવોના સ્થિતિ સ્થાનકો સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય જેટલાં છે. અપર્યાપ્તા બેઇંદ્રિયમાં અસંખ્યાતગુણાં અને બાકીનામાં સંખ્યાતગુણાં સ્થિતિ સ્થાનક કહેવાં.

| ૧૪ જીવસ્થાનેષુ સ્થિતિસ્થાનાઽલ્પબહુત્વયંત્રકમ્ | |
|---|---|
| ૧ | એકેંદ્રિય સૂક્ષ્મ અપર્યાપ્તાના સ્થિતિ સ્થાનક સર્વ સ્તોક |
| ૨ | તે થકી એકેંદ્રિય બાદર અપર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૩ | તે થકી એકેંદ્રિય સૂક્ષ્મ પર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૪ | તે થકી એકેંદ્રિય બાદર પર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૫ | તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તાના સ્થિતિ૰ અસખ્યાતગુણ |
| ૬ | તે થકી બેઇંદ્રિય પર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૭ | તે થકી તેઇંદ્રિય અપર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૮ | તે થકી તેઇંદ્રિય પર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૯ | તે થકી ચઉરિંદ્રિય અપર્યાપ્તાના સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૧૦ | તે થકી ચઉરિંદ્રિય પર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૧૧ | તે થકી અસજ્ઞી પચેંદ્રિય અપર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૧૨ | તે થકી અસજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાના સ્થિતિ૰ સખ્યાતગુણ |
| ૧૩ | તે થકી સજ્ઞી પચેંદ્રિય અપર્યાપ્તાના સ્થિતિસ્થાન સંખ્યાતગુણ |
| ૧૪ | તે થકી સજ્ઞી પચેંદ્રિય પર્યાપ્તાના સ્થિતિસ્થા૰ સંખ્યાતગુણ |

પ્રતિ સમય અપર્યાપ્તાને યોગવૃદ્ધિ અને સ્થિતિબંધને વિષે અધ્યવસાય

પઇખણમસંખ ગુણ વિરિઅ, અપજ—શરીર પર્યાપ્તિએ અપર્યાપ્તા જીવો પ્રત્યેક સમયે અસખ્યાત ગુણવીર્યવાળા હોય. પર્યાપ્તા થયા પછી વીર્ય વધે, ઘટે કે સરખુ રહે.

**પઇઠિઈ મસંખ લોગસમા, અજ્ઝવસાયા**—હરેક સ્થિતિબંધે અસંખ્યાત લોકાકાશ પ્રમાણ અધ્યવસાય હોય.

**અહિઆ, સત્તસુ**—૭ કર્મને વિષે જઘન્ય સ્થિતિબંધથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી અનુક્રમે અધ્યવસાયો અધિક કહેવા.

**આઉસુ અસંખગુણા. ૫૫**—આયુષ્યને વિષે જઘન્ય સ્થિતિ બંધથી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ સુધી અનુક્રમે વધતા સમયે અસંખ્યાત-ગુણા અધ્યવસાયો કહેવા

એકેક સ્થિતિબંધે તેના હેતુભૂત સર્વ જીવોના મળીને અધ્યવસાય અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય. આયુવર્જીને ૭ કર્મની જઘન્ય સ્થિતિ બંધે અધ્યવસાય અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે તે થકી સમયાધિક બીજી સ્થિતિએ વિશેષાધિક. એમ સમય સમય અધિક કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી કહેવું. અને આયુને વિષે જઘન્ય સ્થિતિબંધે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય તે થકી સમયાધિક બીજી સ્થિતિએ અસંખ્યાત-ગુણા. તે થકી સમયાધિક ત્રીજી સ્થિતિએ અસંખ્યાતગુણા. એમ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી કહેવું.

પંચેંદ્રિયને વિષે ૧૨૦ પ્રકૃતિનો અબંધ કાળ.

**તિરિ નિરયતિ જોઆણં, નરભવજુઅ સચઉપલ્લ તેસટ્ઠં-** તિર્યંચત્રિક નરકત્રિક અને ઉદ્યોત નામકર્મ (એ ૭ પ્રકૃતિ) નો અબંધકાળ ૧૬૩ સાગરોપમ, ૪ પલ્યોપમ (૩ પલ્યો૦ યુગલિકનાં અને ૧ પલ્યો. સૌધર્મના મળીને) અને મનુષ્યના ૭ ભવયુક્ત છે

**થાવર ચઉ ઇગવિગલા, યવેસુ પણસીઈ સયમયરા. ૫૬-**

સ્થાવર ચતુષ્ક એકેંદ્રિય વિકલેંદ્રિય અને આતપ (એ ૯ પ્રકૃતિ) નો અબંધકાળ ૧૮૫ સાગરોપમ ૪ પલ્યોપમ સૌધર્મનાં અને મનુષ્યના ૮ ભવ સહિત છે

વિવેચન—હવે ઉત્તર પ્રકૃતિનો અબંધકાળ કહે છે. ત્યાં સર્વ પ્રકૃતિનો જઘન્યથી તો એક સમય અબંધકાળ હોય અને ઉત્કૃષ્ટપણે મિથ્યાત્વ સાસ્વાદને છેદ પામતી ૪૧ પ્રકૃતિનો પંચેંદ્રિયને વિષે અબંધકાળ કહે છે. તિર્યંચત્રિક ૩, નરકત્રિક ૩ અને ઉદ્યોતનામ ૧, એ સાત પ્રકૃતિનો મનુષ્યના પૂર્વકોડીના ૭ ભવોએ યુક્ત ચાર પલ્યોપમ અને એકસો ત્રેસઠ સાગરોપમ એટલો અબંધકાળ હોય. એટલા કાળલગે એ સાત પ્રકૃતિ બાંધે જ નહિ, તે આ પ્રમાણે–કોઇક ત્રણ પલ્યોપમના આઉખાવાળો યુગલિક મનુષ્ય તે ભવે એ ૭ પ્રકૃતિ[1] ન બાંધે, નરક તિર્યંચમાં ઉપજવું નથી તે માટે. તે ભવને અંતે સમ્યક્ત્વ પામીને એક પલ્યની સ્થિતિનો સૌધર્મ કલ્પે દેવતા ઉપજે ત્યાં પણ સમ્યક્ત્વ પ્રત્યયે એ ૭ પ્રકૃતિ ન બાંધે. ત્યાંથી મનુષ્યમા ઉપજી દીક્ષા પાળી નવમે ગ્રૈવેયકે ૩૧ સાગરોપમની સ્થિતિએ દેવપણે ઉપજે ત્યાં અંતર્મુહૂર્ત પછી મિથ્યાત્વ[1] પામે. પણ ભવ પ્રત્યયેજ એ ૭ પ્રકૃતિ ત્યા ન બાંધે અંતે સમ્યક્ત્વ પામી મરીને મનુષ્યમાં ઉપજી દીક્ષા અથવા દેશવિરતિપણું પાળી, ત્રણ વાર અચ્યુતે જઇને ૬૬ સાગરોપમ પૂરા કરીને મનુષ્યમાં અંતર્મુહૂર્ત મિશ્રપણું અનુભવી, પાછું સમ્યક્ત્વ પામી. બેવાર અનુત્તર વિમાને ૬૬ સાગરોપમ સમ્યક્ત્વકાળ ફરીથી પૂરે. ત્યાં સમ્યક્ત્વ પ્રત્યયેજ એ ૭ પ્રકૃતિ ન બાંધે એટલે ત્રણ પલ્યોપમે અધિક અને અંતરે ૭ ભવ મનુષ્યના કર્યા તેનો પણ અધિક ૧૬૩ સાગરોપમ કહે

મિથ્યાત્વ સાસ્વાદનના અભાવ થકી તથા ભવસ્વભાવથકી એ ૭ પ્રકૃતિ ન બાંધે. તથા સ્થાવર ચતુષ્ક ૪, એકેંદ્રિયજાતિ ૫, વિકલેંદ્રિય ૮ અને આતપનામ ૯, એ નવ પ્રકૃતિનો ૪ પલ્યોપમ સહિત એકસો પંચાશી (૧૮૫) સાગરોપમનો અબંધકાળ હોય. તે આ પ્રમાણેઃ—કોઈક જીવ તમઃપ્રભાએ ૨૨ સાગરને આઉખે નારકી થઈ, અંતે સમ્યક્ત્વ પામી, મનુષ્ય થઈ, સૌધર્મ કલ્પે ૪ પલ્યને આઉખે દેવતા થઇ, મનુષ્ય થઈ સંયમ પાળી પૂર્વોક્ત પેઠે નવમા ગ્રૈવેયકાદિકે ૧૬૩ સાગરોપમ પૂરે, એવં ૧૮૫ સાગરોપમ ૪ પલ્યોપમ અને ૮ ભવ સુધી એ ૯ પ્રકૃતિ ભવ પ્રત્યયે તથા સમ્યક્ત્વ પ્રત્યયે ન બાંધે.

૧ આ સાત પ્રકૃતિ નારક તિર્યંગ પ્રાયોગ્યજ બંધાય છે અને તે ગતિમા યુગલિક જાયજ નહિ માટે.

**અપઢમ સંઘયણાગિઈ, ખગઈ**—પહેલા વિના ૫ સંઘયણ, ૫ સંસ્થાન અશુભ વિહાયોગતિ.

**અણ મિચ્છદુહગથીણ તિગં**—અનંતાનુબંધી.-૪ મિથ્યાત્વ દુર્ભગ ત્રિક થીણદ્ધિત્રિક

**નિઅ નપુ ઇત્થિ દુતીસં**—નીચગોત્ર નપુંસકવેદ સ્રીવેદ (એ ૨૫ પ્રકૃતિ)નો ૧૩૨ સાગરોપમ મનુષ્યના ૬ ભવ યુક્ત **પણિંદિસુ અબંધઠિઈ પરમા. ૫૭**—ઉત્કૃષ્ટ અબંધકાળ પંચેંદ્રિયને વિષે જાણવો.

**વિજયાઇસુ ગેવિજ્જે, તમાઈ દહિસય દુતીસ તેસટ્ઠં. પણસીઈ**—વિજયાદિને વિષે, ગ્રૈવેયક અને વિજયાદિને વિષે, તમપ્રભા ગ્રૈવેયક અને વિજયાદિને વિષે ગયેલ જીવનો

ઉત્કૃષ્ટ અબંધકાળ અનુક્રમે ૧૩૨ સાગરોપમ, ૧૬૩ સાગરોપમ અને ૪ પલ્યો. અને ૧૮૫ સાગરોપમ ૪ પલ્યોપમ અનુક્રમે નરભવો ૬, ૭, ૮. (વડે) યુક્ત હોય.

એ ૨૫ પ્રકૃતિનો અબંધકાળ ૧૩૨ સાગરોપમ. તે આ પ્રમાણે અહીં મનુષ્ય ભવે સમ્યક્ત્વ સહિત ચારિત્ર પાળી ૩ વાર અચ્યુતે જઈ ૬૬ સાગરોપમ સાધિક ક્ષયોપશમ સમકિતનો કાળ પૂર્ણ કરી મનુષ્ય ભવમાં અંતર્મુહૂર્ત મિશ્રપણું અનુભવી, સમ્યક્ત્વ પામી ચારિત્ર પાળી બે વાર વિજયાદિમાં જઈ ૬૬ સાગરોપમ પૂર્ણ કરી કુલ ૧૩૨ સાગરોપમ સુધી મિશ્રાદિ

**પંચેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટ અબંધ કાળ. ગાથા ૫૬ થી ૫૮**

| જ્ઞા. | દ. | વે | મો. | આ. | ના | ગો. | અં. | ઉત્કૃષ્ટ અબંધકાળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ... | .. | .. | | ૨ | ૫ | . . | ... | ૧૬૩ સાગરો૦ ૪ પલ્યો૦ (૩ પલ્યો૦ યુગલિક. ૧ પલ્યો૦ સૌધર્મ) પૂર્વક્રોડી વર્ષના ૭ ભવ મનુષ્યના |
| ... | . | . | | ... | ૯ | . | . | ૧૮૫ સાગરો૦ સૌધર્મના ૪ પલ્યોપમ પૂર્વ ક્રોડી વર્ષના ૮ ભવ મનુષ્યના |
| | ૬ | | ૭ | . | ૧૪ | ૧ | | ૧૩૨ સાગરો૦ પૂર્વ ક્રોડી વર્ષના ૬ ભવ મનુષ્યના. |
| . | . | . | ૮ | ૧ | ૫ | ... | . | ૪–૫ મે ગુણઠાણે બંધાતી દેશોન પૂર્વ ક્રોડી વર્ષ સુધી સાધુ ન બાંધે. |
| ૫ | ૬ | ૨ | ૧. | ૧ | ૩૪ | ૧ | ૫ | અંતર્મુહૂર્ત છઠ્ઠાથી ૧૦મા ગુણઠાણા સુધી બંધાતી ઉપરના ગુણઠાણે અબંધક થઈને પડતો ન બાંધે ત્યાં સુધી |

ગુણુઠાણું હોવાથી એ ૨૫ પ્રકૃતિ ન બાંધે. એ ઉપરાંત સિદ્ધાંતના મતે બાંધે અથવા અબંધક થાય. એ ૪૧ પ્રકૃતિ વિના બાકીની ૭૯ પ્રકૃતિમાંથી અપ્રત્યાખ્યાનીય-૪ મનુષ્યત્રિક વજ્રરૂષભનારાચ ઔદારિક દ્વિક પ્રત્યાખ્યાનીય-૪ એ ૧૪ પ્રકૃતિ દેશોન પૂર્વ કોડી સુધી સંયત ન બાંધે. બાકીની ૬૫ પ્રકૃતિ પ્રમત્તથી સૂક્ષ્મસંપરાય સુધીની. જ્ઞાના૦૫, દર્શના૦૬ વેદનીય ૨, મોહનીય ૧૧, દેવાયુ, નામની ૩૪, ઉંચગોત્ર અંતરાય-૫નો ઉત્કૃષ્ટ અબંધકાળ અંતર્મુહૂર્ત હોય

૭૩ અધ્રુ૦બંધીનો ઉત્કૃષ્ટ જઘન્ય નિરંતર બંધ

**સયય બંધો, પલ્લતિગં સુર વિઉવ્વિ દુગે.** ૫૮—સુરદ્વિક અને વૈક્રિયદ્વિકનો નિરંતર બંધ ૪ પલ્યોપમ હોય (યુગલિક બાંધે)

**સમયા દસંખંકાલં, તિરિદુગ નીએસુ**—તિર્યંચ દ્વિક અને નીચગોત્રનો નિરંતર બંધ સમયથી માંડીને અસંખ્યાતકાળ. (તેઉ વાઉ અને તમસ્તમપ્રભા નારકી બાંધે)

**આઉ અંતમુહુ**—આયુ ૪નો નિરંતર બંધ અંતર્મુહૂર્ત (આયુનો બંધ એટલો જ છે.)

**ઉરલિ અસંખ પરટ્ટા**—ઔદારિક શરીરને વિષે નિરંતર બંધ અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત (એકેદ્રિયમાં વનસ્પતિ બાંધે)

**સાયઠિઈ પુવ્વકોડૂણા.** ૫૯—શાતાવેદનીયનો નિરંતર બંધ દેશોન પૂર્વકોડી વર્ષ અપ્રમત્તથી સયોગી સુધી બાંધે

**જલહિ સયં પણસીયં, પરઘુસ્સાસે પણિંદિ તસચઉગે—** પરાઘાત ઉચ્છ્વાસ પચેંદ્રિય જાતિ અને ત્રસચતુષ્કનો નિરતર બંધ ૧૮૫ સાગરોપમ.

**બત્તીસં સુહવિહગઈ, પુમ સુભગતિગુચ્ચ ચઉરંસે. ૬૦—**
શુભવિહાયોગતિ પુરૂષવેદ સુભગત્રિક ઉચ્ચગોત્ર અને
સમચતુરસ્રનો ૧૩૨ સાગરોપમ
પરાઘાત અને ઉચ્છ્વાસ પર્યાપ્તા સાથે જ બંધાય, માટે
તેની પ્રતિપક્ષી અપર્યાપ્ત, પંચેંદ્રિયની પ્રતિપક્ષી એકેંદ્રિયાદિ—૪ જાતિ
સ્થાવર ચતુષ્કનો ત્રસચતુષ્ક. પ્રતિપક્ષી પ્રકૃતિઓ ૧૮૫ સાગરોપમ,
૪ પલ્યો. પૂર્વકોડીના ૮ ભવ સુધી મિથ્યાત્વના અભાવથી તથા
ગ્રૈવેયકમા ભવસ્વભાવે ન બંધાય. તથા શુભવિહાયોગતિ આદિની
પ્રતિપક્ષી અશુભ વિહાયોગતિ સ્રીવેદ નપુંસકવેદ દુર્ભગત્રિક નીચગોત્ર
અને ૫ સંસ્થાન એ પ્રકૃતિઓ તો મિથ્યાત્વ સાસ્વાદને બંધાય છે
અને ૧૩૨ સાગરોપમ સુધી એ બે ગુણઠાણાં હોતા નથી માટે
ન બંધાય.

**અસુખગઇ જાઈઆગિઈ, સંઘયણાહાર નિરય જોઅદુગં—**
અશુભ વિહાયોગતિ અશુભ જાતિ—૪ અશુભ સંસ્થાન—૫
અશુભ સંઘયણ—૫ આહારકદ્વિક નરકદ્વિક ઉદ્યોતદ્વિક (ઉદ્યોત આતપ)
**ર સુભ જસ થાવર દસ,**—સ્થિર શુભ યશ સ્થાવર દશક
**ઈત્થી દુજુઅલસસાયં. ૬૧**—નપુંસકવેદ સ્રીવેદ હાસ્યાદિ
યુગલ અને અશાતા (એ ૪૧ પ્રકૃતિ)નો
**યાદંત મુહુત્તં.**—નિરંતર બંધ સમયથી માંડીને અંત-
ર્મુહૂર્ત સુધી (અધ્રુવબંધી છે માટે.)
**ગ જિણ વઇરિ ઉરલુવંગેસુ. તિત્તીસયરા પરમો,—**
દ્વિક જિનનામ વજ્રઋષભ. નારાચ અને ઔદારિક ઉપાંગને
ઉત્કૃષ્ટ નિરતર બંધ ૩૩ સાગરોપમ સુધી (અનુત્તરવાસી
દેવ બાંધે)

## ૭૩ અધ્રુવબંધી અને ૪૭ ધ્રુવબંધીનો ઉત્કૃષ્ટ જઘન્ય નિરંતર બંધકાળ. ગા. ૫૮ થી ૬૨

| જ્ઞા. | દ. | વે | મો | આ | નામ | ગો | અં | ઉત્કૃષ્ટ જઘન્ય નિરંતર બંધકાળ ગા. ૫૮ થી ૬૨ |
|---|---|---|---|---|---|---|---|---|
| — | — | — | — | — | ૪ | — | — | ૩ પલ્યોપમ સુધી યુગલિક મનુષ્ય તિર્યંચ |
| — | — | — | — | — | ૨ | ૧ | — | અસંખ્યાતો કાળ. તેઉ વાઉકાય અને ૭મી નારકી. |
| — | — | — | — | ૪ | — | — | — | અંતર્મુહૂર્ત. |
| — | — | — | — | — | ૧ | — | — | અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્ત. એકેન્દ્રિયમાં વન૦ |
| — | — | ૧ | — | — | — | — | — | ૯ વર્ષ ઉણ પૂર્વક્રોડી અપ્રમત્તથી સયોગી સુધી. |
| — | — | — | — | — | ૭ | — | — | ૧૮૫ સાગરો ૪ પલ્યો પૂર્વક્રોડી વર્ષના ૮ ભવ મનુષ્યના |
| — | — | — | ૧ | — | ૫ | ૧ | — | ૧૩૨ સાગરોપમ પૂર્વક્રોડી આયુવાળા ૬ ભવ મનુષ્યના. |
| — | — | ૧ | ૬ | — | ૩૪ | — | — | ૧ સમયથી અંતર્મુહૂર્ત સુધી |
| — | — | — | — | — | ૫ | — | — | ૩૩ સાગરોપમ સુધી. અનુત્તર વાસી દેવ |
| ૫ | ૯ | — | ૧૯ | — | ૯ | — | ૫ | ધ્રુવબંધી ૪૭ અભવ્યને અનાદિ અનંત ભવ્યને અનાદિ સાંત પતિતને સાદિ સાંત |
| — | — | — | — | ૪ | ૧ | — | — | અંતર્મુહૂર્ત અધ્રુવબંધી હોવાથી જઘન્ય નિરંતર બંધ |
| — | — | ૨ | ૭ | — | ૫૭ | ૨ | — | ૧ સમય ,, ,, ,, ,, ,, |

**અંતમુહુ લહુવિ આઉ જિણે.** ૬૨—૪ આયુષ્ય અને જિન-નામનો જઘન્ય નિરંતર બંધ અંતર્મુહૂર્ત.

આયુબંધનો કાળ અંતમુહૂર્તજ હોય તથા જિનનામ બાંધતો ઉપશમ શ્રેણિએ ચઢે ત્યાં જિનનામનો અબંધક થઈ પાછો પડે ત્યાં અંતર્મુહૂર્ત સુધી જિનનામ બાંધી ફરી બીજીવાર ઉપશમ શ્રેણિ કરતો અબંધક થાય ત્યારે અંતર્મુહૂર્ત સુધીજ જિનનામનો બંધ પામીએ પણ ૧ સમય ન હોય. બાકીની અધ્રુવબંધી ૬૮ પ્રકૃતિનો જઘન્ય નિરંતર બંધ ૧ સમય. આ નિરંતર બંધ વ્યવહાર રાશિ જીવને આશ્રયીને કહ્યો છે. અવ્યવહાર રાશિ જીવને આશ્રયીને અનંતો કાળ થાય.

૮૨ પાપ પ્રકૃતિ અને ૪૨ પુણ્ય પ્રકૃતિના તીવ્ર મંદરસમાં કષાય

**તિવ્વો અસુહ સુહાણં, સંકેસ વિસોહિઓ**—અશુભ અને શુભ પ્રકૃતિનો તીવ્રરસ અનુક્રમે સંક્લેશ અને વિશુદ્ધિ વડે બંધાય.

**વિવજ્જયઓ, મંદરસો**—અશુભ અને શુભ પ્રકૃતિનો મંદરસ વિપરીત (અનુક્રમે વિશુદ્ધિ અને સંક્લેશ) વડે

**ગિરિ મહિરય, જલ રેહા સરિસ કસાએહિં.** ૬૩—પર્વત પૃથ્વી રેતી અને જલ રેખા સરખા કષાયો વડે બંધાય

વિવેચન—ઈહા રાગાદિકને વશથકો જીવ સિદ્ધને અનંતમે ભાગે અને અભવ્યથી અનંતગુણા એટલા પરમાણુએ નિપ્પન્ન કર્મસ્કંધનાં દલિયાં જૂદાં જૂદાં સમયે સમયે ગ્રહે છે. તે દલિયાંને વિષે પરમાણુ દીઠ કષાયના વિશેષ થકી સર્વ જીવ થકી અનંતગુણા અનુભાગ (રસ) ના અવિભાગ પલિચ્છેદ કરે. જે કેવળીની બુદ્ધિએ છેદે તો પણ અત્યંત સૂક્ષ્મ અનુભાગનો અંશ. અતિ

મળી ૭, પુરૂષવેદ ૧ અને સંજ્વલન કષાય ૪, એવં ૧૭ પ્રકૃતિ એકઠાણિયે, બેઠાણિયે. ત્રિઠાણિયે અને ચારઠાણિયે, એમ ચારે પ્રકારના રસયુક્ત બંધાય ત્યા અનિવૃત્તિબાદર ગુણઠાણાના સંખ્યાતા ભાગ ગયે થકે એ ૧૭ પ્રકૃતિનો એકઠાણિયો રસ બંધાય. શેષ ૧૦૩ પ્રકૃતિનો રસ બેઠાણિયો, ત્રિઠાણિયો, ચઉઠાણિયો બંધાય પણ એકઠાણિયો ન હોય જે ભણી અશુભનો એકઠાણિયો રસ તે અનિવૃત્તિબાદર ગુણઠાણાના સંખ્યાતા ભાગ પછી જ હોય અને ત્યાં તો એ સત્તર વર્જીને અનેરી અશુભ પ્રકૃતિનો બંધજ નથી, તે માટે શેષ ૯૩ અશુભ પ્રકૃતિનો એકઠાણિયો રસ ન બંધાય. અને જે કેવળ જ્ઞાનાવરણીય ૧, અને કેવલદર્શનાવરણીય ૨, એ બે ત્યાં અશુભ બંધાય છે, પણ તે તો સર્વઘાતી છે માટે ત્યાં બેઠાણિયો જ રસ બંધાય પણ એકઠાણિયો ન બંધાય. અને શુભ પ્રકૃતિનો તો એકઠાણિયો રસ ન હોય જે માટે સંક્લેશ સ્થાનક અને વિશુદ્ધિ સ્થાનક એ બે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ તુલ્યજ છે, તો પણ વિશુદ્ધિ સ્થાનક કાંઈક અધિકા છે. કેમકે ઉપશામક જેટલે વિશુદ્ધિ સ્થાનકે ચઢે છે તે પડતો પણ તેટલે સંક્લેશ સ્થાનકે પાછો ઉતરે છે, એટલે તે તુલ્ય છે અને ક્ષપક જે વિશુદ્ધાધ્યવસાય સ્થાનકે ચઢે છે તેથી પાછો ઉતરતો નથી તે માટે એટલા વિશુદ્ધિસ્થાનક અધિકાં છે, તે માટે અતિ વિશુદ્ધિએ વર્તતો શુભ પ્રકૃતિનો ચઉઠાણિઓ રસ બાંધે અને અતિ સંક્લેશે વર્તતાને તો શુભ પ્રકૃતિ બધેજ ન આવે અને જે વૈક્રિયાદિક શુભ પ્રકૃતિ નરક યોગ્ય બાંધે તો તે અતિ સંકિલષ્ટપણે બેઠાણિયે રસેજ બાંધે, શુભનો સ્વભાવ જ એવો છે કે જે મધ્યમ અધ્યવસાય સ્થાનકે શુભ બંધાય તે પણ બેઠાણિયા લગે જ બંધાય,

તેથી શુભ પ્રકૃતિનો એકઠાણિયા રસનો બંધ ન જ હોય.

એકઠાણિયાદિ રસનું દ્રષ્ટાંત

નિબુચ્છુરસો સહજો,—લીંબડા અને શેરડીનો સ્વાભાવિક રસ (એકઠાણિયો)

દુતિ ચઉ ભાગ કઢિ ઈક્કભાગંતો,ઈગઠાણાઈ—બે ત્રણ ચાર ભાગને ઉકાળીને એક ભાગ બાકી રહે તે એકઠાણિયા વિગેરે

અસુહો, અસુહાણુ સુહો સુહાણુંતુ ૬૫—અશુભ પ્રકૃતિનો અશુભ રસ જાણવો અને શુભ પ્રકૃતિનો વળી શુભ રસ જાણવો.

૧૭ પ્રકૃતિના એકઠાણિયા રસના સ્પર્દ્ધક અસંખ્યાતા હોય તે સ્પર્દ્ધકમાં અનુક્રમે રસ અનંતગુણ જાણવો એવી રીતે બે ત્રણ ચારઠાણિયા રસનાં સ્પર્દ્ધક જાણવાં

પુણ્ય પાપ પ્રકૃતિને વિષે ઉત્કૃષ્ટ રસ બંધના સ્વામી

તિવ્વમિગ થાવરાયવ, સુરમિચ્છા—એકેંદ્રિય સ્થાવર અને આતપનામ કર્મના ઉત્કૃષ્ટ રસબંધને (ઈશાન સુધીના) મિથ્યાદ્રષ્ટિ દેવ કરે.

વિગલ સુહુમ નિરયતિગં. તિરિ મણુઆઉ તિરિનરા—વિકલેંદ્રિયત્રિક સૂક્ષ્મત્રિક નરકત્રિક તિર્યંચાયુ અને મનુષ્યાયુ (એ ૧૧ પ્રકૃતિ)નો મિથ્યાદ્રષ્ટિ તિર્યંચ અને મનુષ્યો ઉત્કૃષ્ટ રસ બંધ કરે

તિરિદુગ છેવટ્ઠ સુરનિરયા. ૬૬—તિર્યંચદ્વિક અને છેવટ્ઠા સંઘયણનો મિથ્યાદ્રષ્ટિ દેવ અને નારકી ઉત્કૃષ્ટ રસ બંધ કરે

પુણ્યની પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ ક્ષપક શ્રેણિમાં અતિવિશુદ્ધતાએ બાપે શ્રેણિ વિનાના ગુણઠાણે તદ્યોગ્ય વિશુદ્ધતાએ બાપે ૫ પની પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ મિથ્યાદ્રષ્ટિ અતિ સંક્લેશતાએ અને તદ્યોગ્ય

સંકલેશતાએ બાંધે. ઇશાન સુધીના દેવો એકેંદ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિને, સનત્કુમારાદિથી સહસ્રાર સુધીના દેવો પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય પ્રકૃતિને, મનુષ્ય અને તિર્યંચ નરક પ્રાયોગ્ય પાપ પ્રકૃતિને અતિ સંકલેશતાએ બાંધે. નરકાયુ મધ્યનાં ૪ સંઘયણ અને ૪ સંસ્થાન હાસ્યરતિ પુરૂષવેદ અને સ્રીવેદ તદ્યોગ્ય સંકલેશતાએ અને બાકીની પાપ પ્રકૃતિઓ અતિ સંકલેશતાએ બાંધે.

એકેંદ્રિય અને સ્થાવરને અતિ સંકલેશે અને આતપને તદ્યોગ્ય વિશુદ્ધિએ ભવનપતિથી ઇશાન સુધીના દેવો ઉત્કૃષ્ટ રસે બાંધે નરકદ્વિક અતિ સંકલેશતાએ, વિકલેંદ્રિય ત્રિક સૂક્ષ્મત્રિક અને નરકાયુ તદ્યોગ્ય સંકલેશે, તથા તિર્યંચાયુ મનુષ્યાયુ તદ્યોગ્ય વિશુદ્ધતાએ મનુષ્ય અને તિર્યંચ બાંધે. તિર્યંચદ્વિક ભવનપતિથી સહસ્રાર સુધીના દેવ અને નારકી અતિ સંકલેશે બાંધે અને છેવટ્ઠા સંઘયણને સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવ અને નારકી અતિ સંકલેશતાએ બાંધે. ઉત્કૃષ્ટ રસબંધનો કાળ ૧ કે ૨ સમય જાણવો અને જઘન્ય રસબંધનો કાળ ૧ થી ૪ સમય સુધી જાણવો.

**વિઉવ્વિ સુરાહારગદુગં**—વૈક્રિયદ્વિક દેવદ્વિક આહારકદ્વિક

**સુખગઈ વન્નચઉતેઅ જિણસાયં**—શુભવિહાયોગતિ વર્ણચતુષ્ક તૈજસ ચતુષ્ક (તૈજસ કાર્મણ અગુરૂલઘુ નિર્માણ) જિનનામ **શાતા** વેદનીય.

**સમચઉ-પરઘા તસદસ**—સમચતુરસ્ર પરાઘાત ત્રસદશક (ત્રસાદિ-૯ યશ)

**પણિંદી સાસુચ્ચ ખવગા ઉ. ૬૭**—પચેંદ્રિય ઉચ્છ્વાસ અને ઉંચગોત્ર (એ ૩૨ પ્રકૃતિ)નો ઉત્કૃષ્ટ રસબંધ ક્ષપક (શ્રેણિવાળા અપૂર્વકરણ અને સૂક્ષ્મ સંપરાયે) વળી કરે

શાતા યશ અને ઉચ્ચગોત્રને સૂક્ષ્મ સંપરાય ક્ષપક ચરિમ સમયવર્તી ઉત્કૃષ્ટ રસે બાંધે બાકીની ૨૯ પ્રકૃતિઓ દેવ પ્રાયોગ્ય બંધના વિચ્છેદ સમયે અપૂર્વકરણે ક્ષપક ઉત્કૃષ્ટ રસે બાંધે.

**તમતમગા ઉજ્જોઅં**—તમસ્તમપ્રભા નારકના જીવો ઉદ્યોત-નામને ઉત્કૃષ્ટ રસે બાંધે સમ્યક્ત્વ પામતાં મિથ્યાત્વના ચરિમ સમયે.

**સમ્મસુરા મણુઅ-ઉરલદુગં વઇરિં**—સમ્યદ્દષ્ટિ દેવ મનુષ્ય-દ્વિક ઔદારિકદ્વિક અને વજ્રઋષભ નારાચ સંઘયણને તદ્યોગ્ય વિશુદ્ધિએ ઉત્કૃષ્ટ રસે બાંધે (વિશુદ્ધ થવાનાં કારણો નંદીસરાદિ-યાત્રા, જિનવાણી શ્રવણ અને કલ્યાણકના પ્રસંગો)

**અપમત્તો અમરાઉં**—અપ્રમત્ત યતિ દેવાયુને ઉત્કૃષ્ટ રસે બાંધે. તદ્યોગ્ય વિશુદ્ધિએ

**ચઉગઇ મિચ્છા ઉ સેસાણં.૬૮**—ચારે ગતિના મિથ્યાદ્દષ્ટિ વળી બાકીની (૬૮) પ્રકૃતિને બાંધે

મધ્યનાં ૪ સંઘયણ ૪ સંસ્થાન હાસ્ય રતિ પુરૂષવેદ અને સ્ત્રીવેદ એ ૧૨ પ્રકૃતિ તદ્યોગ્ય સંક્લેશે અને બાકીની જ્ઞાના૦ ૫ દર્શના૦ ૯ અશાતા મોહનીયની-૨૨ વર્ણચતુષ્ક અસ્થિરષટ્ક અશુભ વિહાયોગતિ હુંડક ઉપઘાત (એ ૧૩ નામની) નીચગોત્ર અંતરાય ૫ એ ૫૬ પ્રકૃતિઓ અતિસંક્લેશે ચારે ગતિના મિથ્યાદ્દષ્ટિ બાંધે.

### મંદ (જઘન્ય) રસ બંધના સ્વામી.

**થીણતિગં અણ મિચ્છં. મંદરસં સંજમુમ્મુહો મિચ્છો,**—થીણદ્ધિત્રિક અનંતાનુબંધી ૪ અને મિથ્યાત્વ મોહનીયને મંદ (જઘન્ય) રસે સંયમની સન્મુખ થયેલ મિથ્યાદ્દષ્ટિ બાંધે તદ્યોગ્ય વિશુદ્ધિ.

## ઉત્કૃષ્ટ રસ બંધના સ્વામી ગાથા ૬૬ થી ૬૮

| જ્ઞા. | દ | વે | મો | આ | નામ | ગો | અં | સ્વામી અને પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|
| — | — | — | — | — | ૩ | — | — | ઇશાન સુધીના મિથ્યાત્વી દેવ ૧. તદ્યોગ્ય વિશુદ્ધે ૨ અતિ સંક્લેશો |
| — | — | — | — | ૩ | ૮ | — | — | મિથ્યાત્વી તિર્યંચ-મનુષ્ય ૭ તદ્યોગ્ય સંક્લેશે ૨ અતિસંક્લેશે ૨ તદ્યોગ્ય વિશુદ્ધે. |
| — | — | — | — | — | ૩ | — | — | દેવ નારકી અતિસંક્લેશે ભવનપતિથી સહસ્રાર સુધીના |
| — | — | ૧ | — | — |  |  |  | તિર્યંચદ્વિકને અને છેવટ્ઠું ત્રીજાથી સહસ્રાર સુધીના |
| — | — | — | — | — | ૧ | ૧ | — | સૂક્ષ્મ સંપરાયથી |
| — | — | — | — | — | ૨૯ | — | — | અપૂર્વકરણના ૬ઠા ભાગે ક્ષપક અતિ વિશુદ્ધે |
| — | — | — | — | — | ૧ | — | — | સાતમી નારકી સમકિત પામતા તદ્યોગ્ય વિશુદ્ધિએ ,, |
| — | — | — | — | — | ૫ | — | — | સમ્યક્ત્વી દેવ તદ્યોગ્ય વિશુદ્ધિએ. |
| ૫ | ૯ | ૧ | ૨૬ | ૧ | — | — | — | અપ્રમત્ત યતિ તદ્યોગ્ય વિશુદ્ધિએ |
|  |  |  |  | — | ૨૧ | ૧ | ૫ | ચારેગતિના મિથ્યાત્વી ૧૨ તદ્યોગ્ય સંક્લેશે } ૫૬ પ્રકૃતિ અતિ સંક્લેશે |

મધ્યનાં ૪ સંઘયણ ૪ સંસ્થાન હાસ્ય ગતિ પુરૂષવેદ સ્ત્રીવેદ (૧૨) તદ્યોગ્ય સંક્લેશે. બાકીની જ્ઞાના૦ ૫ દર્શના૦ ૯ અશાતા મોહનીયની-૨૨, વર્ણચતુષ્ક અસ્થિરષટ્ક ૨૯. અશુભ વિહાયોગતિ કુઙક ઉપઘાત [૧૩] નીચગોત્ર અંતરાય-૫ એ ૫૬ અતિસંક્લેશે

બિઅ તિઅ કસાય અવિરય, દેસ—બીજા કષાયને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને ત્રીજા કષાયને દેશવિરતિ જઘન્ય રસે સંયમની સન્મુખ થયેલ બાંધે. તદ્યોગ્ય વિશુદ્ધે. મતાંતરે બીજા કષાયને અવિરતિ દેશવિરતિની સન્મુખ થયેલ બાંધે પરંતુ દેશવિરતિ કરતાં સર્વવિરતિ સન્મુખ થયેલની વિશુદ્ધિ વધારે હોય.

પમત્તો અરઈ સોએ. ૬૯—પ્રમત્તયતિ અરતિ અને શોકને મંદરસે અપ્રમત્તની સન્મુખ થયેલ બાંધે. તદ્યોગ્ય વિશુદ્ધે.

અપમાઈ હારગ દુગં,—અપ્રમાદી (અપ્રમત્ત) મુનિ આહારક દ્વિકને મંદરસે બાંધે. પમત્તે જતાં તદ્યોગ્ય સંકલેશે.

દુનિદ અસુવન્ન હાસ રઈ કુચ્છા. ભયસુવઘાય સપુવ્વો,—બે નિદ્રા અશુભ વર્ણાદિ-૪ હાસ્ય રતિ જુગુપ્સા ભય અને ઉપઘાતને ક્ષપક શ્રેણિએ અપૂર્વકરણે પોતપોતાના બંધોચ્છેદને સમયે મંદ રસે બાંધે અતિવિશુદ્ધિએ.

અનિઅટ્ટી પુરિસ સંજલણે. ૭૦—અનિવૃત્તિ ગુણઠાણાવાળો ક્ષપક પુરુષવેદ અને સંજ્વલન કષાયને પોતપોતાના બંધોચ્છેદ સમયે મંદરસે બાંધે. અતિવિશુદ્ધિએ

વિગ્ઘાવરણે સુહુમો,—૫ અંતરાય, ૫ જ્ઞાનાવરણ ૪ દર્શનાવરણ એ ૧૪ પ્રકૃતિને સૂક્ષ્મ સંપરાયી ક્ષપક અંત્ય સમયે મંદ રસે બાંધે અતિવિશુદ્ધિએ

મણુ તિરિઆ સુહુમ વિગલતિગ આઉ. વેઉવ્વિછક્ક—સૂક્ષ્મત્રિક વિકલત્રિક ૪ આયુ વૈક્રિય ષટ્ક (દેવ[illegible] [illegible] વૈક્રિય-દ્વિક) ને, મનુષ્ય અને તિર્યંચ [illegible] [illegible] વિકલત્રિક [illegible] તદ્યોગ્ય વિશુ[illegible] [illegible] સંકલેશે

રસબંધ ક્ષપક, સૂક્ષ્મ સંપરાયના અંત્યે, મૂળકર્મ મોહનીય અને સંજ્વલન. ૪ અનિવૃત્તિના ૨-૩-૪-૫ મા ભાગે, ભય કુચ્છા અપૂર્વકરણના અંત્યે, ઉપઘાત અને અશુભવર્ણાદિ ૪ અપૂર્વકરણના ૬ઠા ભાગે; નિદ્રા પ્રચલાનો પહેલા ભાગે કરે. પ્રત્યાખ્યાનીયનો દેશવિરતિએ, અપ્રત્યાખ્યાનીયનો અવિરતિએ, થીણદ્ધિત્રિક અને તાનુબંધી ૪ અને મિથ્યાત્વનો મિથ્યાત્વ ગુણઠાણાના અંત્યે જઘન્ય રસબંધ બાંધવા માંડે ત્યારે સાદિ અને તેનો અબંધક થાય ત્યારે અધ્રુવ. એ સર્વ પ્રકૃતિનો અજઘન્ય બંધ તો ઉપશમ શ્રેણિથી પડતો અથવા બંધ વિચ્છેદથી પડતો બાંધવા માંડે ત્યારે સાદિ. એ ઉપરનાં ગુણઠાણાં નથી પામ્યો તેને અનાદિ. અભવ્યને ધ્રુવ અને ભવ્યને ઉપરનાં ગુણઠાણે ચઢીને તે પ્રકૃતિનો બંધ વિચ્છેદ કરશે તે માટે અધ્રુવ. એ ધ્રુવબંધી પાપ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટ રસ બંધ મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો એ બંને બંધને પરાવર્તે કરે. જ્યારે તે બંધ બાંધવા માંડે ત્યારે સાદિ અને બાંધી રહ્યા પછી અધ્રુવ. મૂળ ગોત્ર કર્મને અંતર્ગત નીચ ગોત્રનો જઘન્ય રસ બંધ સાતમી નારકીનો જીવ સમ્યકત્વ પામતાં મિથ્યાત્વના ચરમ સમયે કરે. તે બાંધવા માંડે ત્યારે સાદિ અને સમ્યકત્વ પામે ત્યારે અધ્રુવ. તે જ જીવ સમ્યકત્વથી પડતો નીચગોત્રનો અજઘન્ય બંધ બાંધવા માંડે ત્યારે સાદિ. એ ગુણઠાણું નથી પામ્યો તેને અનાદિ. અભવ્યને ધ્રુવ અને ભવ્યને નીચગોત્રનો અધ્રુવ. એનો ઉત્કૃષ્ટ બંધ ઉંચગોત્રને આશ્રયીને ક્ષપક સૂક્ષ્મસંપરાયના અંત્યે બાંધવા માંડે ત્યારે સાદિ અને ક્ષીણ મોહે જાય ત્યારે અધ્રુવ. ઉંચગોત્રનો અનુત્કૃષ્ટ બંધ ઉપશાંત મોહથી પડતા સૂક્ષ્મ સંપરાયે બાંધવા માંડે ત્યારે સાદિ, એ ગુણઠાણું

નથી પામ્યા તેને અનાદિ. અભવ્યને નીચગોત્રને આશ્રયી ધ્રુવ અને ભવ્યને અધ્રુવ. શેષ અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિ અને મૂળકર્મમાં આયુનો જઘન્ય અજઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ચારે પ્રકારનો રસબંધ તે સાદિ અને અધ્રુવ એ બે ભેદે જ હોય. અધ્રુવબંધી અને પરાવર્તમાન છે માટે

૬ મૂળકર્મમાં એકેકના ૧૦ એટલે ૬૦ ભાગા, ગોત્રના ૧૨ અને આયુના ૮ મળીને મૂળકર્મના ૮૦ ભાગા. ૪૭ ધ્રુવબંધી એકેકીના ૧૦ એટલે ૪૭૦ ભાંગા અને અધ્રુવબંધી ૭૩ના એકેકીના ૮ એટલે ૫૮૪ ભાગા બને મળીને ૧૦૫૪ ભાંગા અને મૂળ પ્રકૃતિના ૮૦ ભાગા ઉમેરતા ૧૧૩૪ રસબંધના ભાગા થાય

૮ પ્રકારની ગ્રહણ યોગ્ય અને અગ્રહણ યોગ્ય વર્ગણાનું સ્વરૂપ

ઇગ દુગ. ણુગાઈ જા અભવણંત ગુણિઆણુ, ખંધા ઉરલોચિઅ વગ્ગણાઉ,—એક બે અણુથી માંડીને યાવત્ અભવ્યથી અનંતગુણા પરમાણુવાળા સ્કંધો ઔદારિકને ગ્રહણ કરવા યોગ્ય (જઘન્ય) વર્ગણાવાળા થાય છે.

તહ અગહણંતરિઆ. ૭૫—તેમજ (એકેક પરમાણુની વૃદ્ધિએ) ગ્રહણ યોગ્ય વર્ગણાના આંતરે અગ્રહણ યોગ્ય વર્ગણા હોય છે

એમેવ વિઉવ્વાહાર,—એ પ્રકારે જ (ઔદારિકની ગ્રહણ યોગ્ય અને અગ્રહણ યોગ્ય વર્ગણાની જેમ વૈક્રિય આહારક.

તેઅ ભાસાણુપાણુ મણુ કમ્મે.—તૈજસ ભાષા શ્વાસોશ્વાસ મન અને કાર્મણ (એમ ૮ વર્ગણા છે)

સુહુમા કમાવગાહો. ઊણૂણં અંગુલ અસંખંસો. ૭૬—એ આઠે વર્ગણા અનુક્રમે સૂક્ષ્મ જાણવી અને તેની અવગાહના

**એગપએસોગાઢં,**—એક (આત્મ પ્રદેશોથી અભિન્ન) આકાશ પ્રદેશોને વિષે અવગાહી રહેલ (કાર્મણ દલિકને)

**નિઅ સવ્વપએસઓ ગહેઇ જિઓ,**—જીવ પોતાના સર્વ આત્મ પ્રદેશોથી ગ્રહણ કરે છે

**થોવો આઉ તદંસો,**—તે (કાર્મણ દલિક)નો ભાગ આયુકર્મને થોડા પરિણમે (ભવમા ૧ વખત અંતર્મુહૂર્ત સુધી બંધાય છે તેથી થોડા કાળમાં આયુનાં ઘણાં દલિક મેળવવાં પડે તેમજ તેની સ્થિતિ સર્વથી ઓછી છે.)

**નામે ગોએ સમો અહિઓ. ૭૯**—નામ અને ગોત્રને વિષે માંહોમાંહે સરખો અને આયુ કર્મથી અધિક.

**વિગ્ઘાવરણે મોહે,**—અંતરાય જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયને વિષે અધિક તેથી (ચારિત્ર અને દર્શન) મોહનીયને વિષે અધિક

**સવ્વોવરિ વેઅણીઇ**—સર્વથી અધિક ભાગ વેદનીય કર્મને વિષે પરિણમે.

**જેણપ્પે, તસ્સ ફુડત્તં ન હવઇ,**—જે માટે થોડાં દલિક છતે તે વેદનીય કર્મનો સ્ફુટ રીતે અનુભવ ન થાય.

**ઠિઇ વિસેસેણ સેસાણં. ૮૦**—બાકીના (૭ કર્મ)નો સ્થિતિ વિશેષ વડે હીનાધિક ભાગ હોય.

૧ પરમાણુમાં ૧ વર્ણ ૧ ગંધ ૧ રસ અને છેલ્લા ૪ સ્પર્શમાંથી ૨ સ્પર્શ (શીત-સ્નિગ્ધ શીત-રૂક્ષ, ઉષ્ણ-સ્નિગ્ધ ઉષ્ણ-રૂક્ષ) હોય. સ્વક્ષેત્રાવગાઢ કર્મદલ લેવાને ૧ આત્મ પ્રદેશ પ્રવર્તે એટલે સાંકળના આંકડાની માફક જોડાએલા બીજા સર્વ પ્રદેશો અનંતર પરંપરાએ તે દળ લેવાને પ્રવર્તે, જેમ કોઈક વસ્તુ

લેવાને આગળી પ્રવર્તે એટલે કરતલ મણિબંધ કોણિ ભૂજા ખભો એ સર્વ અનંતર પરંપરાએ બળ કરે અષ્ટવિધ બંધકને કર્મ દલિકના ૮ ભાગ, સપ્તવિધ બંધકને ૭ ભાગ, ષટ્વિધ બંધકને ૬ ભાગ અને એકવિધ કર્મ બાંધનારને ૧ ભાગ થાય. ૭ કર્મ સ્વાદિમ તુલ્ય છે કારણકે સ્વાદિમનાં પુદ્ગલો થોડા છતાં સ્વકાર્ય કરી શકે છે અને વેદનીય કર્મ અશન પાણી અને ખાદિમ તુલ્ય છે કારણકે અશનાદિના ઘણાં પુદ્ગલો હોય ત્યારે તૃપ્તિ લક્ષણ કાર્ય કરી શકે છે.

બંધાતી સર્વઘાતી દેશઘાતી કે અઘાતીને વિષે દરેક સમયે વહેંચાણી

નિઅ જાઈ લદ્ધ દલિઆ. ણંતંસો હોઇસવ્વ ઘાઇણં.—પોતાની ( મૂળ પ્રકૃતિ રૂપ ) જાતિ વડે પ્રાપ્ત કરેલ દલિકનો અનંતમો ભાગ સર્વઘાતિ પ્રકૃતિને મળે છે.

બજ્ઝંતીણ વિભજ્જઇ. સેસં સેસાણ પઇસમયં. ૮૧—બાકી રહેલ દલિક બાકી બંધાતી પ્રકૃતિઓને પ્રતિ સમયે (દરેક સમયે) વહેંચાય છે.

વિવેચન—ઉત્તર પ્રકૃતિમાં કર્મ દલિકના ભાગ પોતપોતાની મૂળ પ્રકૃતિરૂપ જાતિ વડે પ્રાપ્ત થયેલ જે દલિક તેનો અનંતમો ભાગ સર્વઘાતિરસયુક્ત સર્વઘાતી પ્રકૃતિને ભાગે આવે. જ્ઞાનાવરણીયના અનંતમો ભાગ કેવળ જ્ઞાનાવરણીયને ભાગે આવે દર્શનાવરણીયનો અનંતમો ભાગ કેવળદર્શનાવરણીય અને નિદ્રાપંચકને ભાગે આવે. મોહનીયને અનંતમો ભાગ મિથ્યાત્વ અને બાર કષાયને ભાગે આવે. સર્વ પુદ્ગલ માંહે અનંતમો ભાગ જ સર્વઘાતિ રસયુક્ત હોય અને શેષનો અનુક્રમે હીન હીનતર રસવંત હોય. તે અનંત ભાગ રહી શેષ અશેષાગ-દલિક રહ્યાં તે દેશઘાતી

અઘાતી પ્રકૃતિ રહી તે જેટલી તે સમયે બંધાતી હોય તેને વહેંચી આપીએ. પ્રતિ સમયે=સમયે સમયે એમ બંધાય અને ભાગે વહેંચાય, જે સમયે બંધાય તે સમયે જ તે દલિયાના ભાગ વહેંચાય તથા જે જે પ્રકૃતિનો જે જે ગુણઠાણે બંધોચ્છેદ થાય, ત્યારે તેના ભાગનું દ્રવ્ય તેની સજાતીય પ્રકૃતિને આવે. જેમકે—થીણદ્ધિ ત્રિકનું દલિક બે નિદ્રાને, બે નિદ્રાને વિચ્છેદે ૪ દર્શનાવરણને આવે અને જ્યારે તેની સર્વ સજાતીય પ્રકૃતિનો બંધ ઉચ્છેદ થાય ત્યારે તેને ભાગે મળેલું દ્રવ્ય તે તેની મૂલ પ્રકૃતિ માંહેલી વિજાતીય પ્રકૃતિ હોય તેને ભાગે આવે જેમકેઃ–દર્શનાવરણને વિચ્છેદે વેદનીયને તેના ભાગનું દલિક આવે. સર્વ ઉત્તર પ્રકૃતિનો બંધ ઉચ્છેદ થાય ત્યારે તેની મૂલ પ્રકૃતિનો પણ બંધ ઉચ્છેદ થાય, તેથી તે કર્મવર્ગણાનું દલિઉં પ્રથમજ સાત ભાગે અથવા છ ભાગે જ વહેંચાય. એમ સૂક્ષ્મસંપરાય લગે જાણવું. ઉપશાંતમોહાદિકે તો સમગ્ર કર્મનું દલિઉ સાતાવેદનીયપણેજ બંધાય.

### ૧૧ ગુણશ્રેણિમાં દલિક રચના કાળ અને નિર્જરા

**સમ્મ દર સવ્વવિરઈ,**–સમ્યકત્વને લાભે પહેલી (ગુણશ્રેણિ) દેશ વિરતિને લાભે બીજી, સર્વ વિરતિના લાભે ત્રીજી

**અણવિસંજોઅ દંસ ખવગે અ,**–અનંતાનુબંધીની વિસંયોજનાએ ચોથી, દર્શન મોહનીયના ક્ષયે પાંચમી

**મોહ સમ–સંત–ખવગે,**–ચારિત્ર મોહનીયના ઉપશમકને (૯–૧૦મા ગુણઠાણે ઉપશમ શ્રેણિમાં) છટ્ઠી, ઉપશાંત મોહે સાતમી, ક્ષપકને (૯–૧૦મા ગુણઠાણે) આઠમી,

**ખીણ સજોગિઅર ગુણસેઢી.** ૮૨-ક્ષીણ મોહ નવમી, સયોગીએ દશમી અને અયોગીએ અગીયારમી ગુણશ્રેણિ છે

**ગુણસેઢી દલરયણા,-ણુસમયમુદયાદસંખ ગુણણાએ.**-દરેક સમયે ઉદય (સમય)થી માંડીને અસંખ્યાત ગુણાકાર વડે [ ઉપર (સત્તા)ની સ્થિતિમાંથી ઉતારેલ ] દલિકની રચના (ગુણની વૃદ્ધિએ) કરવી તે ગુણશ્રેણિ

**એયગુણા પુણ કમસો, અસંખ ગુણનિજ્જરા જીવા.** ૮૩-એ (પૂર્વોકત) ગુણવાળા જીવો વળી અનુક્રમે અસંખ્યાતગુણી નિર્જરાવાળા હોય.

અહીં દરેક ગુણશ્રેણિનો કાળ અંતર્મુહૂર્ત છે પરંતુ અનુક્રમે દરેક ગુણશ્રેણિમા અસંખ્યાત ગુણ (ઘણાભાગ) હીન અંતર્મુહૂર્ત કહેવુ, પરતુ દલિક રચના અને નિર્જરા અસંખ્યાતગુણી કહેવી

કર્મ પ્રદેશ વેદ્યા વિના નિર્જરા ન થાય. સ્થિતિ અને રસ નો વેદ્યા વિના શુભ અધ્યવસાયે અને તપ સંયમે કરીને નિર્જરે પણ પ્રદેશ સર્વ વેદે ત્યારે જ નિર્જરા થાય. માટે તે વેદવાને અહીં અંતર્મુહૂર્ત ઉપરની સ્થિતિ થકી ઉતારેલ દલિક દરેક સમયે ઉદયની સ્થિતિમા અસંખ્યાતગુણ નાખીને ગુણશ્રેણિ કરે.

ગુણસ્થાન પ્રાપ્તિનું જઘન્ય ઉત્કૃષ્ટ અંતર

**પલિઆ-સંખંસ મુહુ, સાસણ ઇઅરગુણ અંતરં હસ્સં,**-સાસ્વાદન અને બીજા (૧૦) ગુણઠાણાનું જઘન્ય અંતર અનુક્રમે પલ્યોપમનો અસંખ્યાતનો ભાગ અને અંતર્મુહૂર્ત છે

**ગુરૂ મિચ્છિ બે છસટ્ઠી**-મિથ્યાત્વને વિષે ઉત્કૃષ્ટ અંતર બે ૬૬ (૧૩૨) સાગરોપમ છે

દ્વિચરગુણે પુગ્ગલદ્ધંતો. ૮૪—અને બાકીનાં ૧૦ ગુણુઠાણુાંને વિષે કાંઇક ઓછું અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત છે.

**વિવેચન** :—હવે ગુણુઠાણુાનો જઘન્ય ઉત્કૃષ્ટ અંતરકાળ કહે છે સાસ્વાદન ગુણુઠાણુાને જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અંતર હોય, તે આ પ્રમાણે-જે અનાદિ મિથ્યાત્વી હોય અથવા સમ્યકત્વ અને મિશ્ર પુંજ ઉવેલ્યે જે ૨૬ ની સત્તાવાળો મિથ્યાત્વી હોય તે અંતરકરણાદિકે ઔપશમિક સમ્યકત્વ પામીને ત્યાંથી અનતાનુબંધીને ઉદયે પડતો સાસ્વાદનપણું પામીને મિથ્યાત્વે ગયો થકો ફરીને સાસ્વાદનપણું પામે, તો જઘન્યથી પણ પલ્યો- પમના અસંખ્યાતમા ભાગ ઉપરાંતે જ પામે પણ તેથી અગાઉ ન પામે. તે આ પ્રમાણે—સાસ્વાદન થકી મિથ્યાત્વે ગયેલાને પહેલા સમય થકી જ સમ્યકત્વ પુંજ મિશ્રપુંજ સત્તાએ અવશ્ય હોય જ અને તે સત્તાએ છતે ઔપશમિક સમ્યકત્વ ન આવે અને તે ઔપશમિક સમ્યકત્વ વિના સાસ્વાદનપણું સર્વથા ન હોય જ, તે માટે મિથ્યાત્વે ગયો થકો પ્રતિસમયે સમ્યકત્વ મિશ્રના પુંજ ઉવેલે અને તેનાં દળિયાં મિથ્યાત્વ માંહે નાખે, એમ સમયે સમયે ઉવેલતો થકો પલ્યોપમને અસંખ્યાતમે ભાગે સર્વ દલિયા ઉવેલી રહે—સમ્યકત્વ મિશ્રની સત્તા રહિત થાય, તે વાર પછી બીજીવાર ઔપશમિક સમ્યકત્વ પામીને સાસ્વાદને આવે ત્યારે જઘન્ય થકી એટલો કાળ થાય, તથા અનેરા ૧૦ ગુણુઠાણુાનો અંતર કાળ જઘન્યથી અંતર્મુહૂર્તનો હોય, તે આ પ્રમાણે—કોઇક ઉપશમશ્રેણિએ ચઢીને ત્યાંથી પડતો સર્વ ગુણુઠાણુા ફરસતો મિથ્યાત્વે આવીને અંતર્મુહૂર્તેજ ફરી શ્રેણી માંડીને પાછો ચઢતો સાસ્વાદન મિશ્રવર્જીને શેષ સર્વ ગુણુઠાણુાં ફરસે ( સ્પર્શે ) ત્યારે

અંતમુહૂર્ત્તનું જઘન્ય અંતર થાય. ઉપશમશ્રેણિ થકી પડીને ચઢતાને સાસ્વાદન અને મિશ્ર હોય નહીં તે માટે ના કહી અને ઉપરનાં ૩ ગુણઠાણાંને તો પડવાનો અભાવ છે માટે અંતર નથી અને મિશ્રને તો સહજે જ મિથ્યાત્વ થકી મિશ્ર સમ્યકત્વ પામતાં તથા સમ્યકત્વથી પડતાં મિશ્રપણું આવે, ત્યારે જઘન્યથી અંતર્મુહૂર્તનો અંતર પડે. મિથ્યાત્વ ગુણઠાણાને ઉત્કૃષ્ટ અંતર બે છાસઠ એટલે એકસો બત્રીશ (૧૩૨) સાગરોપમનું હોય, તે આ પ્રમાણે—કોઈક જીવ સમ્યકત્વ પામ્યો થકો ઉત્કૃષ્ટપણે ૬૬ સાગરોપમ ક્ષાયોપશમિક સમ્યકત્વપણે રહીને એક અંતર્મુહૂર્ત્ત લગે મિશ્રપણું અનુભવીને ફરી સમ્યકત્વ પામીને ૬૬ સાગરોપમ લગે સમ્યકત્વ કાળ પાળીને તે ઉપરાંત જો ન સીઝે તો તે નિશ્ચયે મિથ્યાત્વે જાય એટલે ૧૩૨ સાગરોપમનુ મિથ્યાત્વને ઉત્કૃષ્ટ અંતર પડે અને બાકીના ૧૦ ગુણઠાણાંને ઉત્કૃષ્ટો અંતરકાળ કાંઈક ઉણો અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત હોય, તે આ પ્રમાણે—સાસ્વાદન આદિ લઈને ઉપશાન્તમોહ લગે ૧૦ ગુણઠાણાવાળા જીવ ત્યાંથી પડ્યા થકા મિથ્યાત્વ પામીને કાંઈક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત સંસારમાંહે ભમીને પછી તે ગુણઠાણા અવશ્ય સ્પર્શીને મોક્ષે જાય જ, તે ઉપરાંત સંસારમાં ન રહે.

૩ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ.

ઉદ્ધાર અદ્ધ ખિત્તં, પલિઅ તિહા—ઉદ્ધાર અદ્ધ, અને ક્ષેત્ર એમ ૩ પ્રકારે પલ્યોપમ છે

સમય વાસસય સમએ કેસવહારો—તેમાં અનુક્રમે સમયે અને સો વર્ષે વાલાગ્રનું અપહરણ કરીએ અને ક્ષેત્રમાં સમયે આકાશ પ્રદેશનું અપહરણ કરીએ

દીવો, દહિ આઉ તસાઈ પરિમાણું. ૮૫—તે વડે અનુક્રમે દ્વીપ સમુદ્ર, આયુષ્ય (કર્મસ્થિતિ કાયસ્થિતિ પુદ્ગલ સ્થિતિ) અને ત્રસાદિ જીવોનું પરિમાણ (ગણતરી) થાય છે.

**વિવેચન**—એ ત્રણ પલ્યોપમનાં બાદર અને સૂક્ષ્મ એ ૬ ભેદ હોય. અનંત સૂક્ષ્મ પરમાણુએ૧ બાદર પરમાણુ ૮ બાદર પરમાણુએ એક ત્રસ રેણુ થાય. આઠ ત્રસ રેણુએ ૧ રથરેણુ થાય. આઠ રથરેણુએ ૧ વાલાગ્ર થાય. તે આઠ વાલાગ્રે ૧ લિક્ષા થાય. આઠ લિક્ષાએ ૧ યુકા, આઠ યુકાએ ૧ યવ અને આઠ યવે ૧ અંગુલ થાય. એ ૨૪ ઉત્સેધાંગુલે ૧ હાથ, ૪ હાથે ૧ ધનુષ, બે હજાર ધનુષે ૧ ગાઉ અને ૪ ગાઉએ એક ઉત્સેધાગુલનું યોજન થાય એવા ૧ યોજનનો લાંબો પહોળો અને ઉંડો પાલો કલ્પીએ. પાલામાં દેવકુરૂ ઉત્તરકુરૂનાં યુગલિયાના માથાના અગુલ પ્રમાણ વાળના ૨૦૯૭૧૫૨ ખંડ થાય એવા ખંડ કરીને ભરીએ. અગ્નિએ બળે નહી, વાયરે ઉડે નહી, પાણી તેને ભેદે નહીં, એમ ઠાંસી ઠાંસીને ભરીએ. તેમાંથી સમયે સમયે એકેક ખંડ કાઢીએ. કાઢતા તે પાલો નિર્લેપ-ઠાલો થાય ત્યારે એક બાદર ઉદ્ધાર પલ્યોપમ **સંખ્યાતા જ સમયનું** થાય તેવા દશ કોડાકોડી પલ્યોપમે એક બાદર ઉદ્ધાર સાગરોપમ થાય એ બાદર ઉદ્ધાર પલ્યોપમ સાગરોપમ કહેવા માત્ર જ છે પણ કામના નથી. તથા તે વાલાગ્રના એકેકા ખંડના અસત્કલ્પનાએ પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાય જીવનાં શરીર જેવડા **અસંખ્યાતા** ખંડ કલ્પી તે ખંડ સમયે સમયે એકેકો કાઢીએ, કાઢતાં પાલો ખાલી થાય એક સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ **સંખ્યાતી કોડિ વરસનું** થાય તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થ

તેવા અઢી સાગરોપમના જેટલા સમય થાય, તેટલા જંબૂદ્વીપ આદિ દઇને સ્વયંભૂરમણ લગે દ્વીપ સમુદ્ર છે ૨ તથા તે વાલાગ્ર સો સો વરસે એકેકો કાઢીએ, કાઢતાં પાલો ખાલી થાય, ત્યારે એક બાદર અદ્ધા પલ્યોપમ સંખ્યાતી કોડાકોડિ વર્ષ પ્રમાણ થાય. તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક બાદર અદ્ધા સાગરોપમ થાય. એ બાદર પલ્યોપમ સાગરોપમ કહેવા માત્ર જ છે પણ કામના નથી ૩ તથા એકેકા વાલાગ્રના અસંખ્યાત ખંડ કલ્પવા અને તે ખંડ સો સો વરસે એકેકો કાઢતા પાલો ખાલી થાય ત્યારે એક સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અસંખ્યાતી કોડાકોડિ વર્ષ પ્રમાણ થાય તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક અદ્ધા સાગરોપમ થાય એ પલ્યોપમ સાગરોપમે કરીને જીવનાં આઉખા કાયસ્થિતિ, કર્મસ્થિતિ અને પુદ્ગલ સ્થિતિ એ સર્વ માપીએ જેમકે-મનુષ્ય તિર્યંચનું ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું હોય દેવતા, નારકીનું ઉત્કૃષ્ટનું તેત્રીશ સાગરોપમનું હોય ૪. તથા તે પાલાના વાલાગ્રે સ્પર્શ્યાં જે આકાશપ્રદેશ તે સમયે સમયે એકેકો અપહરતા સ્પૃષ્ટ પ્રદેશ સર્વને અપહરે બાદર ક્ષેત્ર પલ્યોપમ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ થાય તેવા દશ કોડાકોડિ પલ્યોપમે બાદર ક્ષેત્ર સાગરોપમ થાય. એ બાદર ક્ષેત્ર પલ્યોપમ સાગરોપમ કામનાં નથી ૫ તથા તે પાલાને વાલાગ્ર ફરસ્યા અને ના ફરસ્યા જે આકાશપ્રદેશને સમયે સમયે એકેકો અપહરતા પાલાના સર્વ પ્રદેશ અપહરાય ત્યારે એક સૂક્ષ્મ ક્ષેત્ર [illegible] તે બાદર થકી અસંખ્યાતગુણું કાળમાન હોય તેવા દશ કોડાકોડિ [illegible] પલ્યોપમે એક સૂક્ષ્મ ક્ષેત્ર સાગરો-[illegible] એ પલ્યોપમ [illegible] દ્રષ્ટિવાદને વિષે [illegible]

તેઉ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ અને ત્રસ એ છ કાયના જીવનું પરિમાણ કહ્યું છે. અહીં સૂક્ષ્મ વાલાગ્રને અંતરે અસ્પૃષ્ટ આકાશ પ્રદેશ કેમ હોય? તત્રોત્તરં-કુષ્માડ (કોળું). ભરેલા મોગાને વિષે તે કુષ્માંડને આતરે ન્હાનાં બીજોરાદિનાં ફળ ઘણાં રહે, તે ફળને આતરે વાલ પ્રમુખના દાણા. તેના આતરે સરસવના દાણા ઘણા રહે. એમ એ દષ્ટાતે વાલાગ્રવકી પણ આકાશપ્રદેશ અતિ સૂક્ષ્મ છે તેથી ઠાસીને ભરેલા વાલાગ્રને આંતરે પણ અસંખ્યાતા આકાશપ્રદેશ અસ્પૃષ્ટ હોય એ છ પ્રકારે પલ્યોપમ સાગરોપમનું સ્વરૂપ શ્રી અનુયોગદ્વાર સૂત્ર થકી કહ્યુ.

## પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ.

**દવ્વે ખિત્તે કાલે, ભાવે ચઉહ**—દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એમ ૪ પ્રકારે પુદ્ગલ પરાવર્ત છે.

**દુહ બાયરો સુહુમો,**—તે ચારે બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકારે (ભેદે) છે

**હોઈ અણંતુસ્સપ્પિણિ, પરિમાણો પુગ્ગલપરટ્ટો. ૮૬**—અનતી ઉત્સર્પિણી (અવસર્પિણી) પ્રમાણ (તે દરેક) પુદ્ગલ પરાવર્ત થાય છે

## દ્રવ્ય પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ.

**ઉરલાઈ સત્તગેણં, એગજિઓ મુઅઈ ફુસિઅ સવ્વઅણુ, જત્તિઅકાલિ**— ઔદારિકાદિ ૭ વર્ગણાના સર્વ પરમાણુને ઔદારિકાદિ સાતપણે સ્પર્શી (પરિણમાવી) ને એક જીવ જેટલા કાળે મૂકે.

**સથુલો, દવ્વે**—તે બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત

સુહુમો સગન્નયરા. ૮૭—અને સાતમાંથી એકેકી વર્ગણાનાં સર્વ પરમાણુને અનુક્રમે સ્પર્શીને એક જીવ જેટલા કાળે મૂકે તે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત

વિવેચન—આહારક શરીર એક ભવમા વધુમાં વધુ બે વાર અને ભવ ચક્રમાં ૪ વાર થાય માટે આહારક વર્ગણા બધી લઈ શકાય નહિ તેથી આહારક વિના ઔદારિકાદિક સાત વર્ગણાઓ કરીને એક જીવ ચૌદ રાજ પ્રમાણ સર્વ લોકના સર્વ પરમાણુઓ ઔદારિક શરીરાદિ સાતપણે પરિણમાવી–તદ્રુપપણે કરીને જેટલે કાળે મૂકે તેટલે કાળે એક દ્રવ્યથકી સ્થૂલ પુદ્ગલ પરાવર્ત્ત થાય ૧ અને તે સાત વર્ગણા માંહેલા એકેકી વર્ગણાપણે સર્વ ચૌદ રાજલોકના પરમાણુઓ પરિણમાવી ફરસીને એક જીવ જેટલે કાળે મૂકે ત્યારે તેટલે કાળે દ્રવ્યથકી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત્ત થાય. એ સૂક્ષ્મ માહે બાદર પુદ્ગલ પરાવર્ત્ત અનંતા વહી જાય એ દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત સાત ભેદે હોય–ઔદારિક ૧, વૈક્રિય ૨, તૈજસ ૩, કાર્મણ ૪, મન ૫, ભાષા ૬ અને ઉચ્છ્વાસ ૭ એ સાતનું અલ્પ બહુત્વ કહીએ છીએ

કાર્મણ અને તૈજસ શરીર સર્વ સંસારી જીવોને હોય છે કાર્મણ વર્ગણાના પુદ્ગલો ચારે ગતિમા લેવાતા હોવાથી અને છેલ્લી વર્ગણા હોવાથી જલ્દી પૂરી કરે છે તેથી તૈજસ વર્ગણાના પુદ્ગલો ચારે ગતિમા લેવાતા હોવાથી અને ચોથી વર્ગણા હોવાથી અનંતગુણો કાળ થાય તેથી ઔદારિક વર્ગણાને મનુષ્ય અને તિર્યંચગતિમા અપર્યાપ્તા [illegible] પૂર્ણ કરે. તેથી તેનો કાળ અનંતગુણો [illegible] પંચેન્દ્રિયને પર્યાપ્તા જીવો ઉચ્છ્વાસ [illegible] [illegible] તેને [illegible] અનંતગુણો [illegible]

વર્ગણાનાં પુદ્દગલો સંજ્ઞી પર્યાપ્તા જીવો છટ્ઠી પર્યાપ્તિ પૂર્ણ કરવાથી સમયે સમયે જાગ્રત કે નિદ્રા અવસ્થામાં ગ્રહણ કરે છે તેથી તે વર્ગણાને પૂરી કરવાનો કાળ અનંતગુણો. તથા ભાષા વર્ગણાનાં પુદ્દગલો તો જ્યારે બોલવાનો અવસર હોય ત્યારે તે પુદ્દગલોને બેઇંદ્રિયાદિ પર્યાપ્તા જીવો લે, માટે તે પુદ્દગલોને પૂરાં થવાનો કાળ અનંતગુણો તેથી વૈક્રિય વર્ગણાનાં પુદ્દગલો તો દેવ નારકીના ભવમા તથા કોઇ વખત મનુષ્ય અને તિર્યંચ વૈક્રિય લબ્ધિવાળા વૈક્રિય શરીર કરે ત્યારે જ લેવાય. તેથી તે વર્ગણાને પૂરો થવાનો કાળ અનંતગુણો.

### ક્ષેત્ર કાળ અને ભાવ પુદ્દગલ પરાવર્તનું સ્વરૂપ

**લોગપએસો સપ્પિણિ, સમયા**—લોકાકાશ (૧૪ રાજલોક) ના પ્રદેશો, ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો.
**અણુભાગબંધઠાણા ય,**—અને રસબંધના અધ્યવસાય સ્થાનો
**જહ તહ કમ મરણેણં, પુટ્ઠા**—જેમ તેમ (આડા અવળાં) અને અનુક્રમે મરણ વડે સ્પર્શ કરાયેલાં હોય.
**ખિત્તાઇ થુલિઅરા. ૮૮**—તો તે ક્ષેત્રાદિ (કાળ ભાવ) બાદર અને સૂક્ષ્મ પુદ્દગલ પરાવર્ત અનુક્રમે થાય.

---

૧ કેટલાએક આચાર્ય દ્રવ્ય પુદ્દગલ પરાવર્તનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવે છે—જ્યારે એક જીવ અનેક ભવ ગ્રહણ કરવા વડે ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર શરીરપણે યથાયોગ્ય સકલ લોકવર્તિ સર્વ પુદ્દગલોને પરિણમાવીને મૂકે છે ત્યારે બાદર દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત થાય છે વળી જ્યારે ઔદારિકાદિ ચાર માહેના કોઇ પણ એક શરીર વડે સર્વ પુદ્દગલોને પરિણમાવીને અનુક્રમે મૂકે છે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્દગલ પરાવર્ત થાય બાદરમાં ફરીથી લીધેલા તથા સૂક્ષ્મમા ફરીથી લીધેલા અને આડા અવળા વચ્ચે વચ્ચે બાકીના શરીર રૂપે પરિણમાવેલા પુદ્દગલોની ગણતરી કરવાની નથી

વિવેચન—ચૌદ રાજલોકના આકાશ પ્રદેશ સર્વ મરણ વેળાએ ફરસે એટલે એક મરણે એક આકાશ પ્રદેશ લેખાય અને પૂર્વે જે આકાશ પ્રદેશે મુઆ હોય તે આકાશ પ્રદેશે ફરી મરે તે લેખામા આવે નહી, એમ કોઇ આકાશ પ્રદેશ મરણે કરી ફરસ્યા વિના ન રહે. ત્યારે ક્ષેત્રથકી બાદર પુદ્ગલ પરાવર્ત થાય ૩ મેરૂ પર્વતના મધ્યે ૮ રૂચક પ્રદેશ છે તે માંહેના એક પ્રદેશે પ્રથમ મરે ત્યાર પછી વળી કોઇક કાળાતરે તે પ્રદેશાની પાસેના બીજે પ્રદેશે મરે તે લેખાય ત્યાર પછી વળી કોઇક કાળાતરે તેને અડકતા (નજીકના) ત્રીજે પ્રદેશે મરે તે લેખાય તેના આળાગા આઘે પાછે પ્રદેશે મરે તે લેખામા નહી. એમ અનુક્રમે મરતાં એક એક પ્રદેશ ફરસતો સમય ચૌદ રાજલોકના આકાશ પ્રદેશ ફરસી રહે ત્યારે ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત થાય ૪ ઉત્સર્પિણી અને અવસર્પિણી બે મળીને વીશ કોડાકોડિ સાગરોપમે એક કાળચક્ર કહીએ તેના સર્વ સમય જીવ મરણ વેળાએ ફરસે એટલે જે સમયે પૂર્વે મુઓ હોય તેજ સમયે ફરી મરે તે લેખાય નહી. અનેરે સમયે મરે તે લેખાય એમ કાળચક્રના સર્વ સમય મરણ વેળાએ ફરસી રહે ત્યારે કાળથકી બાદર પુદ્ગલ પરાવર્ત થાય ૫ તે કાળચક્રને પહેલે સમયે મરે ત્યાર પછી વળી ક્યારેક કાળચક્રને બીજે સમયે મરે તે લેખાય ત્યાર પછી વળી ક્યારેક કાળચક્રને ત્રીજે સમયે મરે તે લેખાય વચ્ચે વચ્ચે આઘે પાછે સમયે મરે તે લેખામા નહી. એમ અનુક્રમે મરતાં કાળચક્રના સર્વ સમય ફરસી રહે ત્યારે કાળથકી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત [illegible]

જીવ અસંખ્યાતગુણા છે. તે થકી તે તેઉકાય જીવની કાયસ્થિતિ અસખ્યાતગુણી છે. તે થકી સંયમનાં સ્થાનક અસંખ્યાત ગુણાં છે. તે થકી રસબંધનાં અધ્યવસાય સ્થાનક તીવ્રમંદાદિ ભેદે અસખ્યાતગુણાં છે તે રસબંધને સ્થાનકે મરતો જીવ કયારેક મંદાધ્યવસાયે મરે, કોઈવારે તીવ્રે અને કોઈ વારે અતિ તીવ્રે, એમ મરતો સર્વ રસબધનાં અધ્યવસાય સ્થાનક ફરસી રહે; ત્યારે ભાવથકી બાદર પુદ્ગલ પરાવર્ત્ત થાય ૭ અને જ્યારે પ્રથમ અતિ મંદ સ્થાનકે વર્ત્તતો મરે, પછી વળી કોઇક કાળાંતરે તેથી ચઢતે બીજે અધ્યવસાય સ્થાનકે વર્ત્તતો મરે, વચમાં આઘે પાછે સ્થાનકે મરે તે લેખામાં નહીં, એમ અનુક્રમે રસબંધને અધ્યવસાય સ્થાનકે મરતો સર્વસ્થાનક ફરસી રહે ત્યારે ભાવથકી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત્ત થાય ૮. તથા પ્રકારાંતરે વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, અગુરૂ લઘુ ૧ અને ગુરૂલઘુ ૧, એ બાવીશ ભેદે કરીને સર્વ લોકના પરમાણુ ફરસીને મૂકે ત્યારે બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત્ત થાય. અને એ ૨૨ માહેથી એકેકાપણે સર્વ પુદ્ગલ ફરસી રહે ત્યારે સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત્ત થાય એમ ૨૨ ભેદે પણ ભાવ સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત્ત થાય.

### ઉત્કૃષ્ટ અને જઘન્ય પ્રદેશબંધનાં કારણો.

**અપ્પયર પયડિબંધી**—(મૂલ અને ઉત્તર પ્રકૃતિમાં) ૧. ઘણ ઓછી પ્રકૃતિ બાંધનાર કારણકે ઓછા ભાગ પડવાથી દરેક પ્રકૃતિને ભાગે દાલક વધારે આવે.

**ઉક્કડજોગી અ સન્નિપજ્જત્તો,**—૨. ઉત્કૃષ્ટ યોગવાળો અને ૩ સંજ્ઞી પર્યાપ્તો જીવ (એ ૩ કારણોથી)

ઉકુણઇ પએસુક્કોસં,—ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે

જહન્નયં તસ્સ વચ્ચાસે. ૮૯—તેના વિપરીતપણે (ઘણી પ્રકૃતિ બાંધતો, મંદયોગી અને અસંજ્ઞી અપર્યાપ્તો જઘન્ય પ્રદેશ બંધ કરે.

ઉત્કૃષ્ટ પ્રદેશ બંધના સ્વામી.

(મિચ્છ અજયચઉ આઉ,—મિથ્યાદષ્ટિ અને અવિરતિ આદિ ૪ ગુણઠાણાવાળા આયુનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે (૮ કર્મ બાંધતો, ઉત્કૃષ્ટ યોગી, સંજ્ઞી પર્યાપ્તો)

બિતિગુણ વિણુ મોહિ સત્ત મિચ્છાઇ.—બીજા ત્રીજા ગુણઠાણા વિના મિથ્યાત્વાદિ ૭ ગુણઠાણાવાળા મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે (૭ કર્મ બાંધતો ઉત્કૃષ્ટ યોગી, સંજ્ઞી પર્યાપ્તો)

છણ્હં સતરસ સુહુમો,—મૂલ ૬ કર્મ અને ઉત્તર ૧૭ પ્રકૃતિ (૫ જ્ઞાનાવરણ ૪ દર્શનાવરણ ૫ અંતરાય શાતા યશ અને ઉચ્ચ) નો સૂક્ષ્મ સંપરાયી (ઉત્કૃષ્ટ યોગી સંજ્ઞી પર્યાપ્તો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે)

અજયા દેસે બિતિ કસાએ. ૯૦—અવિરત બીજા (અપ્રત્યાખ્યાનીય) કષાયનો (૭ કર્મ બાંધતો, મોહનીયની ૧૭ પ્રકૃતિ બાંધતો) દેશ વિરતિ ત્રીજા (પ્રત્યાખ્યાનીય) કષાયનો (૭ કર્મ બાંધતો મોહનીયની ૧૩ પ્રકૃતિ બાંધતો, ઉત્કૃષ્ટ યોગી, સંજ્ઞી પર્યાપ્તો) ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે

પણ અનિઅટ્ટિ—અનિવૃત્તિ બાદર સંપરાયી પાંચ (પુરુષવેદ સંજ્વલન ૪) નો (૭ કર્મ બાંધતો, મોહનીયની ૫, ૪, ૩, ૨, ૧, બાંધતો, ઉત્કૃષ્ટ યોગી, સંજ્ઞી પર્યાપ્તો) ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે

**સુખગઇ, નરાઉ સુર સુભગતિગ વિઉવ્વિદુગં, સમચઉરંસ અસાયં વઈરં મિચ્છો વ સમ્મો વા. ૯૧,**—શુભ વિહાયોગતિ મનુષ્યાયુ દેવત્રિક સુભગત્રિક વૈક્રિયદ્વિક સમચતુરસ્ર અશાતા અને વજ્ર રૂષભ નારાચને મિથ્યાદષ્ટિ અથવા સમ્યગ્દષ્ટિ ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે (આયુ બાંધે ત્યારે ૮ કર્મ બાંધતો, બાકીની પ્રકૃતિમાં ૭ કર્મ બાંધતો, વેદનીયની એક બાંધતો, દેવ પ્રાયોગ્ય ૨૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ મા વજ્ર રૂષભ નારાચ બાંધતો, ઉત્કૃષ્ટયોગી)

**નિદ્દા પયલા દુજુઅલ, ભય કુચ્છા તિત્થ સમ્મગો,**—નિદ્રા પ્રચલા હાસ્યાદિ ૨ યુગલ ભય જુગુપ્સા જિનનામને સમ્યગ્દષ્ટિ ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે. (૭ કર્મ બાંધતો, દર્શનાવરણ ૬ બાંધતો, મોહનીયની ૯ બાંધતો, ઉત્કૃષ્ટ યોગી પ્રમત્તાદિ મુનિ)

સ્થિતિબંધ સાથે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે એ પ્રમાણે હોવાથી શાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સૂક્ષ્મ સંપરાયે કહ્યો છે. પણ ઉપરના ગુણઠાણે ન કહ્યો.

### જઘન્ય પ્રદેશ બંધના સ્વામી

**સુજઈ, આહારદુગં**—સુયતિ (અપ્રમત્ત અપુર્વ કરણી) આહારકદ્વિકને ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે. (૭ કર્મ બાધતો, નામની દેવ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધતો, ઉત્કૃષ્ટ યોગી)

**સેસા, ઉક્કોસ પએસગા મિચ્છો. ૯૨**—બાકીની ૬૬ પ્રકૃતિ ઉત્કૃષ્ટ પ્રદેશવાળી મિથ્યાદષ્ટિ કરે

થીણદ્વિત્રિક નપુંસકવેદ સ્ત્રીવેદ મિથ્યાત્વ અનંતાનુબંધી ૪ તિર્યંચાયુ નરકાયુ નીચગોત્ર મનુષ્યદ્વિક તિર્યંચદ્વિક નરકદ્વિક જાતિ-૫ ઔદારિકદ્વિક તૈજસ કાર્મણ છેલ્લા ૫ સંઘયણ ૫

સંસ્થાન વર્ણાદિ–૪ અશુભ વિહાયોગતિ, ૭ પ્રત્યેકની (જિન નામ વિના) ત્રસાદિ–૯ સ્થાવરાદિ ૧૦ એ ૬૬ પ્રકૃતિમાં આયુ બાંધે ત્યારે મૂલ કર્મ ૮ અને આયુની ઉત્તર પ્રકૃતિ ૧ બાંધનો, બાકીની ૬૪ પ્રકૃતિ બાધતાં મૂલ કર્મ ૭ બાધતા, દર્શનાવરણીયની ૯ બાધતાં, મોહનીયની ૨૨ બાધતાં, ગોત્રની ૧ બાંધતાં, નામકર્મની અપર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય ૨૩ બાધતા બાદર પ્રત્યેક સહિત ૨૫ પ્રકૃતિનો. પર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધે પરાઘાત ઉચ્છ્વાસ સ્થિર શુભ પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિયાદિ પ્રાયોગ્ય ૨૫ના બંધે બેઇન્દ્રિયાદિ ૪ જાતિ ત્રસ. છેવટ્ઠું ઔદારિક ઉપાંગ મનુષ્યદ્વિક એ પ્રમાણે ૨૫ના બંધે ૧૪ પ્રકૃતિઓ. ૨૬ના બંધે આતપ અને ઉદ્યોત એ ૨ પ્રકૃતિ, ૨૮ના બંધે નરકદ્વિક અશુભ વિહાયોગતિ અને દુઃસ્વર એ ૪ પ્રકૃતિ. ૨૯ના બંધે મધ્યના ૪ સંઘયણ અને ૪ સંસ્થાન. એ પ્રમાણે ૨૫+૧૪+૨+૪+૮=૫૩ નામકર્મની એ પ્રમાણે ૬૬ પ્રકૃતિને ઉત્કૃષ્ટ યોગી મિથ્યાદષ્ટિ સંજ્ઞી પર્યાપ્તો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે

## જઘન્ય પ્રદેશબંધના સ્વામી

સુસુખગ દુગિ—અપ્રમત્ત યતિ આહારક દ્વિકને જઘન્ય પ્રદેશ બંધવાળો કરે ૮ કર્મ બાધતો, નામકર્મની ૩૧ પ્રકૃતિ બાધતો. સયોગી

અસન્ની. નિરયતિગ સુરાઉ—અસન્નીપર્યાપ્તો નરકદ્વિક અને દેવાયુને જઘન્ય પ્રદેશ બંધવાળો કરે ૧ થી ૪ સમય સુધી ૮ કર્મ બાંધતો નામ કર્મની ૨૮ પ્રકૃતિ બાંધતો પરાવર્તમાન (મધ્ય) યોગી

**સુરવિઉવ્વિહગં, સમ્મો જિણં જહન્નં**—દેવદ્વિક વૈક્રિયદ્વિક અને જિન નામને સમ્યગ્દૃષ્ટિ જઘન્ય પ્રદેશ બંધવાળી કરે ઉત્પત્તિના પ્રથમ સમયે ૭ કર્મ બાંધતો, દેવપ્રાયોગ્ય ૨૯ બાંધતો, મંદયોગી મનુષ્ય

**સુહુમ નિગોઆઇખણિ સેસા. ૯૩**—બાકીની ૧૦૭ પ્રકૃતિને સૂક્ષ્મ નિગોદ (અપર્યાપ્ત) ઉત્પત્તિના પહેલા સમયે જઘન્ય પ્રદેશ બંધવાળી કરે અને બે આયુને ૮ કર્મ બાંધતો, આયુની ૧ બાંધતો, ભવને ત્રીજે ભાગે સૂક્ષ્મ નિગોદ જઘન્ય પ્રદેશ બંધવાળી ૧ થી ૪ સમય સુધી કરે

જઘન્ય પ્રદેશબંધમાં ઘણી પ્રકૃતિ બાંધતો એટલે ૧૦૭ પ્રકૃતિમાં ૭ કર્મ બાંધતો, જ્ઞાનાવરણીય ૫ દર્શનાવરણીય ૯ વેદનીયની ૧ સમયે ૧ પ્રકૃતિ બાંધતો, મોહનીયની ૨૨ પ્રકૃતિ, ગોત્રની ૧ અંતરાયની ૫ બાંધતો, નામકર્મની ૫૮ પ્રકૃતિમાંથી વિકલેંદ્રિય પ્રાયોગ્ય ૩૦ તથા તેઇંદ્રિય ચઉરિંદ્રિય જાતિ. કુલ ૩૨ પ્રકૃતિ., તિર્યંચ ગતિ પ્રાયોગ્ય ૩૦ બાંધતાં ૫ સંઘયણ ૫ સંસ્થાન સ્થિર ષટ્ક શુભ વિહાયોગતિ પંચેંદ્રિય જાતિ એ ૧૮ પ્રકૃતિઓ કુલ ૫૦ પ્રકૃતિ, ૨૯ના બંધે મનુષ્યદ્વિક, ૨૬ ના બંધે એકેંદ્રિય સ્થાવર અને આતપ એ ૩ પ્રકૃતિ ૨૫ ના બધે સૂક્ષ્મ સાધારણ અને અપર્યાપ્ત એ ૩ એ પ્રમાણે ૫૦+૨+૩+૩=૫૮ પ્રકૃતિને મંદયોગી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તો ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય પ્રદેશ બંધ કરે.

મૂળ અને ઉત્તર પ્રકૃતિને વિષે પ્રદેશ બંધના ભાગા.

**દંસણછગ ભય કુચ્છા,**—દર્શનાવરણ-૬ (થીણદ્ધિત્રિક વિના) ભય જુગુપ્સા.

## ઉત્કૃષ્ટ અને જઘન્ય પ્રદેશ બંધના સ્વામી ગાથા ૯૦ થી ૯૩

| જ્ઞા. | દ. | વે | મો. | આ. | ના | ગો. | અં. | સ્વામી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૧ | — | — | ૧ | ૧ | ૫ | સૂક્ષ્મ સંપરાયી ૬ કર્મ બાંધતા |
| — | — | — | ૪ | — | — | — | — | અવિરતિ ૭ કર્મ-મોહનીયની ૧૭ , |
| — | — | — | ૪ | — | — | — | — | દેશવિરતિ ,, ,, ૧૩ , |
| — | — | — | ૫ | — | — | — | — | અનિવૃત્તિ , ,, ૧-૨-૩-૪-૫ , |
| — | — | ૧ | — | ૨ | ૧૦ | — | — | મિથ્યાત્વી ૬ સમ્યકત્વી વેદનીય ૧ આયુ ૨ નામની દેવપ્રાયોગ્ય ૨૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધતા |
| — | ૨ | — | ૬ | — | ૧ | — | | સમ્યકત્વી ૭ કર્મ-દર્શના૦ ૨ મોહનીયની ૬ દેવપ્રાયોગ્ય ૨૯ મનુષ્યપ્રાયોગ્ય ૩૦ બાંધતા જિનનામને |
| — | — | — | — | — | ૨ | — | — | સુગતિ દેવ પ્રાયોગ્ય ૩૦ બાંધતા |
| — | [illegible] | — | [illegible] | ૨ | ૫[illegible] | ૧ | — | મિથ્યાત્વી ઉત્કૃષ્ટ યોગી |

થીણદ્ધિત્રિક-નપુંસક સ્ત્રીવેદ મિથ્યાત્વ અનંતાનુબંધી-૪ તિર્યંચાયુ નરકાયુ નીચગોત્ર મનુષ્યદ્વિક તિર્યંચદ્વિક નરકદ્વિક જાતિ ૫ [illegible] સંઘયણ-૫ [illegible] [illegible] [illegible] જિનનામ [illegible]

જઘન્ય પ્રદેશ બંધના [illegible]

[illegible]

**બિતિ તુરિય કસાય વિગ્ઘનાણાણં**—બીજા ત્રીજા ચોથા કષાય (૪, ૪, ૪) ૫ અંતરાય ૫ જ્ઞાનાવરણીયનો (કુલ-૩૦ પ્રકૃતિનો અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ ૪ પ્રકારે.)
**મૂલછગેણુક્કોસો, ચઉહ**—(મોહનીય આયુ વર્જીને) ૬ મૂલ કર્મનો અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ ૪ પ્રકારે.
**દુહા સેસિ સવ્વત્થ. ૯૪**—બાકીના ૩ પ્રદેશ બંધને વિષે અને બાકીની ૯૦ પ્રકૃતિના સર્વ પ્રકારના બંધને વિષે ૨ પ્રકારે (સાદિ અધ્રુવ ભાંગે) હોય.

**વિવેચન**—જ્યાં સર્વ થકી ઘણા કર્મસ્કંધ ગ્રહે તે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કહીએ. ત્યાંથી ઉતરતા યાવત્ સર્વથી થોડા ગ્રહે ત્યાં લગે તે સર્વ અનુત્કૃષ્ટ કહીએ; એ બે પ્રકાર માંહે સર્વ પ્રદેશ બંધ આવ્યા. તથા જ્યાં સર્વથી થોડા પ્રદેશ બંધાય તે જઘન્ય પ્રદેશ બંધ અને ત્યાંથી અનુક્રમે ચઢતાં યાવત્ સર્વથી ઘણા કર્મસ્કંધ બાંધે ત્યાં લગે સર્વ અજઘન્ય કહીએ; એ બે પ્રકાર માંહે પણ સર્વ પ્રદેશ બંધ આવ્યા. ત્યાં ૫ જ્ઞાના૦ ૫ અંતરાય ચાર દર્શનાવરણીયનો ક્ષપક અને ઉપશામક સૂક્ષ્મ સંપરાયે ઉત્કૃષ્ટ યોગવંત એક અથવા બે સમય લગે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે, ઉત્કૃષ્ટ યોગની સ્થિતિ એટલી જ છે તે માટે, એમ ઉત્કૃષ્ટ પ્રદેશ-બંધ કરીને ઉપશાન્તાવસ્થાએ અબંધક થઇને પડતો અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે તે અનુત્કૃષ્ટ બંધ સાદિ ૧. એ અવસ્થા નથી પામ્યા તેને અનાદિ, અભવ્યને ધ્રુવ ૩. ભવ્યને અધ્રુવ ૪. તથા નિદ્રા, પ્રચલા, ભય અને કુચ્છા એ ચારનો તો અવિરતાદિકથી અપૂર્વકરણ લગેના ઉત્કટયોગી સપ્તવિધ બંધ કાળે એક અથવા બે સમયલગે ઉત્કૃષ્ટ યોગ થકી અથવા બંધોચ્છેદ થકી પડીને

અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે ત્યારે તે સાદિ ૧. એ અવસ્થા નથી પામ્યા તેને અનાદિ, ૨ ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪. તથા અપ્રત્યાખ્યાનીય ૪ કષાયનો તો અવિરત સમ્યગ્દૃષ્ટિ ઉત્કટ યોગી સપ્તવિધ બંધક ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. ત્યાંથી પડતો અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે તે સાદિ ૧ તે ઉત્કૃષ્ટપણું નથી પામ્યા તેને અનાદિ ૨ ધ્રુવ, અધ્રુવ પૂર્વવત્ ૪. એમ પ્રત્યાખ્યાનીય ૪ કષાયનો દેશવિરતિએ કહેવો. સંજ્વલન ૪ કષાયનો અનિવૃત્તિ બાદરે પોતપોતાના બંધોચ્છેદ અગાઉ એક અથવા બે સમય પર્યંત ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે, તે જ્યારે બંધોચ્છેદ થકી અથવા ઉત્કૃષ્ટ બંધ થકી પડતો અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે તે સાદિ ૧. એ સ્થાનક પૂર્વે નથી જ પામ્યા તેને અનાદિ ૨. ધ્રુવ, અધ્રુવ પૂર્વવત્ ૪. એ ૩૦ ઉત્તર પ્રકૃતિનો અનુત્કૃષ્ટ બંધ ચારે ભેદે કહ્યો હવે " दुहा सेसतिग " શેષ જઘન્ય, અજઘન્ય અને ઉત્કૃષ્ટ એ ત્રણ બંધને વિષે સાદિ, અધ્રુવ એ બે ભેદ હોય, ત્યાં એ ૩૦ પ્રકૃતિનો પૂર્વે ઉત્કૃષ્ટ બંધ કહ્યા તે પ્રથમજ બાંધવા માટે તે માટે સાદિ ૧ અને પછી અબંધક થાય તથા અનુત્કૃષ્ટ બંધક થાય તે માટે અધ્રુવ ૨. હવે એ ૩૦ નો જઘન્ય પ્રદેશબંધ સૂક્ષ્મનિગોદિયા અપર્યાપ્તા સર્વ થકી મંદ વીર્યવાળાને ભવને પહેલે સમયજ પામીએ તે દ્વિતીયાદિક સમયે અજઘન્ય પ્રદેશ બંધ કરે વળી સંખ્યાતે કાળે જઘન્ય યોગ પામીને જઘન્ય પ્રદેશબંધ કરે વળી અજઘન્ય કરે, એમ એ બેને પરાવર્તે સાદિ અધ્રુવ એ બે ભાંગા હોય. હવે શેષ ૯૦ નો ચારે પ્રકારનો પ્રદેશ બંધ તે સાદિ અધ્રુવ એ બે હોય ત્યાં થીણદ્ધિ ત્રિક ૩, મિથ્યાત્વ ૧, અનંતાનુબંધી ૪. એ આઠનો મિથ્યાત્વી ઉત્કટ યોગી સમ્યગ્દૃષ્ટિ ઉત્કૃષ્ટ

એક અથવા બે સમય લગે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે, પછી તે ઉત્કૃષ્ટ યોગ થકી પડતો અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે વળી ઉત્કૃષ્ટ કરે એમ એ બેના સાદિ અધ્રુવ એ બે ભાંગા ઉપજે અને એ આઠ પ્રકૃતિનો જઘન્યબંધ તો સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તો સર્વથી જઘન્ય વીર્યવંત ભવને પ્રથમ સમયે વર્ત્તતો કરે, તે પછી દ્વિતીયાદિક સમયે અજઘન્ય બંધ કરે, કાળાંતરે વળી જઘન્ય કરે, એમ એ બે બંધ સાદિ અને અધ્રુવ હોય. એમ વર્ણચતુષ્ક ૪, તૈજસ ૫, કાર્મણ ૬, ઉપઘાત ૭, નિર્માણ ૮ અને અગુરૂલઘુ ૯, એ નવ પ્રકૃતિનો ચારે પ્રકારનો બંધ તે સાદિ, અધ્રુવ બે ભેદે કહેવો પણ એનો ઉત્કૃષ્ટબંધ તે મિથ્યાત્વી ઉત્કૃષ્ટ યોગી સપ્તવિધ બંધક નામની ૨૩ નો બંધક કરે. શેષ પૂર્વવત્ તથા અધ્રુવબંધી ૭૩ નો ચારે પ્રકારનો બંધ તે તો અધ્રુવબંધી છે માટે સાદિ, અધ્રુવ એ બે ભેદેજ હોય.

હવે મૂળ પ્રકૃતિના ભાંગા કહે છે–**मूलछगे त्ति**–મોહનીય અને આયુવર્જી શેષ ૬ મૂળ પ્રકૃતિનો અનુત્કૃષ્ટબંધ ચાર ભેદે હોય, તે આ પ્રમાણે–એ છનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ક્ષપક અથવા ઉપશામક સૂક્ષ્મસંપરાયે ઉત્કટયોગી એક અથવા બે સમય લગે કરે પછી ઉપશાન્તમોહે અબંધક થઈને પડતો જ્યારે અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે ત્યારે તે સાદિ ૧, પૂર્વે એ સ્થાનક પામ્યા નથી તેને અનાદિ ૨; ધ્રુવ, અધ્રુવ પૂર્વવત્ ૪. અને શેષ ૩ બંધ બે ભાં હોય. ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સૂક્ષ્મ સંપરાયે કહ્યો તે માટે સાદિ ૧, ત્યાર પછી ઉપશાન્તમોહે છેદ કરે તથા પડતો અનુત્કૃષ્ટ કરે તે માટે અધ્રુવ ૨. એ ૬ નો જઘન્ય પ્રદેશબંધ તો સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તો સર્વથી મંદ વીર્યવંત ભવને આદ્ય સમયે કરે, તેથ

દ્વિતીયાદિક સમયે અજઘન્ય પ્રદેશબંધ કરે, વળી કાળાન્તરે જઘન્ય કરે, તે માટે એ બેને આદિ અધ્રુવ એ બે ભાંગા હોય, હવે મોહા-નુના ચારે પ્રકારના પ્રદેશબંધને વિષે બે ભેદ હોય. ત્યાં મિથ્યાત્વી અથવા સમ્યક્ત્વી અનિવૃત્તિ બાદરના અંતલગે સપ્તવિધબંધ વેળાએ ઉત્કટ યોગી મોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે પછી અનુત્કૃષ્ટ વળી ઉત્કૃષ્ટ, એમ એ બે બંધ સાદિ, અધ્રુવ હોય અને જઘન્ય અજઘન્ય તો સૂક્ષ્મ નિગોદમાંહે પૂર્વની પેરે કહેવા. આયુકર્મ તો અધ્રુવબંધી છે માટે તેના ઉત્કૃષ્ટાદિ ચાર બંધ સાદિ અધ્રુવ હોય.

હવે એના ભાગાની સંખ્યા—મૂળ ૭ પ્રકૃતિના એકેકીના દશ દશ એવં ૭૦ તથા બેના આઠ આઠ એવં ૭૬ અને ઉત્તર ૩૦ પ્રકૃતિના દશ દશ એવં ૩૦૦, અને ૯૦ પ્રકૃતિના આઠ આઠ એવં ૭૨૦, બે મળી ૧૦૨૦, મૂળ પ્રકૃતિના ૭૮ સહિત ૧૦૯૮ પ્રદેશબંધના ભાગા થાય.

યોગ સ્થાનાદિ ૭ બોલનું અલ્પબહુત્વ.

સેઢિ અસંખિજ્જંસો. જોગ ઠાણાણિ-(ઘનીકૃત લોકની) શ્રેણિના અસંખ્યાતમે ભાગે યોગ સ્થાનો છે.

પયડિ ઠિઈ ભેયા.—તેથી પ્રકૃતિના ભેદો. સ્થિતિના ભેદો.

ઠિઈ બંધજ્ઝવસાયા, અણુભાગઠાણા અસંખગુણા. ક્રમ—સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો અને રસબંધના અધ્યવસાય સ્થાનો અનુક્રમે અસંખ્યાત ગુણા છે.

તત્તો કમ્મપએસા. અણંતગુણિઆ તઓ રસચ્છેઆ—તેથી કર્મ (પ્રદેશ)ના પ્રદેશો અનંતગુણા છે તેથી (તેના) રસના અવિભાગ પલિછેદ અનંતગુણા છે

સાસ્વાદનીને વિષે હોય તથા ઉચ્ચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તા, એ ભાંગો મિથ્યાત્વીથી માંડીને દેશવિરતિ લગે પામીએ, તે પછી નીચનો ઉદય નથી તે માટે તથા ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તા, એ ભાંગો મિથ્યાત્વ થકી માંડીને સૂક્ષ્મ સંપરાય લગે પામીયે. તે પછી બંધનો અભાવ હોવાથી ઉચ્ચનો ઉદય અને બેની સત્તા, એ ભાંગો ઉપશાન્તમોહથી માંડીને અયોગી કેવળીના દ્વિચરમ સમય લગે પામીએ. ઉચ્ચનો ઉદય ઉચ્ચની સત્તા એ ભાંગો અયોગી કેવળીને ચરમ સમયે હોય એ સર્વ મળી સાત ભાંગા ગોત્ર કર્મના જાણવા

ગોત્રકર્મના બંધોદય સત્તા સંવેધે ભાંગા-૭

| ભાંગા | બંધ | ઉદય | સત્તા | ગુણઠાણાં | જીવભેદ | ભાગાનો કાળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ની. | ની | ની | ૧ | ૧૪ તેઉ વાયુ અને તેમાંથી તિર્યંચગામાં આવેલા | અસંખ્યાત ( [illegible] |
| ૨ | ની | ની. | . | ૧-૨ | ૧૪ | [illegible] |
| ૩ | ની | ઉ | . | ૧-૨ | ૧ [illegible] પર્યાપ્તો | [illegible] |
| ૪ | ઉ | ની | . | ૧ થી ૫ | [illegible] | [illegible] |
| ૫ | ઉ | ઉ | . | ૧ થી ૧૦ | ૧ [illegible] | [illegible] |
| ૬ | — | ઉ | . | ૧૧ થી ૧૪ | ૧ ,, ,, | [illegible] |
| ૭ | — | ઉ | ઉ | [illegible] | ૧ ,, ,, | [illegible] |

